بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-જુન-૨૦૧૧**

જમાદીઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૬, સળંગ અંક : ૯૦

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | દારુલ ઉલૂમમાં આપવામાં આવતા સદક઼ા વિશે સ્પષ્ટતા | ૦૨ |
| ૦૨ | **શાદીની મોસમ કે ફુઝૂલખર્ચી તથા બેહયાઈઓની મોસમ !** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | શિફા શરીફ | ૧૩ |
| ૦૬ | હ઼દાઈક઼ે બખ્શિશ | ૧૫ |
| ૦૭ | ક઼ાનૂને શરીઅત | ૧૮ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૦૯ | દાઈનો કુર્આન અને સાહિબે કુર્આનથી સંબંધ જરૂરી | ૨૨ |
| ૧૦ | સમયની કિંમત (શ્રેષ્ઠતા) તથા મહત્વ બુઝુર્ગોની.... | ૨૩ |
| ૧૧ | તરંગી મૌલાના વહીદુદ્દીનખાંના સૂફીઓ પરના..... | ૨૮ |
| ૧૨ | સંસ્કારિક અધોગતિના દૌરમાં મુસલમાન......... | ૩૦ |
| ૧૩ | નજાત કેવળ અહલે સુન્નત માટે જ છે ! | ૩૩ |
| ૧૪ | વેપાર (બિઝનેસ)માં બરકત છે | ૩૯ |
| ૧૫ | સદક઼ા ખયરાતની ફઝીલત અને આપણે | ૪૨ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


## મન્ક઼બત
## દરશાને સૈયદ મખ્દૂમ અશ્રફ رحمۃ اللہ علیہ

યે શાન અલગ ઔર યે સુલ્તાન અલગ હે
ઈસ કી અદા અલગ હે અરમાન અલગ હે

દેખો જહાં મેં યૂં તો નગીને હઝાર હૈં
ઈસ ગૌહરે કામિલ કી પહેચાન અલગ હે

સિમના કે તખ્તો તાજ કો જો પલમેં લૂટા દે
દરવેશ કે દરબાર કા ધનવાન અલગ હે

ફૈલે ન કિછોછાસે ક્યૂં હિંદ મેં ખુશ્બૂ
સિમનાન કે સુલ્તાન કા ગુલદાન અલગ હે

પી કર ન બહેકતે ન ભટકતે હૈં દીવાનેં
યે મયકદે મખ્દૂમ કા ફય્ઝાન અલગ હે

**'યૂસુફ'** ક઼ઝાએ ખૌફ ભલા કિસ લિયે કરે
સૈયદ પે મુરીદીન કા ઈમાન અલગ હે

અઝ : યૂસુફ બી. લાખાણી (વરતેજ)

# દારુલ ઉલૂમમાં આપવામાં આવતા સદક઼ા વિશે સ્પષ્ટતા

કાર્યાલય

**સવાલ** : આપ હઝરત પણ જાણતા હશો કે આજકાલ મદ્રસાઓમાં સામાન્યતઃ સદક઼ાનો ગોશ્ત આવ્યા કરે છે. સૈયદ તલબાનું તે ગોશ્ત અથવા એનાથી બનેલુ શાક અથવા પુલાવ વગેરે શરઈ હીલો કર્યા વિના ખાવું કેવું છે ? જો એક ગૈર સૈયદ, સૈયદને એક પ્લેટ ઉઠાવીને આપી દે તો શું આ હીલો પૂરતો છે ? જ્યારે કે તે (આપનારો) ફરીથી એક અધિક પ્લેટ લઈ જાતે પોતે ખાતો હોય છે. જ્યારે કે મદ્રસામાંથી કેવળ એક હિસ્સો મળે છે. જો આ તરીક઼ો દુરુસ્ત નથી તો પછી દુરુસ્ત તરીક઼ો કયો છે ?

**જવાબ** : સદક઼ાના નામ પર મદ્રસાઓમાં જે ગોશ્ત લોકો આપે છે તે મોટાભાગે **"નફ્લી સદક઼ો"** હોય છે. કેમ કે કદી કોઈ બીમારના સાજા થવાની નિય્યતથી, કદી કોઈ મૃત્યુ પામેલાના ઈસાલે સવાબ માટે, કદીક આમ જ જાન માલની હિફાઝત થાય માટે સદક઼ો કરીને આપે છે. અને **આ સર્વ નફ્લી સદક઼ાના સ્વરૂપો છે** અને **નફ્લી સદક઼ો સાદાતે કિરામના માટે શરીઅતની રૂએ મના નથી. (ગરીબ, અમીર, સાદાત સૌ ખાય શકે છે.)** દુર્રે મુખ્તારમાં એ જ પ્રમાણે છે. જેથી જે ગોશ્ત નફ્લી સદક઼ાઓના રૂપે આપવામાં આવે તેને સૈયદ તલબા પણ ખાય શકે છે એમાં શરીઅતની રૂએ કોઈ વાંધો નથી.

હા ! જે ગોશ્ત **વાજિબ સદક઼ા**ના રૂપે જેમ કે **ક઼સમના કફ્ફારા પેટે તથા શરઈ નઝર (મન્નત)** વગેરેના રૂપે હોય (ઉર્ફી નઝર નહીં) તેને માલદાર તલબા તથા બની હાશિમ (સૈયદ) નથી ખાય શકતા. ગૈર સૈયદ તાલિબે ઈલ્મનું ખાણાની પ્લેટ ઉઠાવીને સૈયદને આપી દેવું હીલાએ શરઈ માટે પૂરતુ નથી. કેમ કે હીલાએ શરઈના માટે ફક઼ીર (ગરીબ)ને માલિક બનાવવું જરૂરી છે અને અહીં મુદ્દલે માલિક બનાવવું જ નથી. એટલા માટે કે મદ્રસા વગેરેમાં તલબાને જે ખાવા ખવડાવવામાં આવે છે સામાન્યતઃ તે એબાહતના રૂપે હોય છે (પોતાના માટે જાઈઝ) પણ તલબાને તેના માલિક નથી બનાવવામાં આવતા. તાલિબે ઈલ્મને રસોડામાંથી જે ખાવા આપવામાં આવે છે તે ખૂદ ખાય શકે છે, તેને લઈ જઈને વેચી નથી શકતો. જેથી જ્યારે તે એ ખાણાનો માલિક નથી તો એ શરઈ હીલો પણ ન થયો. **હા ! જો એની સ્પષ્ટતા કરી દેવામાં આવે કે તલબાને જે ખાવા આપવામાં આવે છે તેનો તે માલિક છે,** ચાહે પોતે ખાય કે ખવડાવે જેવું ચાહે તેવું કરે. અથવા **ત્યાંનો ઉર્ફ આમ (રિવાજ) હોય કે** તલબાને જે ખાવા આપવામાં આવે છે તેને તેનો માલિક સમજવામાં આવે છે, ખાવા કોઈ બીજાને આપવામાં કે તેને વેચવામાં કોઈને કોઈ વાંધો નથી હોતો તો આ સંજોગોમાં જો કોઈ તાલિબે ઈલ્મ ખાણુ પોતાના કબજામાં કર્યા પછી કોઈ સૈયદને પોતાના તરફથી પેશ કરે **તો તે સૈયદ માટે તે હદિયો (તોહફો) થશે** અને **એને ખાવામાં કોઈ ખરાબી નથી.**

જો આ પ્રકારના વાજિબ સદક઼ાઓના ગોશ્ત વગેરે થકી તમામ તલબાના ખોરાકની વ્યવસ્થા થતી હોય તો તેની સ્થિતિ એ હોવી જોઈએ કે **એ ગોશ્તનો કોઈ ફક઼ીર (ગરીબ) ગૈર સૈયદ તાલિબે ઈલ્મને માલિક બનાવી દેવામાં આવે** અને **તે તાલિબે ઈલ્મ કબજો પામ્યા બાદ પોતાના તરફથી સર્વ તલબા તથા ઉસ્તાદો વગેરેને ખાવાના માટે ગોશ્તને હદિયો કરી આપે તો** હવે એ ગોશ્તને (કે અન્ય ચીજને) ખાવી **દરેકના માટે જાઈઝ તથા મુબાહ** થઈ જશે. પરંતુ એમાં જેને (માલિક બનાવવા) આપવામાં આવે તેનું શરીઅતના મુજબ ફક઼ીર (ગરીબ) હોવું, ગૈર હાશમી હોવું જરૂરી છે તથા તેને માલિક બનાવવાના રૂપે જ આપવામાં આવે અને એના પર એનો કબજો થવો જરૂરી છે. આલમગીરીમાં એ જ પ્રમાણે છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(અઝ : હઝરત મુફ્તી મેહમૂદ અખ્તર અમજદી–મુંબઈ, બહવાલા : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, ઓકટો. થી ડિસે. ૨૦૦૬માંથી સાભાર)*

# શાદીની મોસમ કે ફુઝૂલખર્ચી તથા બેહયાઈઓની મોસમ !

તંત્રી લેખ.....

"શાદી" કે "લગ્ન" કે "Marriage Ceremony" શબ્દ સામાન્યતઃ બોલવામાં આવે છે તો માનસપટ પર એક ધાંધલ ધમાલવાળુ અનેરૂ ચિત્ર ઉપસી આવે છે કે પુરૂષો, નવયુવાનો, યુવતીઓ તથા સ્ત્રીઓ બની ઠનીને છેલ્લી કક્ષાની ફેશનવાળાં કપડાં અને ખાસ કરીને યુવતીઓ શરીર પ્રદર્શન થાય તેવા ભડકાવનારા પારદર્શક ચુસ્ત પોશાકો પહેરી, વાળોને ખુલ્લા રાખી પોતાની સુંદરતાનુ પ્રદર્શન★ કરવા જાણે સુંદરી હરીફાઈમાં ઉતરી હોય તેમ જાહેરમાં નીકળી પડી છે, એક તરફ કાન ફાડી નાખે તેવા ફટાકડા તથા હવાઈઓના ધડાકા બોલી રહ્યા છે, બીજી તરફ ડી.જે. કે બેન્ડ વાગી રહી છે અને નાચનારાં નાચી રહ્યાં છે, સ્ત્રી પુરૂષોની ભેળસેળ થઈ રહી છે, ક્યાંક ડાન્સપાર્ટી કે ઓરકેસ્ટ્રા મ્યુઝિકપાર્ટી પર ફિલ્મી ગીતોની ધૂમ મચી છે અને નાચનારાઓ પર પૈસા લૂટાવાઈ રહ્યા છે, ક્યાંક દાંડીયા સાથે ગરબા ગવાઈ રહ્યા છે, વળી ક્યાંક પીઠીની રસમ થઈ રહી છે તો નામેહરમ ભાભીઓ તથા અન્ય યુવતીઓ દુલ્હાની છેડછાડ કરીને તેને રંગી રહી છે તો વળી ક્યાંક સૌ ઘરના સભ્યો તથા અન્ય યુવાન યુવતીઓ હોળીની જેમ એકબીજાને રંગી તથા ભીગી રહ્યાં છે ! **શાદીનો પ્રસંગ એટલે જાણે કે બેહયાઈ તથા ગુનાહો કરવાનુ લાયસન્સ હાથ લાગી ગયું હોય તેમ વિવિધ પ્રકારની છૂટછાટો સાથે ગુનાહો થઈ રહ્યા છે** અને આ બધાયનું પિક્ચર વીડિયો થકી ઉતરી રહ્યું છે. ક્યાંક સ્ટેજ રચાયું છે અને એક તરફ દુલ્હો તથા દુલ્હાના મિત્રો અને બીજી તરફ દુલ્હન તથા દુલ્હનની સહેલીઓ આમને સામને બેહયા તથા નાલાયક બનીને અવનવી ગમ્મતો કરીને એક બીજાની છેડતી કરી શર્મો હયાનો જનાઝો કાઢી રહેલ છે. અસ્તગફિરુલ્લાહ ! અને સૌનાં મા બાપો તથા સમાજના અગ્રેસરો ખામોશ તમાશાઈ બનેલા છે બલ્કે તમાશામાં શરીક પણ છે. અને લગ્નના આયોજકો સર્વના કુલ ગુનાહોનો વબાલ નાહક્ક઼ માથે લઈ રહ્યા છે.

### ★ શાદીના ઓઠા હેઠળ ઈસ્લામી ક઼ાનૂનોથી બગાવતની બહાદુરી ! ★

આ બધું ગૈર ક઼ૌમોમાં થતુ હોત તો તે જાણે ! કેમ કે તેમને ત્યાં "ખૌફે ખુદા" કે "શર્મે નબી" જેવી કોઈ ચીજ નથી, પણ આ બધું મુસલમાનોમાં અને કહેવાતા "આશિક઼ે નબી" તથા "આશિક઼ે અવલિયા" તથા

*★ બહેનોમાં સહેજ ઈમાની હુંફ તથા ગૈરત હોય તો વિચારે કે હદીષમાં છે : "જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના તરફ આકર્ષાય તે ઝાનિયા (વ્યભિચારીણી) છે." તથા બીજી હદીષ છે કે, "જે નામેહરમ સ્ત્રી તરફ જુએ અને જેના તરફ જોવામાં આવે, બંને પર ખુદાની લઅનત છે." લઅનત એટલે રહમતથી દૂર થવું ! હવે જે તેણીઓ મોડેલો જેમ બની ઠનીને લોકોમાં પોતાની સુંદરતાનું પ્રદર્શન કરવા નીકળે છે તેમના પર આ જ હુકમ લાગે છે. રસૂલેપાક ﷺના આ હુકમની ગંભીરતા ન સમજતી હોય તો જેમ ફાવે તેમ કરે અને જહન્નમમાં પડે ! અને સમજતી હોય તો પોતાની સુધારણા કરી લે, અને ભાઈઓ પણ પોતાની સ્ત્રીઓનું ધ્યાન રાખે કે કે કેવાં કપડાં પહેર્યાં છે અને જે રીતે બને સમજાવી નાચનારી હિરોઈનો કે મોડેલો જેમ શણગાર ન કરવા અને શરીર ઢાંકવા સમજાવે. ઈસ્લામની નેક ખાતૂનોની જિંદગી વિશે જ્ઞાન આપી એને અનુસરવા સમજાવે.*

''આશિકે અહલે બયત''માં થઈ રહ્યું છે. (અલ્લાહની પનાહ !) ફક્ત જમવા માટે પણ મંડપ કે હોલમાં જાવ તો **એક દીની ગૈરતમંદ માણસ ત્યાં ઉભો પણ ન રહી શકે** એવી સ્ત્રી પુરૂષોની મિશ્ર ભીડભાડ તથા સ્પીકરો પર લચકદાર મ્યૂઝિક તથા ફિલ્મી ગીતો રેલાઈ રહ્યાં હોય છે. દુલ્હાને મુબારકબાદ આપનારાઓની લાઈન લાગી છે તેમાં **નામેહરમ જવાન સ્ત્રીઓ દુલ્હાને ગળે મળી રહી છે અને તેમના ''દય્યૂષ'' પતિઓ, ભાઈઓ, નિઃસંકોચપણે જોઈ રહ્યા છે !** એક તરફ મસ્જિદમાં નમાઝ થઈ રહી છે તો બીજી બાજુ જાનૈયાઓ અજબના નશામાં હોય તેમ બેન્ડબાજા સાથે ધાંધલ ધમાલ કરી રહ્યા છે, ન મસ્જિદનો અદબ છે, ન નમાઝની અદબ છે, સૌ પોતાની મસ્તીમાં ચૂર છે, આનંદની ચીસો સીટીઓ બજાવી રહ્યા છે. સાચુ જ કહ્યું છે શાઈરે મશ્રિક ડૉ. ઈકબાલે કે :–

**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ–યહ મુસલમાં હય જિસે દેખ કે શર્માએ યહૂદ**

*(વઝઅમેં = દેખાવમાં, નસારા = ક્રિશ્ચન, તમદ્દુન = સંસ્કાર, વર્તન, આદતો, હુનૂદ = હિંદુ, યહૂદ = યહૂદી)*

### ★ શું આશિકે પાક પંજતન આવા હોય છે ?! ★

વિચારો મુસલમાનો ! ઉપર વર્ણન થઈ ચૂકી એમાંની કઈ ચીજ એવી છે જેનાથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَ નારાજ નથી થતા ?! કઈ ચીજ હલાલ છે ?! તો પછી શા માટે અલ્લાહ વ રસૂલને નારાજ કરીને તેનો ગઝબ સભાન હાલતમાં વહોરી રહ્યા છો ?! હે મુસલમાનો ! શરમાવ ! ખૌફ કરો ! **ઈસ્લામમાં શાદીનો હેતુ તો ગુનાહો પર બંધ બાંધવા માટેનો છે, એ તો સુન્નતે રસૂલ છે ! (બુખારી, મુસ્લિમ), અને ગુનાહોથી મુસલમાન બચી જાય તેના માટે છે. (મુસ્લિમ શરીફ) અને તમે તે જ રસૂલેપાક ﷺની સુન્નતની અદાયગીના પ્રસંગે ગુનાહોના પુરમાં નહાવા લાગો છો ?! ક્યાં છે તમારી ઈમાની ગૈરત તથા શરમ ?! ક્યાં છે તમારો મહબ્બતે રસૂલનો દાવો ?! ક્યાં છે ઈમામે હુસૈનની મહોબ્બતનો દાવો ?! આશિકે રસૂલ, આશિકે પંજતન પાક આ ધંધા કરે ?! શક્ય જ નથી !** કેમ કે પાક પંજતનના ઘરાનાની શાદીઓ આવી રીતે થતી ન હતી, બલ્કે તેઓ તો પુષ્કળ ખુદાથી ડરનારાં અને હયાવાળાં હતાં તો તેમના આશિકોનો આ હાલ ?! સાંભળો ! આ સર્વ કામોથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَ સખ્ત નારાજ થાય છે, ઈમામે હસન તથા ઈમામે હુસૈન رضی اللہ عنہما તથા સર્વ પાક પંજતનની રૂહો નારાજ થાય છે. **રસૂલેપાક ﷺને હાઝિર નાઝિર માનનારા ભાઈઓ બહેનો ! સમજો ! અલ્લાહ તમને જોઈ રહ્યો છે અને તેની અતાથી તેના મહબૂબ રસૂલેપાક ﷺ પણ તમને જોઈ રહ્યા છે એ તમારું ઈમાન છે તો પછી તેમની સમક્ષ તેમના જોતાં તમારી તેમના જ હુકમ વિરુદ્ધ કામો કરવાની હિંમત કઈ રીતે થઈ શકે છે ?! ક્યાં છે તમારું ઈમાન ?!** તેઓ તો તમારા દિલની નિય્યતો તથા ભેદોને જાણે તથા જુએ છે તો પછી આ ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરવાની કુબુદ્ધિ તમને કેમ કરીને સુઝી રહી છે ? સમજો ! સમજો ! ખુદાથી ડરો !

### ★ નેકી પર નાઝ ન કરો ! તે કબૂલ જ થઈ તેની ગેરંટી છે ?! ★

વળી કેટલાકને કહેવામાં આવે છે કે, ''ખુદાએ દૌલત આપી છે તો તેને નેક કામોમાં વાપરો ! ગુનાહનાં કામોમાં ન ખર્ચો !'' તો કહે છે કે, ''અમે નેક કામો પણ ખૂબ કરીએ છીએ ! ખૈરાત કરીએ છીએ, ગરીબો તથા બેવાઓને મદદ કરીએ છીએ, મસ્જિદો બનાવીએ છીએ......વગેરે તો હવે એક દિવસ શાદીના પ્રસંગે થોડુ મનોરંજન કરી લઈએ તો શું થઈ ગયું ?!'' અલ્લાહુ અકબર ! અહીં મને ઈસ્લામમાં ૪૦મા મુસલમાન થનાર, કા'બામાં સૌ પ્રથમ અલલ એલાન બહાદુરીપૂર્વક નમાઝ શરૂ કરાવનાર, જેમની રાય

પ્રમાણેની લગભગ ૨૦ આયતો કુર્આનમાં નાઝિલ થઈ એવા અલ્લાહના મક્બૂલ બંદા, અશરાએ મુબશ્શિરામાંના એક કે જેમને દુનિયામાં જ અલ્લાહના નબી ﷺએ જન્નતી હોવાની બશારત આપી, ઈસ્લામના બીજા ખલીફા, જેમના માટે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું કે, **મારા બાદ નબી થાત તો ઉમર થાત !** શૈતાન જેમને જોઈને રસ્તો બદલતો હતો.....વગેરે પુષ્કળ ખૂબીઓના માલિક જેમનામાં ખૌફે ખુદાનો આલમ એ હતો કે કુર્આનમાં અઝાબની આયતો સાંભળી બેહોશ થઈ જતા અને દિવસો સુધી બીમાર રહેતા ! આટલા તક્વાવાળા મહાન સહાબી ચોધાર આંસૂંએ ઈદના દિવસે રડી રહ્યા છે. લોકોએ કહ્યું, "હુઝૂર ! આજે ઈદની ખુશીનો દિવસ છે અને તમે રડી રહ્યા છો ?!" **મુસલમાનો ! હઝરત ઉમર رضی اللہ عنہનો જવાબ સાંભળો અને ઈમાની ગૈરત જગાડો ! ફર્માવે છે, "ખુશી તો તે મનાવે જેની નમાઝો તથા રોઝા અલ્લાહને ત્યાં કબૂલ થઈ ગયા ! મને શું ખબર કે મારી ઈબાદતો કબૂલ થઈ પણ છે કે નહીં !"** આ તો હઝરત ઉમર رضی اللہ عنہની ઈન્કેસારી તથા રબની બારગાહમાં આજીજી છે, નહીં તો **આપણુ ઈમાન છે કે જેમને રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامએ અલલ એલાન જન્નતી દર્શાવ્યા તેમની ઈબાદત કબૂલ ન થાય તો કોની થાય ?!** પણ મુસલમાનો વિચારો ! આવી મહાન હસ્તી જ્યારે ખુદાથી ડરીને ઈદના દિવસે પણ ખુશી મનાવવાના બદલે રડે ! તો **તમે પોતાને શું હઝરત ઉમરથી મહાન સમજો છો કે ગેરંટી વગરની ઈબાદત તથા નેકીઓ કરવા પર ગર્વ કરો છો?! અને જાણે એના બદલ એહસાન જતાવી ગુનાની પરમિશન માંગો છો ?! શરમ કરો ! શરમ કરો !** ગૌષપાક رضی اللہ عنہની જિંદગી જુઓ, ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہની જિંદગી જુઓ, **બુઝુર્ગો તો નેકીઓ કરીને પણ પોતાને ગુનેહગાર સમજીને ખુદાના ખૌફથી રડતા રહેતા હતા અને તમે ગુનાહો કરીને બેચાર અનગેરેંટેડ નેકીઓ પર વટ મારો છો ?!** (અલ્લાહની પનાહ !) **ખુદા તઆલા બેનિયાઝ છે, તેના કહેરથી ડરો ! તે ચાહે તો એક જ ગુનાના બદલામાં જહન્નમમાં ધકેલી આપે !** માટે સતત તેનાથી ડરી ગુનાહોથી દૂર રહ્યા કરો, અને નેકીઓ પર વટ ન મારો ! શૈખી ન મારો ! બલ્કે રડી રડીને ગુનાહોથી તૌબા કર્યા કરો.

### ★ દા'વત સંબંધે સામાન્ય માણસ તથા આલિમ-પીર માટે સાવચેતીઓ ★

જે શાદીઓમાં આવી ખરાબીઓ હોય તેવી શાદીઓમાં જવું કે નહીં ? તથા આલિમ-પીર આવી શાદીઓ તથા આવી દા'વતોમાં જાય કે નહીં એના વિશે કાનૂને શરીઅતમાં હુકમ આ પ્રમાણે છે :-

**દા'વતમાં જવું ત્યારે જ સુન્નત ગણાશે જ્યારે ખબર જ હોય કે ત્યાં ગાવું, બજાવવું, લહવો લઈબ (મનોરંજન) નથી અને જો ખબર હોય કે આ બધી ખરાબીઓ (બેહૂદા વાતો) ત્યાં છે તો ન જાય.** ગયા પછી ખબર પડી કે અહીં તો બધી બેહૂદા વાતો, ખરાબીઓ છે ! (ખરેખર) ત્યાં એવી ચીજો (બેહૂદા) જોવા મળે **તો પાછા ચાલ્યા આવવું.** જો મકાનના બીજા ભાગમાં હોય અને જ્યાં ખાવા ખવડાવવામાં આવતું હોય ત્યાં ન હોય તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો તે જનાર માણસ એને રોકી શકતો હોય તો રોકે અને જો ન રોકી શકતો હોય તો સબર કરે. *(કાનૂને શરીઅત, ભાગ : ૨)* જો કે ઉપરોક્ત વાત તેને માટે છે કે એ (જનાર) માણસ મઝહબી પેશ્વા ન હોય અને જો મુક્તદા (પેશ્વા) હોય તો દા.ત. **આલિમ, મશાઈખ એ લોકો જો ન રોકી શકતા હોય તો ત્યાંથી ચાલ્યા આવવું, ત્યાં બેસે નહીં અને ખાય પણ નહીં. અને જો પહેલેથી જ ખબર હોય કે ત્યાં આવી બધી ખરાબીઓ છે તો પેશ્વા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના તે હિસ્સામાં આ બધી ચીજો હોય કે ન હોય.** *(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર, કાનૂને શરીઅત)*

આ પરથી તે પીરો, મૌલ્વીઓ, હાફિઝો, ઈમામો જે તે માલદારને સારું લગાડવા અનેક ખરાબીઓ શાદીમાં થતી હોવા છતાં ત્યાં હાજરી આપવા જાય છે તેઓ સબક્ લે અને પોતાના આલિમાના વકારની ઈજ્જતને બાકી રાખે અને આવી શાદીઓથી દૂર રહીને હરામ કામો તથા ફુઝૂલખર્ચી સાથે શાદી કરનારાને એહસાસ અપાવે, એના સામે જેહાદ જગાડે.

**★ ઔલાદ માબાપનું ન માનવાનો સબબ અને તેનો ઈલાજ ★**

એક યુવાન પરદેશથી ખૂબ ધન કમાઈને આવ્યો અને શાદીમાં રંડીઓ નચાવી તથા અન્ય મનોરંજનના ખૂબ પ્રોગ્રામો કર્યા અને ખૂબ ફુઝૂલખર્ચી કરી. તેને તેના બાપે રોક્યો તો કહ્યું કે આટલા વરસો પરદેશમાં એમ જ થોડી મહેનત કરી છે ! શાદી ધામ ધૂમથી કરવા તો કમાયો છું ! અને બાપનુ ન માન્યો ! બાપ પણ લાચાર બની ચુપ થઈ ગયો !

પ્રથમ તો જરૂરી એ છે કે **આપણે મુસલમાન છીએ તો મુસલમાન જ રહીએ, યહૂદી, ઈસાઈ જેવા ન બની જઈએ** ! આપણી ઔલાદને પહેલેથી જ ઈસ્લામી ઢબથી જીવવા સમજાવીએ, અને ઘરનો માહોલ એવો ઈસ્લામી પહેલેથી જ હોય કે શરીઅત વિરુદ્ધ વાત કરતાંય ઘરના મેમ્બરને શરમ આવે, **ઔલાદ માબાપનો આઈનો છે, જેવું તેમને કરતાં જોશે તેવું તે કરશે.** જેથી પોતે મા બાપો શરીઅતનાં એટલાં પાબંદ રહે અને માબાપના હક્કની એવી તા'લીમ આપે કે પુત્ર તથા પુત્રી માબાપને રાજી રાખવા પોતાની સર્વ મનેચ્છાઓને કુર્બાન કરી આપે. તો લગભગ આ દિવસો નહીં જ આવે કે કહેવું પડે કે ઔલાદ માનતી નથી ! પણ તમો જ ઘરમાં ટી.વી. પાછળ લાગેલા રહો, દીકરા તથા દીકરીની સાથે વીડિયો ફિલ્મની કેસેટો, વી.સી.ડી. મંગાવી રાત્રે જોયા કરો, ફજરમાં સૂઈ રહીને મોડેથી ઉઠો, નમાઝોની પરવા ન કરો, ઘરમાં પર પુરૂષો સાથે ઘરની સ્ત્રીઓને ભેગી બેસવા દો, રસોડા સુધી નિઃસંકોચ પર પુરૂષો જતા રહે તેવી છૂટ હોય, પર્દાની વ્યવસ્થા ન રાખો, હરામ હલાલની તમીઝ ન કરો, ન બાળકોને સમજાવો તો ઈસ્લામી પાકીઝા માહોલ ક્યાંથી બને ?! ઘરના માહોલથી નિષ્કાળજીની શું વાત કરીએ ! સામાન્ય માનવી તો ઠીક પણ એક પીરને ત્યાં હું શાદીમાં પહોંચી ગયો તો મંડપમાં થોડીવારે માઈક પર ગાયનો વાગવા માંડયા. મેં એક ઓળખીતાભાઈને કહ્યું કે આ શું ?! તો તે બંધ કરાવી આવ્યા. ફરી થોડીવારમાં ગાયનો શરૂ થયાં તો મેં ફરી વિનંતિ કરી. તે ભાઈ પાછા આવ્યા અને કહેવા લાગ્યા કે જવા દો ! છોકરો ગાયનો વગેરે નહીં વગાડાય તો ઘર છોડીને નાસી જવાનુ કહે છે ! પછી જાણવા મળ્યું કે ત્યાં બેન્ડ પણ આવેલી છે ! અને ત્યાં બેપર્દગી ?! તૌબા ! તૌબા ! આ કહેવાતી હસ્તીઓના ત્યાંની હાલત છે, તો અન્યની વાત શું કરીએ ! ઘણાને મારી વાત કડવી લાગશે, પણ શું કરું ! **મેં આટલાં વરસોમાં ઘણી કહેવાતી હસ્તીઓને નજીકથી જોઈ નાખી ! આ વાત તો ફક્ત ઝલક તરીકે જ છે** ! કેટલીય કહેવાતી હસ્તીઓ વિશે બધું લખવા હું સમર્થ નથી, નહીં તો આપણા કેટલાક અંધશ્રદ્ધાળુ ભાઈઓ એ બર્દાશ્ત નહીં કરી શકે માટે આટલે જ અટકુ છું.

બીજુ કે **માણસ પાસે જે કાંઈ છે તે "અલ્લાહની દૈન" છે** અને તેને દરેક ચીજનો એટલે કે માલ, દૌલત, શરીરનો "અમીન" બનાવાયો છે. દરેક ચીજને કઈ રીતે વાપરી તેના વિશે ક્યામતમાં પકડ થશે. જેથી જાનવર જેવા ન બનો પણ ઈન્સાન બનો ! કેમ કે **જાનવરની પૂછતાછ થશે નહીં** અને તમે બુદ્ધિ વિનાના જાનવર નથી પણ અલ્લાહે તમને સમજ તથા એહસાસ આપેલ છે એટલે ક્યામતમાં તમારી જ પકડ થશે. **દૌલત વિશે પણ ક્યાંથી મેળવી અને ક્યાં વાપરી ?** એની પૂછતાછ થશે, જેથી રબથી ડરો કે ક્યાંક એવું ન બને કે આજે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને નારાજ

કરીને નાચો કૂદો અને ફુઝૂલ રકમ ઉડાડો તો ક્યામતમાં એ રબ તમારા પર ગઝબનાક હોય, અને ક્યામતના અઝાબો તથા જહન્નમના અઝાબો તમને ચખાડવામાં આવે. **જાણી જોઈને ગુનાહ કરીને પછી જૂઠી આશિક઼ીનો ઢોંગ રચી ખોટા ભરમોમાં ન રહેશો !** બલ્કે આજે એવી ગુનાહિત વાતોથી તૌબા કરી અલ્લાહના શુક્રગુઝાર બંદા બનો, નાશુક્રા ન બનો ! સાચા આશિક઼ બનો તો અલ્લાહ પણ રાજી રહેશે અને નબી કરીમ ﷺની શફાઅત પણ મયસ્સર થશે.

## ★ ફુઝૂલખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે ! ★

શાદી વગેરે પ્રસંગોમાં સંગીત કે જે ઈસ્લામમાં હરામ છે તેની જ ધૂમ મચાવવા હજારોની કિંમતમાં બેન્ડબાજા તથા ડી.જે. તેમજ મ્યૂઝિકપાર્ટી તથા ડાન્સના પ્રોગ્રામો, લોકોમાં ભપકો પાડવા તથા વાહ વાહ દર્શાવવા હદથી વધુ ભપકાદાર લાઈટીંગ તથા ફટાકડાના ધડાકા તથા હવાઈઓ ઉડાડવી, અતિ મોંઘા ભાવના ઊંચા ભાડાવાળા રથ તથા ભપકાદાર ગાડીઓ એટલે સુધી કે નાજાઈઝ એવી સવારીઓ પણ લોકોમાં વાહ વાહ કરાવવા ફક્ત અમુક કલાકોના માટે લાવીને સરઘસો કાઢવાં તથા વીડિયો શુટિંગ વગેરે જે બિનજરૂરી કામો થાય છે તે સૌ ફુઝૂલખર્ચી છે અને ફુઝૂલખર્ચી હરામ તથા ગુનોહ છે. **આપણને માલ દૌલત આપનારો રબ જ કુર્આને પાકમાં એલાન ફર્માવે છે કે :-**

**ولا تبذر تبذيرا، ان المبذرين كانو اخوان الشياطين وكان الشيطان لربه كفورا۔ "બેશક ! ઉડાવનારા (ફુઝૂલખર્ચી કરનારા) શૈતાનના ભાઈ છે, અને શૈતાન પોતાના રબનો ઘણો જ નાશુક્રો છે."** *(સૂ. બની ઈસ્રાઈલ, આયત : ૨૭, પારા : ૧૫)* બીજી આયતમાં છે કે, **ولا تسرفوا انه لا يحب المسرفين** "નિરર્થક ખર્ચ ન કરો, બેશક ! અલ્લાહ તઆલા નિરર્થક ખર્ચ કરનારાઓને દોસ્ત નથી રાખતો." *(સૂ. અન્આમ, આયત ૧૪૧, પારા : ૮)* ઈબ્ને અબી હાતિમે સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના શાગિર્દ ઈમામ મુજાહિદ رضی اللہ عنہથી રિવાયત કરી : **"જો અલ્લાહના હુકમના પાલનમાં અબુકુબૈસ પહાડના બરાબર સોનુ ખર્ચ કરી આપે તો એ પણ ફુઝૂલખર્ચી ન ગણાશે, અને જો તું એક સાઅ (મામૂલી વજન જેટલુ) પણ અલ્લાહની નાફર્માનીમાં ખર્ચ કરે તો તે ફુઝૂલખર્ચી ગણાશે."** *(તફસીરે કબીર, ૧૩/૨૧૪, બહવાલા સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૧)*

ફક઼ીહે ઈસ્લામ, મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ "વુઝૂ (તહારત)માં વિના કારણે પાણી વધુ વાપરવાના" સંબંધે એક સવાલના જવાબમાં કિતાબ લખી જે ૧૧૫ પેજીસની થઈ. **વિચારો ! ફક્ત વુઝૂમાં વધુ પાણી વાપરવા સંબંધે ફુઝૂલખર્ચીનો હુકમ લાગુ પડી જાય ! તો ગુનાહનાં કામોમાં રૂપિયાની નોટોનો વરસાદ વરસાવનારા કેટલા મોટા ફુઝૂલખર્ચી કરનારા તથા શૈતાનના ભાઈ કહેવાશે ! અને જહન્નમમાં પણ પોતાના આ ભાઈ સાથે જ જશે !**

## ★ નાચગાનથી દૂર થવા ખુદા વ રસૂલના ફર્માનો ★

ઈસ્લામમાં નાચગાનને કોઈ સ્થાન નથી કેમ કે **નાચગાન બંનેવ શૈતાનનાં હથિયારો છે** જેના વડે શૈતાન માણસને સીધા માર્ગેથી ગુમરાહ કરે છે, એટલા માટે ઈસ્લામમાં નાચગાન હરામ છે અને તેને ધંધો બનાવવો પણ હરામ છે. એ ઝિના તરફ પ્રેરે છે. રબ તઆલાનું ફર્માન છે : "ઝિનાની નજીક પણ ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે અને ઘણી જ બુરી રાહ છે." *(સૂ. અસ્રાર, આ. ૩૨)*

એક હદીષમાં છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, **"મને અલ્લાહ તઆલાએ વાજિંત્રોને ખતમ કરવા અને તોડવાના માટે મોકલ્યો છે."**

હઝરત અનસ رضی اللہ عنہ નબીપાક ﷺથી રિવાયત કરે છે કે, **"આખર જમાનામાં કેટલાક લોકો વાંદરા તથા સુવ્વરના ચહેરામાં ફેરવાઈ જશે."** સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તેઓ તૌહીદ તથા રિસાલતનો ઈકરાર કરતા હશે ?! ફર્માવ્યું, હા ! નમાઝ, રોઝા તથા હજ્જ પણ કરતા હશે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તો પછી તેમનો આવો હાલ શાથી થશે ?! ફર્માવ્યું, **તેઓ સંગીત, ડાન્સરો તથા તબલા સારંગી વગેરેના રસીયા હશે,** અને શરાબો પીધા કરશે અને રાતભર મોજ મજા, મનોરંજન (ખેલકૂદ)માં વ્યસ્ત રહેશે, અને સવાર થશે તો વાંદરા તથા ડુક્કરના રૂપમાં ફેરવાઈ ચૂક્યા હશે." *(અલહદીષ)*

હવે નાચગાનની, સંગીતની મેહફિલો કરનારા, સરઘસ તથા શેરીઓમાં ફુલેકાં ફેરવનારા, દિવસ કે રાતભર ડી.જે. બેન્ડબાજાનું મનોરંજન માણનારા વિચારે કે આ ખરાબ કામો ઝિનાનો ફેલાવો કરનારાં છે અને ઝિના માનવની બંને જહાનમાં તબાહીનો સબબ છે જેથી કુર્આને એની નજીક પણ જવાથી રોક્યા. અને નજીક જવું એટલે આવી મેહફિલો કરવી છે, જેથી તેનાથી તૌબા કરે, અને ખૂદ રસૂલેપાક ﷺ પોતાનો દુનિયામાં આગમનનો હેતુ એ પણ દર્શાવે છે કે વાજિંત્રોનો નાશ કરી દઉં, છતાં તમો આશિકે રસૂલ થઈને તમારા જાનથી પ્યારા રસૂલ ﷺના હેતુ વિરુદ્ધ બગાવતનું બ્યૂગલ વગાડો ! જેથી ડરો કે ઉપરોક્ત હદીષ પ્રમાણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની નાફર્માની કરી તો ક્યાંક વાંદરા તથા સુવ્વર જેવા તમારા ચેહરા ન થઈ જાય ! કે જે બંને જહાનની બર્બાદીનો સંકેત છે. રબ્બે કરીમ આપણને સૌને સાચા પાકા આશિકે રસૂલ ﷺ બનાવે અને સર્વ ખરાબીઓથી દૂર રાખે.

## ★ અંગ પ્રદર્શન કરનારીઓ જન્નતની હવા પણ નહીં પામે ! ★

શાદીમાં પહેરવા માટે તો ખાસ ટૂંકો ટૂંકો ચુસ્ત લિબાસ જેનાથી શરીરનાં ઢાંકવાનાં અંગો ઉપસી આવે તથા જાહેર થાય તેવો તથા નેટની બાંયોવાળો લિબાસ સીવડાવવામાં આવે છે અને બ્યૂટી પાર્લરોમાં જઈને બેહયા જેમ સજાવટ કરવામાં આવે છે. પણ યાદ રાખો કે સ્ત્રીનું ગૈરોને પોતાની સુંદરતા દેખાડવાના માટે બેપર્દગી કરવું જન્નતથી મેહરૂમીનો એક સબબ છે. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "દોઝખવાસીઓના બે ગિરોહ એવા છે જેને મેં નથી જોયાં. એક તે કૌમ જેની પાસે બળદોની પૂછડીઓના જેવા કોરડા હશે જેના વડે તેઓ લોકોને મારશે. અને બીજી **તે સ્ત્રીઓ જે લિબાસ પહેરવા છતાં નગ્ન હશે, આકર્ષિત થનારી તથા આકર્ષિત કરનારીઓ હશે,** તેમનાં માથાં બખ્તી ઊંટની નમી ગયેલી ખાંધની જેમ હશે, **તેણીઓ જન્નતમાં દાખલ થશે નહીં અને ન જન્નતની હવા પણ પામશે,** જ્યારે કે જન્નતની હવા આટલા આટલા દૂરથી મેહસૂસ થાય છે." *(સહીહ મુસ્લિમ અન અબી હુરૈરહ્ رضی اللہ عنہ)*

પ્રથમ પ્રકારના લોકોથી મુરાદ તે સમયના સત્તાધારીઓ તથા સિપાહીઓ છે અને બીજો પ્રકાર તે સ્ત્રીઓનો છે જેઓ પોતાના શરીરનો અમુક હિસ્સો ખોલશે અને અમુક હિસ્સાને છુપાવશે. તો જે સ્ત્રીઓ અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવે છે અને જહન્નમથી બચવા ચાહે છે અને જન્નતમાં જવા ચાહે છે તે તેણીઓ શાદીઓમાં બેહયા બનીને ગાંડી ન બની જાય અને અંગ પ્રદર્શન ન કરે, નહીં તો જન્નતની હવા પણ નહીં પામે એવું રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે. ત્યાંનો અઝાબ એટલો સખ્ત છે કે શબે મેઅરાજમાં ઔરતોને જહન્નમમાં વિવિધ અઝાબોમાં જોઈને ખૂદ હુઝૂર ﷺ રડી પડયા ! છતાં ન માનવું હોય અને હિંમત હોય તો જહન્નમમાં જવાનો નિશ્ચય પાકો કરી લો પછી જેમ ફાવે તેમ કર્યે જાવ ! (અલ્લાહની પનાહ !)

આ સિવાય ઈમાની ગૈરતને તદ્દન બાજુ પર મૂકી ઘણા લોકો વહાબી દેવબંદી ફિર્કાવાળા વગેરે સાથે શાદીઓ કરે છે તેમના તો નિકાહ જ થતા નથી ! અને જે ઔલાદ થશે તે હરામની ! એ શરીઅતનો હુકમ છે. રબ્બે કરીમ સુન્ની મુસ્લિમોને પોતાના ઈમાન તથા અમલની હિફાઝતની તૌફીક આપે. (આમીન)

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ۗ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٣١﴾ قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ﴿٣٢﴾

### ત.....ર્જુ.....મો....

*(હે મહબૂબ !) આપ ફર્માવો (તેમને કે) જો તમો (ખરેખર) મહોબ્બત કરો છો અલ્લાહથી[30] તો મારી પયરવી કરો (તો) મહોબ્બત કરવા લાગશે તમારાથી અલ્લાહ અને બખ્શી આપશે તમારા માટે તમારા ગુનાહ. અને અલ્લાહ તઆલા મહાન બખ્શનાર રહમ કરનાર છે. આપ ફર્માવો, ઈતાઅત (આજ્ઞાપાલન) કરો અલ્લાહની અને (તેના) રસૂલની[31] પછી જો તેઓ મોઢું ફેરવે તો યકીનન ! અલ્લાહ તઆલા દોસ્ત નથી રાખતો કુફ્ર કરનારાઓને.*

### તફસીર..............

**૩૦.** જ્યારે યહૂદીઓને ઈસ્લામની દા'વત આપવામાં આવી તો તેમણે એવું કહીને એ દા'વતને સ્વીકારવાથી ઈન્કાર કરી આપ્યો કે અમે તો પહેલેથી અલ્લાહની મહોબ્બતથી તૃપ્ત છીએ અને તેના લાડલા ફરઝંદ છીએ, અમારે શું જરૂરત પડી કે કોઈ નવા નબીની ઉમ્મતમાં દાખલ થવાની તકલીફ ઉઠાવીએ ?! પાછલી આયતોમાં કુર્આને તેમના બુરા અમલો તથા નીચ આદતોનો ઉલ્લેખ કર્યો. આવી નાપસંદીદા હરકતો છતાં તેઓ ખુદાની દોસ્તીનો દમ ભર્યા કરતા. આ આયતોમાં એમને ચેતવણી આપવામાં આવી રહી છે કે મહબ્બતે ઈલાહીનો દાવો દલીલ વિના નોંધપાત્ર નથી. અને એની દલીલ એ છે કે તમે અલ્લાહ તઆલાના તે ચહીતા રસૂલની આજ્ઞાપાલન તથા ફર્માંબરદારી કરો. જો તમે દિલો જાનથી તે રસૂલે કરીમની ઈતાઅત (આપાલાન) કરી તો તમારો મહોબ્બતનો દાવો પણ યોગ્ય સ્વીકારવામાં આવશે. અને એ ઉપરાંત અલ્લાહ તઆલાની એક સૌથી મોટી નેઅમતથી પણ નવાઝવામાં આવશે, એટલે કે તમને મહબૂબે ઈલાહી હોવાનું સન્માન બખ્શવામાં આવશે અને તમારા આમાલનામાની કાળાશને રહમત તથા મગફેરતના પાણી વડે સાફ કરી દેવામાં આવશે. મુસ્તફા ﷺની શાનની અઝમત (મહાનતા) તથા જલાલતે કુદરનું શું કહેવું ?! જેની ગુલામી યહૂદી જેવી રબની બારગાહની મરદૂદ તથા બેઈજ્જત કૌમને પણ અલ્લાહ તઆલાનો મહબૂબ બનાવી શકે છે, અને તેમના ધૃણાસ્પદ કુકર્મોની બખ્શિશનો સબબ બનાવી શકે છે તો જો મુસ્લિમ ઉમ્મત હબીબે ખુદા عليه الصلوٰة والسلامની ઈત્તેબાઅ (અનુસરણ)ને પોતાની નિશાની બનાવી લે અને સરવરે કાઈનાત عليه الصلوٰة والسلامની સુન્નતના માળખામાં પોતાના જીવનને ઢાળી લે તો શું મહબૂબિયતના ગર્વમય લિબાસ (ખિલ્અતે ફાખિરા) વડે નવાઝવામાં નહીં આવે ?! હયાનું માથુ શર્મિંદગીના બોજથી ઉઠી નથી શકતુ. જ્યારે કે **આપણે અલ્લાહ તઆલાની મહોબ્બતના લાંબા ચોળા દાવા કરીએ છીએ અને અમલની દુનિયામાં રસૂલે કરીમ ﷺની સુન્નતથી દૂર ભાગતા રહીએ છીએ.** શું સરસ કહ્યું છે કોઈક શાયરે ! (અર્થ) : **"જો તારી મહોબ્બત સાચી**

**હોત તો તું તારા મહબૂબની આજ્ઞાના પાલનમાં સક્રિય હોત, કેમ કે મોહિબ્બ (ચાહનારો) તો હમેશાં પોતાના મહબૂબનો આજ્ઞાંકિત હોય છે."**

**૩૧.** આ આયતમાં પણ ઈસ્લામની દા'વત કૂબૂલ કરનારાઓને હુકમ આપવામાં આવી રહ્યો છે કે તમે અલ્લાહ અને તેના રસૂલ ﷺની ઈતાઅત (આજ્ઞાપાલન) કરો. આજકાલ અમુક લોકો એ ચળવળને ખૂબ જ જોશભેર ચલાવી રહ્યા છે કે આપણે કેવળ કુર્આનનું આજ્ઞાપાલન કરવું જોઈએ, સુન્નતે નબવીની પયયરવી (અનુસરણ)ની જરૂરત નથી. આશ્ચર્ય થાય છે કે કુર્આનના હુકમોનું પાલન કરવાના દાવા સાથે તેઓ સુન્નતના ઈન્કારની હિંમત કેવી રીતે કરી શકે છે ?! શું કુર્આને જ અસંખ્ય જગાઓ પર ખૂબ જ સ્પષ્ટ તથા જોરદાર અંદાઝમાં આ હુકમ નથી આપ્યો કે અલ્લાહ તઆલાના એ રસૂલે બરહક્કની ઈતાઅત (અનુસરણ) કરો ! એનો હુકમ માનો અને તેના ઉસ્વએ હસના (સારા નમૂના)ને અપનાવો. તો હવે હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلامનું અનુસરણ તથા આજ્ઞાપાલન એ કુર્આનથી કોઈ અલગ ચીજ નથી ! બલ્કે કુર્આનની જ અગણિત આયતોનું પાલન જ છે. જો તમે સુન્નતે નબવીના અનુસરણથી ઈન્કાર કરશો, તો તમોએ કેવળ સુન્નતનો જ ઈન્કાર નથી કર્યો બલ્કે કુર્આનની અસંખ્ય આયતોનો ઈન્કાર કરી આપ્યો ! ઈત્તેબાએ રસૂલ અને ઈતાઅતે રસૂલ (રસૂલનું આજ્ઞાપાલન તથા અનુસરણ) કોને કહે છે એ જણાવી આપવું પણ જરૂરી છે જેથી કોઈ શાબ્દિક વહેમ સીધા માર્ગમાં અડચણરૂપ થવાનો સબબ ન બને. ઈમામ અબુલ હસન આમદીએ "ઈત્તેબાઅ" (અનુસરણ)ની સ્પષ્ટતા કરતાં લખ્યું છે : "કોઈના કાર્યના અનુસરણનો એ અર્થ છે કે તેના એ કાર્યને એ પ્રમાણે કરવામાં આવે જે પ્રમાણે તે કરે છે. અને એટલા માટે કરવામાં આવે કે, કેમ કે તે કહે છે." અને ઈમામ આમદી "ઈતાઅત" (આજ્ઞાપાલન)ના ભાવાર્થનો ખુલાસો કરતાં લખે છે : "જ્યારે કોઈ શખ્સ કોઈ અન્યની ઈજ્જત તથા એહતેરામના કારણે તદ્દન એના કાર્યની જેમ કોઈ કાર્ય કરે તો તે તેનો મુતીઅ (આજ્ઞાંકિત) કહેવાય છે." રસૂલે પાક ﷺની ઈત્તેબાઅ તથા ઈતાઅતના સંબંધે જે હુકમ કુર્આને આપણને આપ્યો છે (જેની ઈતાઅત તે મુન્કિરો પણ ફર્ઝ સમજે છે) એના પાલનની કેવળ એ જ સ્થિતિ છે કે આપણે હુઝૂરે અક્દસ ﷺના કાર્યોને તદ્દન એ જ પ્રમાણે અદા કરીએ જે પ્રમાણે હુઝૂરે અદા કર્યા, અને કેવળ એટલા માટે જ અદા કરીએ કે એ કાર્યો તો પવિત્ર જાત થકી પ્રદર્શિત થયાં છે જે જમાલ તથા કમાલથી એવો સજ્જ છે કે જેનાથી અધિક હસીન તથા ખૂબસૂરત અન્ય કોઈ ચીજની કલ્પના નથી થઈ શકતી. કાશ ! કે આપણે કુર્આને કરીમના શબ્દોને આપણી મનઘડત તાવીલ (અર્થઘટનો)નો અખાડો બનાવવાથી દૂર રહીએ, અને આ આયતના અંતમાં હુઝૂરની ઈતાઅત તથા ઈત્તેબાઅથી વિમુખ થનારાઓને જે શબ્દોમાં યાદ કરવામાં આવ્યા છે તેના પર વિચારણા કરીએ. (આ વિષય પર લેખકની કિતાબ સુન્નતે ખયરુલ અનામનો અભ્યાસ લાભદાયી થશે.)


**પોસ્ટકાર્ડ લખીને મફત મંગાવો !**

કિતાબ : **છે ગુનેહગાર ઔરતેં !**
લેખક : મૌલાના મુફતી અબ્દુર્રઊફ સખરવી
અનુવાદક : અતાઉલ્લાહ રઝવી (પેશ ઈમામ, જુમ્આ મસ્જિદ–હાપા)

કિતાબ : **સામાજિક ઝઘડા અને ઈસ્લામી તા'લીમાત**
સંપાદક : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી(હાલ : સેન્ટ્રલ મસ્જિદ–લેસ્ટર, યુ.કે.)

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી, રેલ્વે કોલોની,**
ક્વાર્ટર નં. ૯૧/ડી, મુ. હાપા, જિ. જામનગર, પિન. ૩૬૧ ૧૨૦

દર્સે હદીસે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

*હઝરત જરીર[૧] رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે અમો સવાર સવારમાં હુઝૂર ﷺ ની પાસે હાજર હતા એવામાં આપની ખિદમતમાં એક કૌમ આવી જે નગ્ન તથા ચાદરો ઓઢેલ હતી. તલ્વારો ગળામાં નાખેલ હતી[૨]. એમાંથી સામાન્યતઃ બલ્કે સૌ મિસ્ર કબીલાથી હતા. તેમનો ભૂખમરો જોઈને હુઝૂરે અક્દસ ﷺ ના ચહેરાનો રંગ ઉડી ગયો[૩] જેથી અંદર તશરીફ લઈ ગયા પછી બહાર તશરીફ લાવ્યા. હઝરત બિલાલને હુકમ આપ્યો, તેમણે અઝાન તથા તકબીર કહી, પછી નમાઝ પઢી પછી ખુત્બો કહ્યો[૪]. ઈર્શાદ ફર્માવ્યો, હે લોકો ! તમારા રબથી ડરો ! જેણે તમને એક જાનથી પેદા કર્યા અંતિમ આયત رَقِيبًا સુધી[૫]. અને આયત તિલાવત કરી જે સૂરએ હશ્રમાં છે : અલ્લાહથી ડરો ! દરેક શખ્સ વિચાર કરે કે તેણે કાલના માટે શું મોકલ્યું[૬]. માણસ પોતાના દીનાર તથા દિરહમ, પોતાના ઘઉં તથા જવના સાઅમાંથી ખયરાત કરે. ત્યાં સુધી કે ફર્માવ્યું, ભલે ખજૂરનો ટુકડો જ ![૭] ફર્માવે છે, એક અન્સારી થેલી લાવ્યા જેના વજનથી તેમનો હાથ થાકી રહ્યો હતો, બલ્કે થાકી જ ગયો[૮]. પછી લોકોની લાઈન લાગી, ત્યાં સુધી કે મેં ખાવા તથા કપડાંના ઢગલા જોયા[૯] એટલે સુધી કે મેં હુઝૂરે અક્દસ ﷺ નો ચહેરો મુબારક જોયો કે ચમકી રહ્યો છે જાણે કે સોનાની લગડી છે[૧૦]. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ઈસ્લામમાં સારો તરીકો કાઢે તેને તેના અમલ અને તેમના અમલોનો સવાબ છે જેઓ એના પર કાર્યરત થાય[૧૧], તેઓનો સવાબ ઓછો થયા વિના. અને જે ઈસ્લામમાં બુરો તરીકો કાઢે એના પર પોતાની બદ્અમલીનો ગુનોહ છે અને તેઓની બદ્અમલીઓનો (ગુનોહ) છે જેઓ એના પછી એને કરતા રહે, એમના ગુનાહોમાંથી કાંઈ ઓછુ થયા વિના[૧૨]. (મુસ્લિમ)*

### સ....મ....જૂ....તી....

**૧.** આપનું નામ જરીર ઈબ્ને અબ્દુલ્લાહ બજલી છે. મશ્હૂર સહાબી છે. અતિશય હેન્ડસમ અને ખુશમિજાઝ હતા. ઉમર ફારૂક رضي الله عنه આપને યૂસુફ عليه السلام થી સરખાવતા હતા. હુઝૂર ﷺ ની વફાતના વરસે ઈસ્લામ લાવ્યા. અમુક રિવાયતોમાં છે કે વફાત શરીફથી ૪૦ દિવસ પહેલાં. એક અરસા સુધી કૂફામાં રહ્યા. કરકિસ્યામાં હિ.સ. ૫૧માં વફાત પામ્યા. (رضي الله عنه)

**૨.** એટલે કે ગરીબીના કારણે તેમની પાસે એક કમ્બલ (ચાદર) સિવાય શરીર ઢાંકવા માટે કોઈ કપડુ ન હતું તેમ છતાં ગઝવા તથા જેહાદના શોખિન હતા કે તલ્વારો દરેકની પાસે હતી.

**૩.** એટલે કે તેમની ફકીરી હાલતથી હુઝૂરે અક્દસ ﷺ ના દિલને ખૂબ જ રંજ થયો જેની અસરો ચહેરા મુબારક પર પ્રદર્શિત થઈ. કેમ ન હોય કે ગરીબો ફકીરોના ગમખ્વાર આપ છે ! આપણા જેવા ગરીબો પર આપ રંજ ન કરે તો કોણ કરે ?! આ આયતની તફસીર છે : عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ

**૪.** આ વઅઝ લોકોને ખયરાત આપવા પ્રોત્સાહિત કરવા માટે હતી. એ વખતે દૌલત ખાનાએ અક્દસ (આપના ઘર મુબારક)માં કાંઈ હશે નહીં.

**૫.** આ આયત પ્રસંગને અનુરૂપ તિલાવત કરી, એટલે સર્વ અમીર તથા ફકીર ભાઈ છે કે સૌ આદમ عليه السلام ની ઔલાદ છે. અમીરે જોઈએ કે ફકીર ભાઈની

મદદ કરે. મિર્કાતમાં છે કે હઝરત હવ્વાને વીસ વખતમાં ૪૦ બાળકો થયાં, વીસ પુત્રો તથા વીસ પુત્રીઓ.

**૬.** એટલે કયામતના માટે નેક અમલો, ખાસ કરીને સદકો ખયરાત કર્યા કરો.

**૭.** કેમ કે રબ તઆલાની બારગાહમાં ખયરાતની માત્રા (માપ) નથી જોવામાં આવતુ બલ્કે આપનારની નિખાલસતા (ઈખ્લાસ) જોવામાં આવે છે. આ પરથી જાણવા મળ્યું કે જો ગરીબ માણસ પોતાની જરૂરિયાતમાંથી કાંઈક ખયરાત કરે તો સવાબનો હક્કદાર છે, શર્ત એ કે બાળ બચ્ચાં તથા હક્કવાળાઓનો હક્ક ન મારે અને પછી પોતે પણ ભીખ ન માગે.

**૮.** એટલે કે થેલીમાં એટલુ અનાજ હતુ જે અન્સારીથી સહન ન થઈ શક્યું અને બોજની અધિક્તાના કારણે થેલી હાથમાંથી પડી ગઈ. જાહેર છે કે ખજૂર અથવા ઘઉં વગેરેનો મોટો થેલો હશે, જેમ કે આગલા લખાણ પરથી જણાઈ રહ્યું છે કે બારગાહે નબવીમાં એ વખતે અનાજ તથા કપડાંના ઢગલા લાગ્યા. અમુક શરહકર્તાઓએ લખ્યું કે તે રૂપિયા રાખવાની પાતળી થેલી (હમ્યાની) હતી જેમાં અન્સારી સૌ પ્રથમ આ ખયરાત લાવ્યા, પછી એમને જોઈને અન્ય લોકો લાવ્યા, એટલા માટે નબી ﷺએ એમની એવી પ્રશંસા કરી જે આગળ વર્ણન થઈ રહી છે.

**૯.** યુવાનો ફકીરો પર વહેંચણી માટે એકત્ર થઈ ગયા હતા કેમ કે એ મિસ્કીનોની પૂરી જમાઅત હતી એટલા માટે આટલો સદકો કરવામાં આવ્યો. આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે જરૂરત સમયે ચંદો કરવો જાઈઝ છે. બીજુ એ કે મસ્જિદમાં બીજાઓના માટે સવાબ કરવો જાઈઝ છે. જે હદીષોમાં મસ્જિદોમાં માગવાની મનાઈ છે ત્યાં પોતાના માટે માગવુ મુરાદ છે, જેથી આ હદીષ તેના વિરુદ્ધ નથી.

**૧૦.** ફકીરોની હાજત પૂર્ણતા અને સહાબાની ખયરાત પર ખુશીના કારણે. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ પોતાની ઉમ્મતોની નેકીઓ પર ખુશ થાય છે, અને જે અલ્લાહ તઆલા તથા રસૂલને રાજી કરવા ચાહે છે તે ગરીબોની હાજત પૂરી કરે. યાદ રાખશો કે જે ચાંદીના ટુકડા પર સોનાનો ગ્લેઝ ચઢાવી દેવામાં આવે અથવા ચામડા કે કપડા પર સોનેરી કવર કરી દેવામાં આવે તેને અરબીમાં મુઝહબ્બહ કહે છે, અહીં પ્રથમ અર્થ મુરાદ છે.


**૧૧.** એટલે કે સારી વાતને કાઢનારો સર્વ અમલ કરનારાઓના જેટલો બદલો પામશે, જેથી જે લોકોએ ઈલ્મે ફિકહ, ફન્ને હદીષ, મીલાદ શરીફ, બુઝુર્ગોના ઉર્સો (શરીઅત મુજબના), ઝિક્રે ખયરની મેહફિલો, ઈસ્લામી મદરસા, તરીકતના સિલસિલા કાઢયા તેમને કયામત સુધી સવાબ મળતો રહેશે., અહીં ઈસ્લામમાં સારી બિદઅતોની શોધ કરવાનુ વર્ણન છે, ન કે છોડી આપેલી સુન્નતો જીવંત કરવાની વાત છે. જેમ કે આગલા લખાણથી માલૂમ પડી રહ્યું છે કે આ હદીષથી બિદઅતે હસનાના સારા હોવાની ઉત્તમ સાબિતી છે.

**૧૨.** આ હદીષ તે સર્વ હદીષોની શરહ (ખુલાસો) છે જેમાં બિદઅતની બુરાઈઓ આવી. સાફ જાણવા મળ્યું કે **બિદઅતે સૈયેઅહ** બુરી છે અને એ હદીષોમાં એ જ મુરાદ છે. આ હદીષ **બિદઅતના બે પ્રકાર** દર્શાવી રહી છે : **બિદઅતે હસના** અને **બિદઅતે સૈયેઅહ**. એમાં કોઈ પ્રકારની તાવીલ નથી થઈ શકતી. એ લોકો પર અફસોસ છે જેઓ આ હદીષથી આંખો બંધ કરીને દરેક બિદઅતને બુરી કહે છે, જ્યારે કે પોતે હજારો બિદઅતો કરે છે. બિદઅતની તેહકીક અને તેની સમજૂતી પાછલા પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી.


**હિંમતનગરમાં "બરકાતે ખ્વાજા" (માસિક) નોંધાવવા સંપર્ક કરો**

**ડૉ. મુહમ્મદ નઝીર અહમદ દેવલા, ૫/૮૫૬ દારૂશ્શિફા, તસ્નીમ હાઉસ, મુસ્તફા મસ્જિદ પાસે, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર, મો. ૯૮૨૫૬ ૩૨૭૮૧**

*નોંધ : જનાબ ડો. સાહબે ટૂંક સમયમાં ૬૩ ગ્રાહકો કરી મોકલ્યા છે. જઝાકલ્લાહ ! –તંત્રી*



# શિફા શરીફ


**મૂળ લેખક :** ફક઼ીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક :** ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


વિભાગ : ૨

## નબી ﷺ નાં મુબારક નામો

ક઼ાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી અબૂ ઈમરાન મૂસા બિન અબી તલીદ ફક઼ીહ رحمۃ اللہ علیہ એ પોતાની સનદના સાથે હઝરત જુબૈર બિન મુતઅમ رضی اللہ عنہ (વિસાલ : હિ.સ. ૫૪/ઈ.સ. ૬૭૨)થી રિવાયત છે કે સરવરે કોનો મકાં ﷺ એ ફર્માવ્યું, મારા પાંચ નામ છે : (૧) હું "મુહમ્મદ" છું. (૨) હું "અહમદ" છું. (૩) હું "માહી" છું કે અલ્લાહ તઆલા કુફ્રને મારા કારણે મિટાવશે. (૪) હું "હાઝિર" છું કે અલ્લાહ તઆલા ઈન્સાનોને મારા કદમોમાં કરશે. (૫) હું "આક઼િબ" છું કેમ કે તમામ અંબિયાથી છેલ્લે હું આવ્યો છું.

જે વિશિષ્ટતાઓના સાથે અલ્લાહ તબારક વ તઆલાએ આપણા આક઼ા તથા મૌલા સૈયદના મુહમ્મદ મુસ્તફા ﷺ ને ખાસ ફર્માવ્યા તેમનામાં એક વિશિષ્ટતા એ પણ હતી કે આપના મુક઼દ્દસ નામોમાં પણ આપની પ્રશંસા મૌજૂદ છે. વળી નબીના નામોમાં મહાન શુક્રગુઝારી રાખવામાં આવી છે અને સાથે તે મહાન હોદ્દા, વિશિષ્ટતાઓ અને પ્રતિષ્ઠાઓ પણ દલીલો પૂરી પાડી રહી છે.

આપનું મુબારક નામ "અહમદ" આ "અફઅલ"ના વજન પર પ્રાધાન્ય છે જે હમ્દની અત્યુક્તિ છે એટલે અલ્લાહ તઆલાની ખૂબ જ પ્રમાણમાં અથવા સૌથી વધુ હમ્દ કરવાવાળા. અને "મુહમ્મદ" "મુફઅ્અલ"ના વજન પર (કામ કરવાની હાલત) અત્યુક્તિનું સૂચક છે. (એટલે اَلَّذِیْ یُحْمَدُ حَمْدًا بَعْدَ حَمْدٍ) આ સૂચકમાં વધારે પ્રમાણમાં પ્રશંસાની અતિશયતા છે. એટલે ખૂબ જ વધારે પ્રશંસા કરવામાં આવેલ અથવા સૌથી વધુ તારીફ કરવામાં આવેલ.

પછી હમ્દના કરવામાં આવેલ કાર્યને ધ્યાનથી જુઓ તો ફખ્રે દો આલમ ﷺ સૌથી વધારે તારીફ કરવામાં આવેલા છે. અને તેની તફઝીલ (પ્રાધાન્યતા)ને ધ્યાનથી જુઓ આપ સૌથી વધીને ખુદાની હમ્દો ષના કરવાવાળા છે, ત્યાં સુધી કે ઉચ્ચ લવાએ હમ્દ પણ ક઼યામતના દિવસે આપના મુબારક હાથમાં હશે અને તમામ ઈન્સાન અન ફરિશ્તા આપના મહાન હોદ્દા અને ઉચ્ચ મક઼ામથી ખબરદાર થઈ આપની શક્તિ પ્રમાણે પ્રશંસા કરશે. આપ આ મક઼ામ પર હમ્દની ખાસિયતના સાથે મશહૂર થશે અને મક઼ામે મહમૂદ પર ઊભા કરવામાં આવશે જેનો આપને વાયદો કરવામાં આવ્યો છે. તે સમયે તમામ આગળના અને પાછળના આપની પ્રશંસા અને ગુણગાનમાં ખૂબ જ પ્રશંસા કરનારા બની જશે, પછી આપ લોકોની શફાઅત કરશે અને આ સ્થળ પર હમ્દો ષનાના તે શબ્દો આપ પર ઉદ્ઘાટિત થશે જે ફખ્રે દો આલમ ﷺ ના સિવાય કોઈ બીજા પર ઉદ્ઘાટિત થશે નહીં. ઉપરાંત પહેલાંના ઉચ્ચ અંબિયાએ કિરામની કિતાબોમાં આ ઉમ્મતને "હમ્માદૂન"ના નામથી નામકરણ કરવામાં આવી છે આના કારણે પણ આપ જ વધારે હક઼્દાર છે કે આપનું મુબારક નામ "મુહમ્મદ" અને "અહમદ" હોય. (ﷺ)

ઉપરના બંને નામોમાં જ્યાં અજબ વિશિષ્ટતાઓ અને અનોખી નિશાનીઓ છે ત્યાં એક નિરાલી વાત પણ છે કે સરવરે કોનો મકાં ﷺ થી પહેલાં અલ્લાહ તઆલાએ તમામ મનુષ્યોને પોતાના બાળકોના નામ "મુહમ્મદ" રાખવાથી રોકી રાખ્યા હતા. પાછલી આકાશી કિતાબોમાં જે આપનું મુબારક નામ અહમદ ﷺ આવેલું છે અને અંબિયાએ કિરામ علیہم السلام એ

આ નામના સાથે પધરામણીની ખુશખબર સંભળાવી છે તો અલ્લાહ તઆલાએ લોકોને આ નામ રાખવાથી રોકી રાખ્યા કે કોઈ બીજો આ નામથી ન ઓળખાય, જેથી આપના પહેલાં કોઈ આ નામના સાથે નામધારી થયો નથી, જેથી કોઈ કમજોર અકીદાવાળાના હૃદયમાં કોઈ પ્રકારની શંકા કે સંદેહ પૈદા ન થઈ શકે. (આ પ્રકારમાં શંકા થઈ શકતી હતી કે કદાચ આ શખ્સને ખુશખબરી સંભળાવવામાં આવી હતી.)

આવી રીતે આપનું મુબારક નામ મુહમ્મદ ﷺના સાથે પણ આપના પહેલાં (અરબમાં કોઈ શખ્સે નામ) રાખેલું નથી. હા ! આપના કલ્યાણકારી મુબારક જન્મના કેટલાક સમય પહેલાં જ્યારે લોકોમાં આમ ચર્ચા હતી કે નબી આખિરુઝ્ઝમાં પેદા થવાવાળા છે અને તેમનું મુબારક નામ મુહમ્મદ ﷺ થશે. અરબના કેટલાક લોકોએ પોતાના પુત્રોનું આ નામ રાખી દીધું કે કદાચ અમારો પ્રિય પુત્ર જ આ મહાન હોદા પર બિરાજમાન થઈ જાય પરંતુ અલ્લાહ તઆલા જ ખૂબ જાણે છે કે તે પોતાની રિસાલત (પયગંબરી)ને ક્યાં રાખે.

સરવરે કોનો મકાં ﷺથી પહેલાં કેટલાક લોકોને આ નામથી નામધારી બનાવવામાં આવ્યા તેઓ આ પ્રમાણે છે : (૧) મુહમ્મદ બિન ઉહયમહ્ બિન અલ્હલાહ લ્અવસી (૨) મુહમ્મદ બિન મુસલિમહ્ અન્સારી (૩) મુહમ્મદ બિન બરાઅબ્કરી (૪) મુહમ્મદ બિન સુફયાન બિન મજાશઅ (૫) મુહમ્મદ બિન હમરાન અલજઅફી (૬) મુહમ્મદ બિન નઅઝાઈ અલ્હલ્મી, આવા હઝરાત કેવળ છ થયા છે સાતમો કોઈ નહીં. એક કથન એ છે કે સૌ પ્રથમ જેનું નામ મુહમ્મદ રાખવામાં આવ્યું તેઓ મુહમ્મદ બિન સુફયાન છે (જેનું નામ ક્રમમાં ચોથુ) છે. યમનવાળા કહેતા હતા કે સૌથી પ્રથમ આ નામથી જાણીતા થયા તે મુહમ્મદ બિન અહમદ છે જે કબીલા અજદનો રહેવાવાળો હતો.

જ્યારે આ લોકો આ નામ સાથે જાણીતા થયા તો અલ્લાહ તઆલાએ આ કૃત્યને એ રીતે રક્ષ્યું કે તેમનામાંથી કોઈપણ શખ્સે નબુવ્વતનો દાવો કર્યો નહીં, અન ન તેના નબી હોવાનો કોઈ બીજાએ દાવો કર્યો અન ન કોઈ એવું અજબ કૃત્ય બન્યું જેના કારણે બીજાને શંકામાં સપડાવી દે.

આ પછી આપની પૃથ્વી પર જલ્વાગરી (ભવ્ય રીતે પધરામણી) થઈ અને આ બંને કૃત્યો : (૧) પોતે નબુવ્વતનો દાવો કરવો (૨) બીજાઓનું એ કહેવાનું કે ફલાણા નબી છે, નું આપના માટે તહકીક્ થઈ ગયું અને તેમનામાં કોઈ પ્રકારનો ઝઘડો નથી.

રહ્યો ફખ્રે દો આલમ ﷺનો મુબારક હુકમ કે હું "માહી" છું એટલે અલ્લાહ તઆલા કુફ્રને મારા હાથે મિટાવશે, પરિણામે હદીષે પાકમાં તેની તફસીર જાતે જ કરી દીધી છે. રહ્યું કુફ્રનું મિટાવવું તો તેનાથી મુરાદ મક્કાએ મોઅઝ્ઝમાથી કુફ્રનું મિટાવવું છે અથવા તમામ અરબ મુલ્કમાંથી અથવા જેટલી જમીન આપના લીધે સંકોચી લેવામાં આવી છે અથવા જેનાથી આપને વાયદો કરવામાં આવ્યો છે કે ઉમ્મતે મુહમ્મદિયા ત્યાં સુધી વિજયી થશે. તેના સિવાય એ પણ થઈ શકે છે કે આ શબ્દ સામાન્ય હોય જે પ્રગટીકરણ અને સફળતાના અર્થમાં પણ વપરાય છે, જેવો કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ "જેથી તને (ઈસ્લામને) બધા ધર્મો પર વિજયી બનાવે." *(સૂરએ તૌબા, આ. ૩૩, સૂરએ સફ્ફ, આ. ૯)* આ શબ્દ "મહવ"ની તફસીર હદીષે પાકમાં પણ આવી છે કે આપના કારણે દરેક શખ્સના ગુનાહ નાશ પામી જશે જે નબીએ કરીમ ﷺની પૈરવી★ કરશે.

★ *આ વિષયે ખૂદ કુર્આને કરીમમાં પણ છે એટલે, "હે મહબૂબ ! તમે ફર્માવી દો કે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોવ તો મારા ફર્માબરદાર બની જાવ, અલ્લાહ તમને દોસ્ત રાખશે અને તમારા ગુનાહ માફ કરી દેશે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે." (સૂરએ આલે ઈમરાન, આ. ૩૦) આ આયતમાં અલ્લાહ તઆલાએ મદની તાજદાર હબીબે પરવરદિગાર અહમદે મુજતબા ﷺની પૈરવી કરવાવાળાના ગુનાહો માફ કરવાનો વાયદો ફર્માવ્યો છે અને સાથે જ પોતાના મહબૂબના ગુલામો પર પોતાની રહમત અને માફીની ખુશખબરી સંભળાવી છે, આ બધું મળશે પણ હબીબ (ﷺ) પૈરવીના સદકામાં.*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**શોરે મહે નવ સુનકર તુઝ તક મૈં દવાં આયા**
**સાકી મૈં તેરે સદકે મય દે રમઝાન આયા**

*(શોર = શોહરત, મહે નવ = નવો ચાંદ, દવાં = દોડી આવ્યો, સાકી = પીવડાવનાર, મય દે = પાક શરાબ આપ)*

**અર્થ :** નવો ચાંદ નીકળવાનો શોર સાંભળી હું ભાગ્યો ભાગ્યો આપની બારગાહમાં આવ્યો છું. હે મારા હબીબ ! ﷺ પ્યાસાઓને મહોબ્બતની શરાબ પીવડાવનાર સાકી ! હું આપની મહેરબાનીઓ પર કુર્બાન થાઉં, મને પણ ઈશ્કે ખુદા અને આપના દીદારનો મીઠો શરબત પીવડાવી દો, રમઝાનનો મુબારક મહીનો આવી ગયો છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ નઅતના અશઆર તે વખતે કહ્યા જ્યારે આપે રમઝાનનો પૂરો મહીનો મદીના શરીફમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં ગુઝાર્યો અને ત્યાંથી જ હજ્જનો ઈરાદો કરી હજ્જ અદા કરી.

**ઈસ ગુલ કે સિવા હર ફૂલ બા ગોશે ગિરાં આયા**
**દેખે હી ગી અય બુલબુલ જબ વક્તે ફુગાં આયા**

*(ગુલ = ફૂલ, ગોશે ગિરાં = ભારી કાન, બહેરો, ફુગાં = ફરિયાદ, કિલકિલાટ)*

**અર્થ :** હે બુલબુલ ! તું જોઈશ કે જ્યારે તકલીફની ઘડીઓ આવશે ત્યારે આ પ્યારા ફૂલ સિવાય બધા જ ફૂલો કાન બંધ કરી લેશે, તારી ફરિયાદ તારી દુઃખભરી ચીસ કોઈ નહીં સાંભળે.

જ્યારે કયામત કાયમ થશે ત્યારે લોકો પરેશાન થઈને પોતાની મદદ માટે પુકાર અને રૂદન કરશે. દરેક નબી પાસે જશે પણ કોઈ પણ ફરિયાદ નહીં સાંભળે. ફક્ત તે દિવસે પ્યારા આકા ﷺ દુઃખીઓના હમદર્દ શફાઅત ફર્માવશે.

**જબ બામે તજલ્લી પર વો નય્યરે જાં આયા**
**સર થા જો ગિરાં ઝુક કર દિલ થા જો તપાં આયા**

*(બામે તજલ્લી = રોશનીની છત, પ્રકાશિત સવાર, નય્યર = ચમકાવનાર, સૂરજ, તપાં = તડપનાર)*

**અર્થ :** જ્યારે મેહશરની સવાર થશે ત્યારે શાફએ મેહશર નય્યરે આ'ઝમ ﷺ તશરીફ લાવશે તો દરેક માથુ નમ્રતાથી ઝુકી જશે અને દરેક દિલ તેમની મહોબ્બતમાં તડપશે.

**જન્નત કો હરમ સમજા આતે તો યહાં આયા**
**અબ તક કે હર એક કા મુંહ કેહતા હૂં કહાં આયા**

*(હરમ = મદીના શરીફ, તક કે = જોઈને)*

**અર્થ :** જન્નતને હુઝૂર ﷺની બારગાહ મદીના શરીફ સમજીને આવી ગયો, પછી ખબર પડી કે આ મદીના શરીફ નથી, તો દરેકના મોઢાને જોઈને પૂછ્યુ કે હું ક્યાં આવી ગયો ?!

આ'લા હઝરત ઉપરોક્ત શેઅરમાં આશિકની હાલત બયાન કરે છે. આશિકે રસૂલ મદીનાથી બહેદ મહોબ્બત કરે છે અને એને જન્નતથી પણ વધુ પસંદ કરે છે કે મદીના શરીફમાં જન્નતના માલિક આરામ ફર્માવી રહ્યા છે. જન્નતમાં ત્યારે જ આરામ અને ચૈન મળશે જ્યારે કે હુઝૂર ﷺનો દીદાર થાય. એટલા માટે સહાબાએ કિરામે જન્નતમાં હુઝૂર ﷺના પડોશી બનવા ગુઝારિશો કરી.

હદીષ શરીફમાં છે કે હઝરત રબીઆ رضی اللہ عنہا

હુઝૂર ﷺને વુઝૂ માટે પાણી આપતા હતા. એક દિવસે ખુશ થઈને હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે રબીઆ ! માંગો ! શું માંગો છો ? હઝરત રબીઆએ અર્ઝ કરી, હુઝૂર ! જન્નતમાં પણ આપની સંગત નસીબ થાય. *(મિશ્કાત શરીફ)*

તફસીરની કિતાબોમાં છે કે સહાબાએ કિરામે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ તો જન્નતમાં ઊંચા મક઼ામમાં હશો અને અમે આપથી નીચેના દરજામાં હોઈશું, તો આપનો દીદાર કેવી રીતે કરી શકીશું ?! તો આ આયતે કરીમા નાઝિલ થઈ, "અને જે લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માંબરદાર હશે તે એવા લોકો સાથે હશે જેની ઉપર અલ્લાહ તઆલાએ ઈનઆમ ફર્માવ્યું છે, અને તે લોકો નબીઓ, શહીદો, સિદ્દીક઼ો અને સાલેહીનો છે અને કેટલા સારા સાથીઓ છે." *(કુર્આન, પારા–૫, રુકૂઅ :૫, આયત : ૬૯)*

ખુલાસો એ છે કે આશિક઼ને જન્નત પણ ત્યારે જ પસંદ છે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારથી માલામાલ થઈ શકે.

**તયબહ કે સિવા સબ બાગ પામાલે ફના હોંગે**
**દેખોંગે ચમનવાલો જબ અહદે ખિઝાં આયા**

*(પામાલ = બર્બાદ, અહદે ખિઝાં = પાનખર ઋતુ, બર્બાદીનો સમય)*

**અર્થ** : હે બાગ બગીચાવાળાઓ ! તમે જોશો કે તયબહ સિવાય બધા જ બાગ બર્બાદ થઈ જશે જ્યારે બર્બાદીની ઋતુ આવશે. ખુદાના અટલ ક઼ાનૂન પ્રમાણે દરેક વસ્તુને ફના થવાનુ છે, આખી દુનિયા ફના થશે પરંતુ મદીના શરીફ માટે સૌથી છેલ્લે આ ક઼ાનૂન પર અમલ કરવામાં આવશે. જેવું કે હદીષ શરીફમાં છે કે ઈસ્લામની આબાદીઓમાં સૌથી છેવટમાં મદીના પાક ખતમ થશે. *(નિસાઈ)* એટલે આખી દુનિયા ફના થઈ જશે પરંતુ મદીના શરીફ ક઼યામત સુધી ક઼ાયમ રહેશે.

**સર ઔર વો સંગે દર ! આંખ ઔર વો બઝમે નૂર**
**ઝાલિમ કો વતન કા ધ્યાન આયા તો કહાં આયા !**

*(સંગેદર = આક઼ાની ચોખટ, બઝમે નૂર = નૂરની મેહફિલ)*

**અર્થ** : માથુ હુઝૂર ﷺની ચોખટ પર અને આંખો નૂરાની મેહફિલના દર્શનમાં મગ્ન, એવા સુહાના સમયે ઝાલિમ દિલને વતનનો ખયાલ આવ્યો ?!

**કુછ નઅત કે તબકે કા આલામ હી નિરાલા હૈ**
**સકતા મેં પળી હૈ અક઼લ ચક્કરમેં ગુમાં આયા**

*(તબક઼ે = મર્તબા, આલમ = હાલત, સકતા = બેહોશી, ગુમાં = ખયાલ)*

**અર્થ** : હુઝૂર ﷺની તારીફ કરનાર નઅત શરીફ પઢનારાઓનો મર્તબો એટલો ઊંચો છે કે જેને જોઈને બુદ્ધિજીવીઓની બુદ્ધિના હોશ ઉડી ગયા અને અનુમાન કર્તાઓના અનુમાનોને ચક્કર આવી ગયા !

**જલતી થી ઝમીં કૈસી, થી ધુપ કળી કૈસી**
**લો વો ક઼દે બેસાયા અબ સાયા ક઼ુના આયા**

*(ક઼દ = બદન, બેસાયા = પડછાયા વગરનો, સાયા ક઼ુના = છાયો કરનાર)*

**અર્થ** : મેદાને મેહશરમાં જ્યારે સૂરજ સવા નેઝા પર હશે, જમીન તાબાની હશે ત્યારે તડકો કેટલો સખત હશે ?! અને જમીન કેટલી ઉકળતી હશે ?! એવા સમયે જીવનભર જેમના શરીરનો પડછાયો નથી પડયો તેવા બેસાયા નબી ﷺ ગુનેહગાર ઉમ્મતીઓ માટે શફાઅતનો સાયો (છાંયડો) બનીને આવશે. (સુબ્હાનલ્લાહ !)

**તયબહ સે હમ આતે હૈં કહિયે તો જેનાવાલો**
**ક્યા દેખ કે જીતા હૈ જો વાં સે યહાં આયા**

*(તયબાહ = મદીના શરીફ, જેના = જન્નત, વાં = ત્યાં)*

**અર્થ** : હે જન્નતવાળાઓ ! અમને બતાવો કે જો અમે તયબહને છોડીને જન્નતમાં આવી જઈએ તો કોને જોઈને જીવીશું ?! કારણ કે અમારી ખોરાક તો મુસ્તફા ﷺના રોઝાની ઝિયારત છે. જો તે

રોઝાને છોડીને જન્નતમાં આવતા રહીએ તો કોને જોઈને જીવીશું ?! અર્થ એ કે આશિક જન્નતમાં પણ હુઝૂર ﷺના દીદારને કારણે જવાનું પસંદ કરે છે જેની વિગત ઉપર ગુજરી.

**લે તૌક઼ે અલમ સે અબ આઝાદ હો અય કુમરી**
**ચિઠ્ઠી લીએ બખ્શિશ કી વો સર્વેરવાં આયા**

*(તૌક઼ = ગળાનો ફંદો, અલમ = દુઃખ, કુમરી = પક્ષી, હોલો, સર્વેરવાં = મહબૂબ)*

**અર્થ** : દુઃખના ફંદાથી હવે આઝાદ થઈ જા, હે દુઃખી પક્ષી ! (ગુનહગાર) તારી બખ્શિશની ચિઠ્ઠી લઈને તારો મહબૂબ આવી ગયો છે ! ક઼યામતના દિવસે અમુક લોકોના ગુનાહ નેકીઓ કરતાં વધારે હશે જેથી હુકમ થશે કે તેઓને દોઝખમાં નાખી દો ! તો કપરા સમયે દુઃખીઓના આક઼ા મીઝાન પાસે પધારશે અને જે લોકો આપ ﷺથી મહોબ્બત કરતા હતા તેઓની નેકીઓના પલ્લામાં એક ચિઠ્ઠી મૂકી દેશે જેથી તેઓની નેકીઓ વધી જશે અને જન્નતમાં જવાનો હુકમ થશે. લોકો આપની બારગાહમાં અર્ઝ કરશે કે આપ કોણ છો અને આ ચિઠ્ઠી કેવી છે ?! તો આપ ﷺ ફર્માવશે, હું તારો નબી છું અને ચિઠ્ઠી તે તારું દુરૂદ હતું જે દુનિયામાં તેં મારી બારગાહમાં મોકલ્યુ હતું. *(જવાહિરુલ બિહાર, ભાગ–૨, પેજ–૩૫૭, મવાહિબે લદુન્નિયા)*

**નામા સે રઝા કે અબ મિટ જાઓ બુરે કામો**
**દેખો મેરે પલ્લે પર વો અચ્છે મિયાં આયા**

*(નામા = નામાએ આમાલ, અચ્છે મિયાં = આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ જેઓ મારેહરા શરીફના રહેવાસી છે.)*

**અર્થ** : હે બુરાઈઓ ! અહમદ રઝા (رحمۃ اللہ علیہ)ના નામએ આમાલથી હટી જાવ ! જુઓ ! મારા પીરો મુર્શિદ આલે નબી ખુદાના વલી હઝરત અચ્છેમિયાં رحمۃ اللہ علیہ મારી મદદ માટે આવી ગયા છે.

**બદ્કાર "રઝા" ખુશ હો બદ્કામ ભલે હોંગે**
**વો અચ્છે મિયાં પ્યારા અચ્છોં કા મિયાં આયા**

**અર્થ** : આ'લા હઝરતે નમ્રતા અને આજીજીરૂપે પોતાને ગુનહગાર તરીકે દર્શાવ્યા છે જે બુઝુર્ગોની આદત છે. ફર્માવે છે, હે અહમદ રઝા ! તું ખુશ થઈ જા ! તારા બધા બુરાં કામો ધોવાઈ જશે અને નેકીઓમાં બદલાઈ જશે, કારણ કે પ્યારા એવા સારા લોકોના સરદાર અચ્છેમિયાં رحمۃ اللہ علیہ આવી ગયા છે.

હઝરત અચ્છેમિયાં رحمۃ اللہ علیہ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ છે. આપનું નામ આલે અહમદ છે અને અચ્છેમિયાં આપનો લક઼બ છે. આપ હિ.સ. ૧૧૬૦માં ૨૮ રમઝાને પૈદા થયા. આપ મહાન આલિમે દીન અને વલીએ કામિલ હતા. આપના ઈલ્મની મહાનતા એવી હતી કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જેવા મહાન આલિમ વહદતુલ વુજૂદ જેવા બારિક મસ્અલાને સમજવા લોકોને આપની પાસે મોકલતા હતા. આપનો વિસાલ હિ.સ. ૧૨૩૫માં થયો. આપનો મઝાર શરીફ મારેહરા શરીફ, જિ. ઈટા, યુ.પી.માં આવેલ છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہને પોતાના પીરો મુર્શિદથી ઘણી મહોબ્બત હતી અને હુઝૂર અચ્છેમિયાં رحمۃ اللہ علیہ પણ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہને ખૂબ ચાહતા હતા. આપ ફર્માવતા હતા કે જો ક઼યામતના દિવસે ખુદા મને પૂછશે કે હે આલે અહમદ ! દુનિયામાંથી શું લાવ્યો છે ? તો હું આ'લા હઝરતને પેશ કરીને અર્ઝ કરીશ, મૌલા ! દુનિયામાંથી તારી બારગાહમાં અહમદ રઝાને ભેટરૂપે લાવ્યો છું ! (સુબ્હાનલ્લાહ !)

## મસ્જિદ બંધાવી આપો !

**જુરા** : તા. ભૂજ–કચ્છ ખાતે ૧૫૦ મુસલમાન ઘરોની વસ્તી છે ત્યાં મસ્જિદનું બાંધકામ કરવા માટે ૨૫ લાખનું એસ્ટિમેટ છે. આર્થિક સ્થિતિ નબળી છે જેથી સખીદાતાઓ આવી આર્થિક પછાત જગાએ ધ્યાન આપી મસ્જિદ તામીર કરાવી આપી જન્નતમાં મહેલ મેળવે એવી વિનંતિ. સંપર્ક કરોઃ (મુતવલ્લી) સૈયદ અકબરશાહ કાસમશાહ, જુરા મસ્જિદ, મુ. જુરા, તા. જિ. ભૂજ (કચ્છ) મો. ૯૯૭૮૮ ૬૪૮૪૬ તથા ઈમ્તિયાઝભાઈ (ભૂજ) મો. ૯૯૭૯૯ ૬૫૧૧૫

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ તહજ્જુદની નમાઝ ★

ઈશા પછી સૂઈને જાગતાં જે પણ સમય હોય તે તહજ્જુદનો સમય છે, પરંતુ રાતના પાછલા ત્રીજા ભાગમાં પઢવી શ્રેષ્ઠ અને બેહતર છે. તહજ્જુદની નમાઝ સુન્નત છે અને સુન્નતની નિય્યતથી પઢવામાં આવે છે. ઓછામાં ઓછી બે રકાતો અને વધુમાં વધુ આઠ રકાતો છે. *(ફત્હુલ કદીર, આલમગીરી)*

**<u>મસ્અલો</u>** : દિવસની નફ્લોમાં એક જ સલામથી ચાર રકાતથી વધુ અને રાતના નફ્લોમાં આઠ રકાતથી વધુ પઢવી મકરૂહ છે. અને અફઝલ, શ્રેષ્ઠ એ છે કે દિવસ હોય કે રાત, ચાર રકાતે સલામ ફેરવી દે. *(દુર્રે મુખ્તાર)*

**<u>મસ્અલો</u>** : જો બે રકાત નફ્લથી વધુની નિય્યત કરી હોય તો દરેક બે રકાતે કાયદો કરવો પડશે.

**ચેતવણી** : એકી સાથે બે રકાતથી વધુ નફ્લોમાં શરતો મુશ્કેલ છે માટે સહૂલત બે બે રકાત કરી પઢવામાં છે.

### ★ ઈશરાકની નમાઝ ★

આ નમાઝ પણ સુન્નત છે. ફજરની નમાઝ પઢી દુરૂદ શરીફ વગેરે પઢયા કરે, જ્યારે સૂર્ય ઉગી થોડો ઊંચે ચઢી જાય એટલે કે ઉગ્યા પછી ઓછામાં ઓછી વીસેક મિનિટ થઈ જાય તો પછી બે રકાત નમાઝ પઢવી.

### ★ ચાશતની નમાઝ ★

આ નમાઝ પણ સુન્નત છે, ઓછામાં ઓછી બે રકાત અને વધુમાં વધુ બાર રકાતો છે. અને બાર પઢવી અફઝલ છે. આ નમાઝનો સમય સૂર્ય બરાબર ઊંચે જાય પછીથી ઝવાલ શરૂ થવા સુધી છે પરંતુ બેહતર સમય ચોથા ભાગનો દિવસ થાય તે વખતે છે.

### ★ ઈસ્તેખારાની નમાઝ ★

હદીષોમાં આવ્યું છે કે જ્યારે માણસ કોઈક કામ કરવાનો ઈરાદો કરે ત્યારે બે રકાત નફિલ નમાઝ પઢે. જેની પહેલી રકાતમાં "અલ્હમ્દુ" શરીફ પછી "સૂરએ કાફિરૂન" અને બીજી રકાતમાં અલ્હમ્દુ પછી "સૂરએ ઈખ્લાસ" પઢે. પછી આ દુઆ પઢી વુઝૂ સાથે કિબ્લા તરફ મોઢું રાખી સૂઈ રહે. દુઆની શરૂમાં અને છેવટે સૂરએ ફાતેહા અને દુરૂદ શરીફ પણ પઢે. દુઆ આ છે :–

**اَللّٰهُمَّ اِنِّیۡ اَسۡتَخِیۡرُكَ بِعِلۡمِكَ وَاَسۡتَقۡدِرُكَ بِقُدۡرَتِكَ وَاَسۡئَلُكَ مِنۡ فَضۡلِكَ الۡعَظِیۡمِ فَاِنَّكَ تَقۡدِرُ وَلَا اَقۡدِرُ وَ تَعۡلَمُ وَلَا اَعۡلَمُ وَاَنۡتَ عَلَّامُ الۡغُیُوۡبِ اَللّٰهُمَّ اِنۡ كُنۡتَ تَعۡلَمُ اَنَّ هٰذَا الۡاَمۡرَ خَیۡرٌ لِّیۡ فِیۡ دِیۡنِیۡ وَمَعَاشِیۡ وَعَاقِبَةِ اَمۡرِیۡ عَاجِلِ اَمۡرِیۡ وَاٰجِلِهٖ فَاقۡدِرۡهُ لِیۡ وَیَسِّرۡهُ لِیۡ ثُمَّ بَارِكۡ لِیۡ فِیۡهِ وَاِنۡ كُنۡتَ تَعۡلَمُ اَنَّ هٰذَا الۡاَمۡرَ شَرٌّ لِّیۡ فِیۡ دِیۡنِیۡ وَمَعَاشِیۡ عَاقِبَةِ اَمۡرِیۡ عَاجِلِ اَمۡرِیۡ وَاٰجِلِهٖ فَاصۡرِفۡهُ عَنِّیۡ وَاصۡرِفۡنِیۡ عَنۡهُ وَاقۡدِرۡ لِیَ الۡخَیۡرَ حَیۡثُ كَانَ ثُمَّ رَضِّنِیۡ بِهٖ۔**

બંનેવ **اَلۡاَمۡر** શબ્દોની જગ્યાએ પોતાની જરૂરતનું નામ લેવું જેમ કે પહેલામાં **هٰذَا السَّفَرُ خَیۡرٌ لِّیۡ** કહે અને બીજામાં **هٰذَا السَّفَرُ شَرٌّ لِّیۡ** કહે. *(ગુનિયા)*

**અર્થ** : અય અલ્લાહ ! હુ તારાથી ઈસ્તેખારો કરું છું. તારા ઈલ્મની સાથે અને તારી કુદરતથી શક્તિ માંગુ છું. અને તારાથી તારો શ્રેષ્ઠ ફઝ્લ માંગુ છું, એટલા માટે કે તું કુદરતવાળો છે અને મારામાં કુદરત નથી અને તુ જાણે છે, હું નથી જાણતો, અને તું છુપા ભેદોને જાણવાવાળો છે. અય અલ્લાહ ! તારા

ઈલ્મમાં છે કે આ કામ મારા માટે અધિક સારું છે, મારા દીન દુનિયા અને જીવનમાં અત્યારે અને હવે પછી વર્તમાન અને ભાવિમાં, તો તું એને મારા માટે મુક઼દ્દર કરી આપ. તેમજ મારા માટે સહેલુ કરી, તેમાં બરકત આપ. જો તું જાણે છે કે મારા માટે આ કામ બુરૂ છે, મારા દીન દુનિયા તેમજ જીવનમાં અને ભાવિના પરિણામમાં એ અશુભ છે તો એને થવા ન દેજે અને મને એનાથી રોકજે, અને મારા માટે ભલાઈ જેમાં હોય તે કામ થવા દઈ તેનાથી મને ખુશ રાખશે.

**મસ્અલો** : નેકીના કાર્યો જેમ કે હજ્જ, જેહાદ વગેરે માટે ઈસ્તેખારો નથી. હા, એનો વખત નક્કી કરવા માટે થઈ શકે છે. *(ગુનિયા)*

**મસ્અલો** : બેહતર એ છે કે ઓછામાં ઓછો સાતવાર ઈસ્તેખારો કરે પછી જુએ કે જે વાત તરફ દિલ સ્થિર થતુ હોય તેમાં ભલાઈ છે. કેટલાય બુઝુર્ગોથી કહેવાયું છે કે જો સ્વપ્નમાં સુફેદી કે લિલાશ દેખાય તો સારું છે અને કાળશ જુએ તો ખરાબ છે માટે એ કામથી બચવું. *(રદ્દુલ મુહતાર)*

### ★ નમાઝે હાજત ★

જયારે કોઈને હાજત કે જરૂરત અલ્લાહ તઆલાથી હોય અથવા કોઈ કામ કોઈક બંદાથી કરાવવાનું હોય, અથવા મુસીબત આવી પડી હોય તો ખૂબ જ સાવચેતીપૂર્વક સારી રીતે વુઝૂ કરી બે અથવા ચાર રકાત નફ્લ નમાઝ પઢવી. એની પહેલી રકઅતમાં ''અલ્હમ્દુ'' શરીફ પછી ત્રણ વાર ''આયતુલ કુરસી'', બીજી રકાતમાં ''અલ્હમ્દુ'' પછી એકવાર 'કુલ્હુવલ્લાહ' ત્રીજીમાં ''સૂરએ ફલક'' અને ચોથીમાં ''સૂરએ નાસ'' પઢે. સલામ ફેરવ્યા પછી ત્રણવાર :–

هُوَ اللّٰهُ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا هُوَ عَالِمُ الغَيْبِ وَالشَّهَادَةِ
هُوَ الرَّحْمٰنُ الرَّحِيْم

પછી ત્રણવાર :–

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ
وَ لَا حَوْلَ وَلا قُوَّةَ اِلَّا بِاللّٰهِ

પછી ત્રણવાર કોઈક દુરૂદ શરીફ પઢવું પછી આ દુઆ પઢવી :–

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَكِيْمُ الْكَرِيْمُ، سُبْحَانَ اللّٰهِ، رَبِّ الْعَرْشِ الْعَظِيْمِ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ العَالَمِيْنَ اَسْئَلُكَ مُوْجِبَاتِ رَحْمَتِكَ وَعَزَائِمَ مَغْفِرَتِكَ وَالْغَنِيْمَةَ مِنْ كُلِّ بِرٍّ وَالسَّلَامَةَ مِنْ كُلِّ اِثْمٍ لَا تَدَعْ لِىْ ذَنْباً اِلَّا غَفَرْتَهٗ وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ وَلَا حَاجَةً هِىَ لَكَ رِضاً اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

## યુ.કે.માં ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો વાર્ષિક શાનદાર ઈજતેમા થશે

**પ્રેસ્ટન** : નૂર હોલ, નૂર સ્ટ્રીટ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે તા. ૨૭–૨૮–૨૯ મે ૨૦૧૧ શનિ–રવિ ત્રણ દિવસીય સુન્ની ઈજતેમા ''મસ્લકે આ'લા હઝરત''નો પયગામ આપવા માટે, સમાજ સુધારણા માટે યોજાયો છે જેમાં વિવિધ ઉલમાએ અહલે સુન્નત હાજરી આપશે. વિશેષતઃ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આઝમીખાં આ'ઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.) તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી તથા બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાનખાન સાહબ હાજરી આપશે. ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળાની નિગરાનીમાં ઈજતેમાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. યુ.કે.ના સુન્નીઓ સર્વ ભાઈઓ–બહેનોને હાજરીની ખાસ દા'વત છે. દુનિયા તથા આખેરતમાં સુકૂન પામવા માટે આ ઝિક્રે ખુદા વ રસૂલની મેહફિલમાં જરૂર હાજર થાવ, તમારી ઔલાદને આવારગી તથા ગુમરાહીથી બચાવવા જરૂર સાથે લાવો અને તમારી સ્ત્રીઓને નેક પાકીઝા જીવન ગુજારવાની પ્રેરણા માટે જરૂર આ ઈજતેમામાં મોકલો.

*રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી (નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી, ગુજરાત ઝોન)*

(કટાક્ષ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મૌલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

## તૌહીદના અક઼ીદાના સાથે ખૂનરેઝ ટક્કર !

હવે તૌહીદના અક઼ીદા સામે ટક્કરનો એક ઔર ખૂનરેઝ બનાવ જોઈ લો ! દેવબંદી વર્તુળના હકીમ કહેવાતા મૌલ્વી અશ્રફઅલી થાન્વીનું જીવનવૃત્તાંત લખનારા ખ્વાજા હસનુલઅઝીઝે પોતાની કિતાબ ''અશ્રફુસ્સવાનેહ''માં મૌલ્વી થાન્વી સંબંધે એક બનાવ નક઼લ કર્યો છે, લખ્યું છે કે :–

*હાફિઝ અહમદ હુસૈન શાહજહાંપુરી જેઓ શાહજહાંપુરના એક શ્રીમંત હોવા ઉપરાંત એક (બુઝુર્ગ) પણ હતા. એક વખત કોઈના માટે તેમણે બદ્દુઆ કરી તો એ માનવી અચાનક મરણ પામ્યો, તેઓ પોતાની એ કરામત પર ખુશ થવાને બદલે પત્ર દ્વારા હઝરતેવાલા (મૌલ્વી અશ્રફઅલી થાન્વી)ને મસ્અલો પૂછયો કે મારાથી ખૂનનો ગુનો તો થયો નથી ?! (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૨, પેજ–૧૨૫)*

થાન્વી સાહબનો ઉપરના લખાણના જવાબમાં અપાએલો ઈમાન શિકન જવાબ હૈરતભરી નજરે વાંચો :–

*અગર તમારામાં તસર્રુફ (અધિકાર રાખવા)ની શક્તિ છે અને બદ્દુઆ કરતી વખતે તમે એ શક્તિ વડે કામ લીધું હતું એટલે એ વિચાર જાણી બુઝીને અને શક્તિની સાથે કર્યો હતો કે એ માણસ મરી જાય, તો તે ખૂનનો ગુનો થયો, જો કે એ અજાણતામાં ખૂન છે માટે તેનો બદલો ન કફ્ફારો વાજિબ થશે. (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૨, પેજ–૧૨૫)*

હવે દેવબંદીઓનો અક઼ીદો જાણવા માટે દેવબંદી ધર્મની બુન્યાદી કિતાબ તક઼વિયતુલ ઈમાનનું લખાણ પણ વાંચી લો, અંબિયા અને અવલિયાની તસર્રુફની તાક઼ત પર ચર્ચા કરતાં લખ્યું છે કે :–

*બીજી વાત આ છે કે, સૃષ્ટિમાં પોતાની ઈચ્છા પ્રમાણે કુદરતી ક્રમમાં પરિવર્તન આણવું, પોતાનો હુકમ જારી કરવો, પોતાની ઈચ્છાથી મારવું કે જીવાડવું, ........... એ ખુદાની જ શાન છે. અલ્લાહ સિવાય કોઈની આ શાન નથી, ચાહે તે ગમે તેટલો મહાન ઈન્સાન કે ફરિશ્તો કેમ ન હોય. જો કોઈ માણસ અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈમાં આવી શક્તિ સાબિત કરે, ............ તો આવો માણસ મુશરિક થઈ જાય છે. આને શિર્ક ફિત્તસર્રુફ કહે છે. એટલે કે અલ્લાહ જેવો તસર્રુફ ગયરુલ્લાહમાં માની લેવો* ***એ નર્યું શિર્ક છે. ચાહે તેને ઝાતી–આપબળે મેળવેલું માનવમાં આવે કે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલું, હરેક સૂરતમાં આ શિર્કભર્યો અક઼ીદો લેખાશે.***

*–(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૮, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

જોઈ રહ્યા છો ?! તસર્રુફ (અધિકાર)ની એ શક્તિ અંબિયા અવલિયાના સંબંધે સ્વીકારવી દેવબંદી ધર્મમાં શિર્ક છે અને તેમની માન્યતા પ્રમાણે એ માત્ર અલ્લાહની જ શાન છે, **જે કોઈ કોઈના માટે એવો તસર્રુફ**

**(અધિકાર) સાબિત કરે તો એ મુશ્રિક થઈ જાય છે, પરંતુ આ કેવી ક્યામત છે કે એ જ શિર્કને પોતાના ગળાનો હાર બનાવી લેવા છતાં થાન્વી અને તેના અનુયાયીઓ પોતાને આખી દુનિયામાં આજે સૌથી મોટા તૌહીદ પરસ્ત કહેવડાવે છે !**

## પોતાના બુઝુર્ગો માટે એક શર્મનાક દાવો !

મૌલ્વી અન્વારુલ હસન હાશમી દારુલ ઉલૂમ (દેવબંદ)ના મશહૂર મુબલ્લિગ કહેવાય છે, તેમણે એક કિતાબ ''મુબશ્શિરાતે દારુલ ઉલૂમ''ના નામે લખી છે. એ કિતાબ દારુલ ઉલૂમ (દેવબંદ) તરફથી પ્રગટ થઈ છે, કિતાબની પ્રસ્તાવનાનો આ હિસ્સો ખાસ વાંચવા લાયક છે તેને વાંચો :–

*કેટલાક ઈમાનપૂર્ણ બુઝુર્ગોને જેમની ઉંમરનો વધુ હિસ્સો પરહેઝગારીમાં પસાર થયો છે, તેમને રૂહાની અને બાતિની હૈસિયતથી અલ્લાહ તરફથી એવી અનેરી શક્તિ પ્રાપ્ત થાય છે કે, તેમના ઉપર ખ્વાબમાં અને જાગૃત હાલતમાં એવા ઉમૂરો (કાર્યો) ખૂદ બ ખૂદ (આપોઆપ) જાહેર થઈ જાય છે જે બીજાઓની નજરથી બિલકુલ છુપા હોય છે. (મુબશ્શિરાતે દારુલ ઉલૂમ, પેજ : ૧૨)*

પરંતુ ઈસ્લામી ગયરતને અવાજ આપો કે **કશ્ફનો આ પ્રકાર જે દેવબંદના પોતે ધારી લીધેલા કામિલુલ ઈમાન બુઝુર્ગોને તઝકીયએ નફ્સ (પરહેઝગારી)ને લીધે હાંસલ થઈ જાય છે અને જેના દ્વારા છુપા હુકમો તેમના ઉપર આપોઆપ (ખૂદ બ ખૂદ) જાહેર થતા રહે છે, એ રસૂલે અકરમ ﷺના હક્કમાં એ શ્રીમાનો શા માટે સ્વીકારતા નથી ?!**

રસૂલે પાક ﷺના માટે તો દેવબંદી મોલ્વી ગંગોહી લખે છે કે :–

***''અને એ અકીદો રાખવો કે આપ એટલે હુઝૂર ﷺને ગયબનું ઈલ્મ હતું એ સ્પષ્ટ શિર્ક છે.''*** *(ફતાવા રશીદિયા, ભાગ–૨, પેજ–૧૪૧)*

**જ્યારે તેમને કહેવામાં આવે છે કે તસવ્વુફની માન્ય કિતાબોમાં જ્યારે ઉમ્મતના કેટલાક અવલિયાના કશ્ફના પુરાવા મળે છે, તો આ દુનિયાની ભૂમિના ઈલ્મને સંબંધે જો સરદારે અંબિયા ﷺને માટે પણ કશ્ફ માની લેવામાં આવે તો શું ક્યામત તૂટી પડશે ?** તો તેનો જવાબ આ પ્રમાણે તેમના (દેવબંદી પેશ્વાઓ) તરફથી મળે છે કે :–

*એ અવલિયાને હક્ક તઆલાએ તેમના દિલ પર નાખી દીધું કે તેમને એ અનોખો ઈલ્મ હાસિલ થઈ ગયો, જો આપણા નબીએ કરીમ ﷺને તેનાથી લાખ ગણુ વધુ અતા ફર્માવી દે એ શક્ય છે પરંતુ, તેનો જાહેર સબૂત શું છે ? કઈ આયતથી દલીલ છે કે તેના પર અકીદો રાખવામાં આવે ?*

કોઈપણ જાતના પક્ષપાતની લાગણીઓથી પર રહીને નિર્ણય કરો કે **રસૂલુષ્ષકલૈન ﷺનો કશ્ફ તો અલ્લાહની અતા પર મૌકૂફ રાખવામાં આવ્યો છે, પરંતુ દેવબંદના પોતે માનેલા કામિલુલ ઈમાન બુઝુર્ગોને કશ્ફ માત્ર રિયાઝત અને પરહેઝગારીના બળે આપોઆપ હાંસલ થઈ જાય છે !** એ જોતાં એમ માનવાને કારણ નથી કે, રિયાઝત અને પરહેઝગારીમાં (મઆઝલ્લાહ !) રસૂલે ખુદા ﷺથી પણ તેઓ પોતાને અને પોતાના બુઝુર્ગોને વધુ શ્રેષ્ઠ સમજી રહ્યા છે ! નબી વલીના માટે અલ્લાહની અતાથી પણ ઈખ્તિયાર હોવો કે ઈલ્મે ગયબ માનવું ''શિર્ક'' છે એવો અકીદો બહાર પાડનારા દેવબંદી મોલ્વીઓની કિતાબોમાં પોતાના માનીતા બુઝુર્ગો માટે સ્પષ્ટપણે ઈખ્તિયાર તથા ઈલ્મે ગયબના કિસ્સા વર્ણવી તેઓ ખૂદ પોતે જ કાફિર મુશ્રિક ઠરી રહ્યા છે કે નહીં ?! જોતા ચાલો અને તેમની જૂઠી તૌહીદની વાતોથી બચો.

# દાઈ (દીન પ્રતિ બોલાવનાર)નો

## કુર્આન અને સાહિબે કુર્આનથી સંબંધ જરૂરી

અઝ : **અતાએ મુફ્તીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
અનુવાદક : **હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ રઝવી (દયાદરા)**

કુર્આને મુકદ્દસ બધા જ ઈન્સાનો માટે હિદાયતની કિતાબ છે. આ કિતાબના ઈન્કિલાબે કરોડો લોકોને ઈમાનની દૌલતથી માલામાલ કર્યા અને આ જ કિતાબે ઘણા બધા દીન તરફ બોલાવનારાઓની દા'વત તથા સુધારાના કાર્યને અસરકારક બનાવ્યું. હુઝૂર ﷺથી લઈને આજ સુધી જેટલા પણ દીનના સુધારકો આવ્યા બધાનો સંબંધ કુર્આન અને સાહિબે કુર્આનથી મજબૂત રહ્યો એટલા માટે શૈતાનના ધોકા અને નફ્સની શરારતથી છૂટકારો મેળવવું સહેલુ નથી, જ્યાં સુધી કે કોઈ મજબૂત શક્તિશાળી તથા વસીલો આપણી પાસે ન હોય. આપણી ખુશનસીબી છે કે આપણી પાસે કુર્આન મજીદ એવી તાકત અને વસીલો છે જે શૈતાનના ધોકાથી આપણને બચાવે છે, એટલા માટે દાઈએ આ'ઝમ હુઝૂર ﷺને પણ અલ્લાહ તઆલાએ કુર્આનની તિલાવતનો હુકમ આપ્યો અને માનવ દિલોની સફાઈના માટે એની તિલાવતને અગ્રતા આપવામાં આવી. જેમ કે કુર્આનમાં ફર્માવવામાં આવ્યું :–

"જેમ અમે તમારામાં એક રસૂલ તમારામાંથી મોકલ્યો કે તમારા પર અમારી આયતો તિલાવત ફર્માવે છે અને તમને પાક કરે અને ઈલ્મ શીખવાડે છે અને તે તા'લીમ આપે છે, જેનો તમને ઈલ્મ ન હતો." *(સૂ. બકરહ–૧૫૧, કન્ઝુલ ઈમાન)*

અને હઝરત ઈબ્રાહીમ عليه السلامએ પણ કા'બા શરીફની તામીરના સમયે આખરી નબી ﷺના આગમન માટે દુઆ કરી તો આ પ્રમાણે કહ્યું, "હે અમારા રબ ! એમનામાં મોકલ એક રસૂલ એમનામાંથી કે જે એમના પર તારી આયતો તિલાવત કરે અને અમને તારી કિતાબ પર પુખ્તા ઈલ્મ શીખવે અને તેઓને ખૂબ સુથરા ફર્માવી દે. ખરેખર તું જ સર્વોપરિ હિકમતવાળો છે." *(સૂ. બકરહ, આ. ૧૨૯, કન્ઝુલ ઈમાન)*

યાદ રાખો ! આ કિતાબની સૌથી પહેલી જરૂરત એ છે કે એના પર ઈમાન લાવવામાં આવે. અને એને મજબૂતીથી પકડવામાં આવે, દરરોજ એની તિલાવતની સાથે સાથે એની માંગણીઓ પૂરી કરવામાં આવે, એના પર વધુમાં વધુ અમલ કરવામાં આવે, અને કન્ઝુલ ઈમાનમાંથી એનો તર્જુમો પઢવામાં આવે. એક જરૂરી વાત એ પણ યાદ રાખવાની છે કે આ ક્રાંતિકારી કિતાબને ફક્ત સવાબની નિય્યતથી ન પઢવામાં આવે. **મુસલમાનો માટે આ બહુ અફસોસની વાત છે કે આજે કુર્આનને ફક્ત તિલાવત સુધી મર્યાદિત કરી દીધું છે.** ઘરમાં કોઈનું મૃત્યુ થઈ જાય તો ઈસાલે સવાબ માટે કુર્આન ખોલીને બેસી ગયા, રમઝાન શરીફનો બરકતવાળો મહિનો આવે તો સવાબની નિય્યતથી કુર્આન ખત્મ કર્યું. મારા ભાઈઓ ! મને બતાવો કે કુર્આન ફક્ત સવાબ માટે અને ઈસાલે સવાબ માટે છે ?! નિઃશંક ! કુર્આને મુકદ્દસથી આ બધી ચીજો મળે છે, પરંતુ કુર્આન નાઝિલ કરવાનો મકસદ એનાથી બહુ મોટો છે. **કુર્આન તો ઈન્સાનની જિંદગીનું બંધારણ છે, એમાં દરેક બીમારીનો ઈલાજ છે, એટલા માટે એનાથી રિશ્તો મજબૂત કરી શક્ય ત્યાં સુધી અમલ કરવામાં આવે.** અલ્લાહ તઆલા કુર્આનમાં હઝરત યહ્યા عليه السلامથી ઈર્શાદ ફર્માવે છે :–

"હે યહ્યા ! કિતાબ મજબૂતીથી પકડ." *(સૂ. મરયમ–૧૨, કન્ઝુલ ઈમાન)*

પયગંબરે આ'ઝમ ﷺને પણ ઈર્શાદ ફર્માવ્યો, "મજબૂતી સાથે પકડે વધુ પેજ નં. ૨૨....પર



# સમયની કિંમત (શ્રેષ્ઠતા) તથા મહત્વ બુઝુર્ગોની દૃષ્ટિમાં



રજૂકર્તા : **મૌલાના સૈયદ જમાલુદ્દીન મિસ્બાહી આંતીવાળા**
*(દારુલ ઉલૂમ બુખારીયા–ચાંચવેલ, તા. વાગરા, જિ. ભરૂચ)*

જમાનાની ગતિના બારામાં લોકો મોટાભાગે ચર્ચા કરતા રહે છે કે જમાનો કેટલી ઝડપથી પસાર થઈ ગયો અને સમય કેટલો થોડો થઈ ગયો છે. એ સત્ય છે કે જમાનો બેધારી તલ્વારની જેમ છે, તે આળસની ચાદર ઓઢીને સૂવાવાળાઓના જાગવાની પ્રતિક્ષા નથી કરતો પણ તેમને કટ કરીને આગળ નીકળી જાય છે. એટલા માટે ઈન્સાન જ્યારે શ્વાસ લે ત્યારે તેણે સમજવું જોઈએ કે તે ઉંમરના કિંમતી સમયને વાપરી રહ્યો છે. એની જિંદગીમાં જે સૂરજ આથમી ગયો તે હવે પાછો નહીં ફરે એટલા માટે એણે જે કમાઈ લીધું એ કમાઈ લીધું અને જે ખોઈ નાખ્યું તે ખોઈ નાખ્યું, આવતી કાલે મેદાને મેહશરમાં આ વિતાવેલા દિવસો મનુષ્ય પર પોતે ગવાહ બનીને આવશે. અત્યારે આવો ! અમુક સહાબાએ કિરામ તથા પૂર્વજોની જિંદગીમાં ઝાંકીને જોઈએ કે તેમની જીવન પદ્ધતિ શું હતી અને તેઓ પોતાના સમયનો કેવી રીતે ઉપયોગ કરતા હતા. આ તે લોકો માટે બોધનો સામાન છે જેઓ પોતાના સમયને નકામો વેડફે છે અને નિઃસંકોચ સમયને અયોગ્ય કામોમાં બર્બાદ કરતા રહે છે.

### ★ સમયનું મહત્વ સિદીક઼ તથા ઉમર رضی اللہ عنہما ની દૃષ્ટિએ ★

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ફર્માવે છે, "તમારી જિંદગીનો કાફલો દિવસે દિવસે મૌતની તરફ જઈ રહ્યો છે અને મૌતનો ઈલ્મ તમારા ઉપર ગુપ્ત રાખવામાં આવ્યો છે, એટલે જો તમે સારા અમલો કરતા કરતા મૌતની ગોદમાં ચાલ્યા જાવ, તો તમે એવું જ કરો, પણ એવું કરવું તે અલ્લાહની તૌફીક઼થી શક્ય છે. હે લોકો ! અત્યારે તમોને જે ગણતરીના દિવસો મળ્યા છે એને કામમાં લો અને સારા કામોથી પોતાની જિંદગી સંવારી લો, નહીં તો આ ગણતરીના દિવસો ઝડપથી પસાર થઈ જશે, પછી જોશો કે તમારા બુરાં કામો તમારી શું દશા કરે છે. તે માર્યો ગયો જેનો સમય ગફલતોની ભેટ ચઢી ગયો, અને કામયાબ એ જ છે જે પોતાના સમયનો યોગ્ય તરીક઼ાથી ઉપયોગ કરે. જેથી હવે જલ્દી કરો કેમ કે તમારી પાછળ એક આવવાળો આવશે અને ચાલાકીથી પોતાનું કામ કરી જશે.

સમયના બાબતે હઝરત ઉમર رضی اللہ عنہ નું ફર્માન ઉત્તમ નમૂનાની હેસિયત ધરાવે છે. હઝરત મુઆવિયહ્ બિન ખદીજ ફતહે અસ્કન દરિયાની ખબર દેવા માટે હઝરત ઉમરની પાસે હાજર થયા. તે મદીના શહેરમાં એ સમયે દાખલ થયા જ્યારે ક઼ૈલૂલા (બપોરે ભોજન લઈને થોડીવાર આરામ કરવાનો) સમય હતો. એમ વિચારીને કે હઝરત ઉમર رضی اللہ عنہ આરામ કરતા હશે જેથી એમણે હઝરત ઉમર رضی اللہ عنہ ને ન જગાડયા. આવનાર વ્યક્તિને જગાડવાનું ઠીક ન લાગ્યું. પછી એમને ખબર પડી કે હઝરત ઉમર رضی اللہ عنہ તો ક઼ૈલૂલા નથી કરતા.

હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ને શું સુંદર વાત કરી હતી ! હે અમીર મુઆવિયા ! હું દિવસે સૂઈ જાઉં તો પ્રજાનો અધિકાર ગુમાવું છું અને રાતે સૂઈ જાઉં તો પોતાનો

અધિકાર ગુમાવું છું. હે મુઆવિયા ! બતાવો કે જેને આ બે અધિકારની પડી હોય એને ઊંઘ કેવી રીતે આવે ?!

### ★ બેકાર વાતોમાં પડનાર રહમતે ખુદાથી દૂર ! ★

હઝરત સૈફ યમાની ફર્માવે છે, અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાની નઝરે રહમતથી હટાવવાનો મતલબ એ છે કે માણસને બેકાર વાતોમાં મશ્ગૂલ કરી દે. જો પોતાના જીવનના હેતુને ભૂલીને પોતાની ઉંમરની એક સેકંડ પણ ગુમાવે તો તે જરૂર અફસોસ અને શર્મિંદગીનો સામનો કરશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે :–

"મને એ દિવસથી વધારે પસ્તાવો અને રંજ કોઈ બીજી વસ્તુ પર નથી થતો કે જે દિવસનો સૂર્ય એ હાલતમાં આથમી જાય કે મારી જિંદગી ઓછી થઈ જાય પણ એ જિંદગીમાં કોઈ કામ ન કરી શકું."

હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہની એક વસિયત નક્લ ફર્માવી છે જે વસિયત પોતે લોકોને કરતા હતા કે, હે લોકો ! જ્યારે સવાર કરો તો (જેમ બની શકે તેમ એટલુ કાર્ય કરી લો, એટલે સારાં કાર્યો કરી લેવાં જોઈએ) સાંજની પ્રતિક્ષામાં ન રહો અને અને જ્યારે સાંજ થઈ જાય (એને યોગ્ય સમજીને સારાં કાર્યોમાં ખર્ચ કરો) તો સવારની રાહ ન જોયા કરો અને પોતાની તંદુરસ્તીમાંથી બીમારીનો અને પોતાની જિંદગીથી મૌતનો હિસ્સો કાઢવાનુ ન ભૂલશો.

### ★ સમયની કાળજી રૂપિયા કરતાં વધુ લો ! ★

હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે સૂરજ નીકળ્યા પછી દરરોજ લોકોને સંબોધીને કહે છે : હે આદમની ઔલાદ ! હું નવુ સર્જન છું, તમારાં કામો પર સાક્ષી છું. એટલે એ લાંબા સફર માટે મને માર્ગનુ ભાથુ બનાવવો હોય તો બનાવી લો, કેમ કે હું વિતી ગયા પછી કયામત સુધી પાછો પરત થઈશ નહીં. આગળ ફર્માવે છે, હે આદમની ઔલાદ ! તું પોતે દિવસ છે, જ્યારે દિવસોમાંથી કોઈ દિવસ પસાર થઈ જાય તો તું સમજી લે કે તારો કોઈ હિસ્સો (ભાગ ટુકડો) પસાર થઈ ગયો અને એવી રીતે થોડુક થોડુક કરીને સર્વ પસાર થઈ જશે અને તને તેનો એહસાસ પણ નહીં થાય. એટલે જેટલું તું કરી શકે એટલુ આજે જ કરી લે, કેમ કે આજનો દિવસ અમલનો દિવસ છે, હિસાબનો દિવસ નથી. જ્યારે આવતી કાલે હિસાબનો દિવસ હશે અમલનો નહીં. આગળ ફર્માવે છે કે, મને પોતાની જિંદગીમાં એવા ઘણા લોકોની મુલાકાત થઈ જે લોકોની નિગાહમાં સમયની મહાનતા અને શ્રેષ્ઠતા રૂપિયા પૈસાથી વધારે હતી અને તે રૂપિયા પૈસાથી વધારે પોતાના સમયની દેખરેખ કરતા હતા.

અલ્લામા ઈબ્ને કય્યિમ જવઝિયાએ માણસની જિંદગીમાં સમયની મહાનતાને જાહેર કરીને સરસ વાત ફર્માવી છે કે, વરસ વૃક્ષની સમાન છે, મહિના થડના સમાન છે અને દિવસ ડાળોની જેમ છે, કલાકો પાંદડાની જેમ છે અને શ્વાસો ફળો સમાન છે. હવે જેના શ્વાસો સારાં કાર્યોમાં પસાર થયા તો એ વૃક્ષનાં ફળો પવિત્ર અને સ્વાદિષ્ટ થશે, અને એવું ન થયું તો તેના વિરુદ્ધ પણ થઈ શકે છે.

### ★ પોતાની જાત પર જુલ્મ કરનાર કોણ ?! ★

હઝરત હકીમની એક વાત અમે નક્લ કરી છે. પોતે ફર્માવે છે, જે પોતાની જિંદગીમાં કોઈ દિવસ એવી રીતે પસાર કરી દે કે જેમાં તે હક્કવાળાઓને તેમનો હક્ક ન આપી શક્યો, ફર્ઝની અદાયગીમાં કમી કરી, અલ્લાહની હમ્દો ષના ન કરી શક્યો, નેકીના બીજ ન વાવી શક્યો અથવા કોઈ ઈલ્મ ન શીખી શક્યો, તો તેનો એ દિવસ સમજો બેકાર પસાર થઈ ગયો અને પોતાની જાત પર જુલ્મ કર્યો.

એક બુદ્ધિશાળીએ કેટલી સારી વાત કહી છે કે જેટલા જલ્દીથી થઈ શકે પોતાના પાસે તક્વા અને નેકીને જમા કરી લો, કેમ કે તમને ખબર નથી કે રાતનું અંધારું તેને સવારના પ્રકાશના જોવાની તક

આપશે કે નહીં ?! ખૂદની તાકત અને જવાની પર ગર્વ અને ઘમંડ ન કરો કેમ કે કેટલાય સારા લોકો બીમારી વિના દુનિયાથી વિદાય થઈ ગયા અને કેટલાય બીમાર વરસો વરસ જીવતા રહ્યા. કેટલાયે એવા લોકો પણ છે જેઓ પોતાને સુરક્ષિત સમજીને સવાર અને સાંજ કરે છે, પરંતુ તેમનું કફન તૈયાર થઈ ગયું છે અને એમને ખબર પણ નથી.

હઝરત મહાસબી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહની ઈજ્જતની કસમ ! માલ તથા ધન દ્વારા સમયને ખરીદવું શક્ય હોય તો હું નુકસાનની પરવા કર્યા વગર મારો સર્વ માલ ખર્ચ કરીને સમયને ખરીદી લેત. બુઝુર્ગને કહેવામાં આવ્યું કે તમે જે કહો છો તે બિલકુલ બરાબર છે પણ એ તો બતાવો કે સમય કેવી રીતે ખરીદશો ?! તે બુઝુર્ગે ફર્માવ્યું, બેફિકર અને નવરા બેસી રહેવાવાળાઓથી !

### ★ બુઝુર્ગો સમયની કેટલી કિંમત કરતા ? ★

હઝરત ઈબ્ને અકીલ ફર્માવે છે કે મારી ઉંમર એંસી વરસની થઈ ગઈ પણ સમયથી ફાયદો ઉઠાવવાનો શોખ અને ભાવના અને કામ કરવાની લગન અને જોશ એવો હતો જેવો વીસ વરસની ઉંમરમાં હતો. હું એવી રીતે ખાવા નથી ખાતો જેવી રીતે તમે ખાવ છો. તે બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે તમે કેવી રીતે ખાવા ખાવ છો ? ફર્માવ્યું, હું નાન (રોટલી)ને પાણીમાં પલાળી રાખુ છું. જ્યારે લોટની જેમ પાતળી થઈ જાય છે, પછી તરત હજમ કરી જાઉં છું જેથી ચાવવામાં સમય બર્બાદ ન થાય.

હઝરત દાઊદ તાઈના બારા رحمۃ اللہ علیہમાં આવ્યું છે કે તે રોટલીના ટુકડાઓને પીસીને પી જતા અને ફર્માવતા કે જેટલા સમયમાં મનુષ્ય રોટલી ચાવીને ખાશે એટલા સમયમાં તે પચાસ આયતો પઢી લેશે ! એ કેવા બુઝુર્ગો હતા કે પોતાનો સમય ખાવામાં લગાડતા હતા છતાં તેમને તકલીફ થતી હતી અને આજે આપણી શું હાલત છે કે લોકો પોતાનો સમય કેવાં કેવાં કામોમાં બર્બાદ કરે છે ? કોઈ બેકાર વાતોમાં ખૂદનો સમય બર્બાદ કરે છે, કોઈ એકબીજાની ગીબત અને ચુગલી કરીને બર્બાદ કરે છે, નવજવાન લોકો પોતાનો સમય અય્યાશીઓ અને બીજાં બુરાં કામોમાં બર્બાદ કરે છે. આવા લોકોએ તો બુઝુર્ગોની જિંદગીથી નસીહત અને સબક હાંસલ કરવો જોઈએ.

હઝરત ઉષ્માન બકલાવીનો સમાવેશ સદાય અલ્લાહ ﷻની યાદમાં રહેવાવાળાઓમાં થાય છે, તે ફર્માવે છે : જ્યારે હું ખાવામાં સમય લગાડું છું ત્યારે મને એક ભય ખાય જાય છે કે એવું ન થાય કે મારી રૂહ નીકળી જાય અને હું ઝિક્રે મૌલા એટલે અલ્લાહને ભૂલીને ખાણામાં રહી જાઉં.

એવી જ વાત હઝરત ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે, કસમ ખુદાની ! સમયથી અધિક મહત્વપૂર્ણ મારી નઝરમાં કોઈ વસ્તુ નથી. જ્યારે હું ખાવાનું ખાઉં છું તે સમય મને ફક્ત એક જ રંજ ખાય જાય છે કે તે સમયમાં પણ કોઈ ઈલ્મી કામ ચાલુ રાખતો.

એક બુઝુર્ગે પોતાની પાસે રહેવાવાળાઓથી ફર્માવ્યું કે જ્યારે તમે મારી પાસેથી જાવ તો એક સાથે ન જયા કરો, પોત પોતાના માર્ગ અલગ અલગ કરી લો, કેમ કે શક્ય છે કે તમારામાંથી કોઈ રસ્તામાં કુર્આનની તિલાવત કરતો જાય. જ્યારે એક સાથે જવામાં તમને વાતોથી ફુરસત નહીં મળે.

### ★ ઈમામ નવવીને ખાવાની પણ ફુરસદ ન હતી ! ★

ઈમામ નવવીનું નામ ઈસ્લામી ઈતિહાસમાં ઝળહળતું છે. આપણામાંથી દરેક તેમની કિતાબો ખાસ કરીને ''રિયાઝુસ્સાલિહીન''થી વાકેફ છે. શું તમોને ખબર છે કે ઈમામ નવવીએ કેટલી કિતાબો લખી છે ? હઝરત ઈમામ નવવીએ પોતાની પાછળ પાંચસો કિતાબોનો તોહફો છોડયો અને કેવળ ચાલીસ વર્ષની ઉંમરમાં અલ્લાહને પ્યારા થઈ ગયા. હઝરતે શાદી પણ ન કરી હતી. તેમની હાલત એ હતી કે તેમનાં મા તેમને ખાવા ખવડાવતાં હતાં અને તે કિતાબો લખવામાં મશ્ગૂલ રહેતા હતા ! કેમ કે તેમને ખાવા પીવાનો પણ વિચાર ન થતો.

અલ્લામા ઈબ્ને જવઝી પોતાના પુત્રને નસીહત કરતાં ફર્માવે છે, દિલમાં રહેવાવાળા ! તને ખબર હોવી જોઈએ કે સેકંડના તાર શ્વાસોથી બંધાયેલા છે. યાદ રાખ ! દરેક શ્વાસ એક ખજાનો છે. જોજે કાંઈક એવું ન થાય કે તમારી માગેલી જિંદગીનો કોઈ શ્વાસ બેકાર વહી જાય અને તે અમલના સ્વાદથી વંચિત રહી જાય, કેમ કે એને ખાલી જોઈને શર્મિંદા ન થવું પડે. મારા પ્યારા મિત્રો ! તમોએ હદીષ શરીફ પઢી હશે કે, سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ **"સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી"** પઢવાવાળાના માટે જન્નતમાં એક બાગ લગાડવામાં આવે છે. મારા મુસ્લિમભાઈઓ ! જરા વિચારો ! જે માણસ પોતાનો સમય ચોરી, ગીબત, ચાડી ચુગલી કરવામાં, હસદ (ઈર્ષા) કરવામાં અને બીજા હરામ કામોમાં બર્બાદ કરે છે, તે પુરૂષો તથા સ્ત્રીઓ કેટલા બાગ ગુમાવે છે ?!

આગળ ફર્માવે છે, બેટા ! જેને અલ્લાહની ઓળખ મળતી નથી તે દુનિયાની ઉમરને બહુ વધારે સમજે છે. મૌત પછી તેને ખબર પડશે કે દુનિયાનું રોકાણ કેટલુ થોડુ છે ! બેટા ! યાદ રાખ કે કબ્રમાં રહેવાની મુદ્દત લાંબી છે. પછી કયામતના વિશે વિચારો જેનો એક એક દિવસ પચાસ હજાર વર્ષ બરાબર બતાવવામાં આવેલો છે, એથી આગળ જન્નત અને દોઝખમાં હમેશાં રહેવાના વિશે વિચાર કરો તો એની પણ કોઈ સીમા નથી. હવે ફરીથી દુનિયાવી જિંદગીનું નિરીક્ષણ કરો. ધારો કે એક માણસને સાઈઠ (૬૦) વર્ષની જિંદગી મળી, ત્રીસ વર્ષ તેણે સૂવામાં પસાર કરી દીધાં અને બચપનમાં પંદર વર્ષ નાદાનીમાં પસાર થઈ ગયાં. હવે જે બાકી રહ્યાં છે એના વિશે ઈમાનદારીથી ફેંસલો કરો, વધુથી વધુ સમય આનંદ પ્રમોદ અને ખાવામાં પસાર કરી દીધો. હવે જે થોડી કમાઈ આખેરતના માટે હતી એનો અધિકથી અધિક હિસ્સો બેપરવાહી અને શહેવતના ભેટ થઈ ગયો, હવે બતાવો (સમજાવો) કયા મોઢાથી હમેશાંની જિંદગીનો સોદો કરશો ?! અને આ સોદો તો એ જ કલાકો અને શ્વાસો પર નિર્ભર હતો.

### ★ એક શ્વાસનુ મહત્વ કેટલું છે ?! ★

આ હકીકતને એક આરિફ બિલ્લાહની ઝબાની સાંભળો, મૌલાના રૂમી બારગાહે ઈલાહીમાં દુઆ કરે છે, હે પરવરદિગાર ! તેં અમોને એવું જીવન આપ્યું છે જેના એક દિવસની કિંમત દુનિયામાં કોઈ નથી જાણતુ કે એક દિવસનું જીવન કેટલી મહાનતા ધરાવે છે, અને એક શ્વાસમાં માણસ કાફિરથી મો'મિન, ફાસિકથી વલી અને દોઝખીથી જન્નતી બની જાય છે ! અને જેણે એની કિંમત ન ઓળખી તેણે જીવનને બર્બાદ કરી દીધું. તો મૃત્યુના સમયે અફસોસ અને બળાપો થશે કે આહ ! જે શ્વાસમાં હું અલ્લાહને રાજી કરીને જન્નતમાં હમેશાંની જગ્યા મેળવી શકત એ જીવનને મેં નિરર્થક લજ્જતોમાં વિતાવી દીધું, હવે મૌતના સમયે તે મોહલત પૂરી થઈ ગઈ. "અલ્લાહ કોઈને પણ તક નથી આપતો જ્યારે એની ઉમરનો વાયદો પૂરો થવા આવે છે." તે સમયે તેને જીવનના એક શ્વાસની શ્રેષ્ઠતાની ખબર પડશે. બાદશાહ પોતાનું શાસન (જનતંત્ર) હઝરત ઈઝરાઈલ علیہ السلامના પગો પર લાવીને નાખી દે કે મને એક સેકન્ડનો સમય આપો કે હું તૌબા કરીને અલ્લાહને રાજી કરી લઉં ! તો પણ સમય મળશે નહીં ! હવે અંદાઝો લગાડો કે જીવનનું કેટલુ મહત્વ પણ છે. આગળ ફર્માવે છે, "હાય અફસોસ ! કે એવી મહત્વપૂર્ણ જિંદગીના રાત તથા દિવસો ખેલકૂદમાં બર્બાદ કરી નાખ્યા !" અલ્લાહ આપણને તૌફીક આપે કે આપણે તેને યાદ કરીને તેને રાજી કરીને જીવનના સમયથી પૂરેપૂરો લાભ પ્રાપ્ત કરી હમેશાં માટે સફળ અને ભાગ્યશાળી બની શકીએ.

એક શાયર જનતાની બેખૌફી જોઈને એમને કઈ કરી ગુજરવાનો ઉપદેશ અને સલાહ આપીને કહે છે, લોકો તમારા કાગળ થોડા થઈ ગયા અથવા તમારી શાહી સૂકાઈ ગઈ. અથવા લખવાવાળા રવાના થઈ ગયા (મૃત્યુ પામ્યાં) અથવા તમારી પેનની અણી તૂટી ગઈ છે. ઈતિહાસ ગવાહ છે કે જ્યાં સુધી મુસલમાન સમયના લોભી તથા લાલચી રહ્યા અને ઈસ્લામી શિક્ષણ (કેળવણી)ના સાચામાં તેમણે પોતાને ઢાળી

પેજ નં. ૨૭નું ચાલુ...

રાખ્યા તો તે લોકોએ સફળતાના એવા દિવસો જોયા કે પૂરી ઈન્સાની તારીખ (મનુષ્યનો ઈતિહાસ) મળીને પણ કદાચ એવું દૃષ્ટાંત લાવી શકે. ઈસ્લામના શૂરવીરોએ આલમે કુફ્રથી આંખ મિલાવીને ઈરાન તથા રૂમની જાલિમ અને જાબિર તાકતનો પંજો તોડી નાખ્યો પછી તે સમય પણ આવ્યો કે ઈસ્લામનો પરચમ ચોતરફ લહેરાવા લાગ્યો. આ બધી બરકતો હતી સમયના આયોજનોની અને એક સંપૂર્ણ જીવન વ્યવસ્થાની. જો તેઓ પણ આપણી જેમ આખેરતથી નંચિત હોત, ટાઈમ પાસ કરવાવાળા અને સમયની કત્લેઆમ કરવાવાળા હોત તો ઈસ્લામનો ચર્ચો પૃથ્વી પર આટલી ઝડપથી ન ફેલાત.

યૂરોપી જગતમાં "ખાવાથી પહેલાં પાંચ મિનિટ" નામનુ પુસ્તક ખૂબ જ પ્રખ્યાત થયું, એમાં શું છે ?! એ ચોપડી પઢીને ખબર પડશે કે એને લખવાનો હેતુ એ છે કે જ્યારે આ કિતાબનો લેખક ખાવા માટે દસ્તરખાન પર બેસતો હતો તો તેની પત્ની કેટલાયે પ્રકારની ડિશો તૈયાર કરવામાં ઘણો સમય લેતી હતી. એણે વિચાર્યું કે આટલો મહત્વપૂર્ણ સમય કેવળ ભોજનની રાહ જોવામાં વિતાવી દેવો બુદ્ધિપૂર્ણ નથી, તો તેણે તે પાંચ મિનિટને જ્યારે સારા કાર્યોમાં લાવવાનું આયોજન કર્યું તો એની પેનથી એવી સારી વાતો નીકળી જે અત્યારે આખા યૂરોપ જગતથી પ્રશંસા પ્રાપ્ત કરી રહેલ છે.

મારા મિત્રો ! ઈસ્લામની તેર સદી આવી ઝળહળતી કારકિર્દીવાળી એમને એમ નથી રહી, તેનું કાંઈ ન કાંઈ કારણ હશે. તેમની સમયથી વફાદારીનું પરિણામ એ થયું કે હવે મૃત્યુ પછી પણ સમયે તેમને મરવા નથી દીધા. યક઼ીનન ! આ જ તે લોકો છે જેમણે ઉમ્મતે મુસ્લિમાનો પાયો મજબૂત બનાવવામાં ચાવીરૂપ રોલ અદા કર્યો અને તેમની જિંદગીથી જ આજે ઈસ્લામનો દીપક દુનિયાના દરેક ખૂણામાં પ્રકાશિત છે. અલ્લાહ તઆલા આપણને પણ સમયની મહાનતા અને શ્રેષ્ઠતા જાણવવાની અને બીજાના સમય પર દયાખાવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

*–(કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ–દિલ્હી, જાન્યુ. ૨૦૧૧)*

તમારી તરફ વહી કરવામાં આવી છે, "બેશક ! તમે સીધી રાહ પર છો." *(અલ્ કુર્આન)*

ઉપરોક્ત આયતો થકી કુર્આનને પકડી રાખવાની અઝમત જાહેર થાય છે. એના દર્શાવેલ માર્ગ પર ચાલનારા ગુમરાહીથી બચી જાય છે અને ધાર્યા મંઝિલ પામી લે છે. યાદ રાખો કે ખૂદ સાહિબે કુર્આન પણ આ કિતાબની તિલાવત કરતા અને સારા અવાજવાળા ક઼ારીથી તિલાવત સાંભળતા હતા અને તેનાં રહસ્યો અને ભેદોથી સહાબાને માહિતગાર પણ કરતા હતા. અને આ કિતાબ પર અમલ તથા તિલાવતનો એટલો શોખ અપાવતા કે કદાચ જ કોઈ ઘર બલ્કે કોઈ દિલ એવું હોતું જ્યાં કુર્આનનો કોઈ હિસ્સો મૌજૂદ ન હોતો. કુર્આનથી સંબંધની બરકત હતી કે અલ્લાહ તઆલાએ સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ની ઝબાનમાં તાસીર રાખી દીધી હતી અને લોકોની જિંદગીમાં ઈન્કિલાબ પૈદા કરી આપ્યો હતો. આજ સુધી જેટલા પણ દાઈયાને ઈસ્લામ (ઈસ્લામની તરફ દા'વત આપનારાઓ) આવ્યા, ચાહે તે ગ઼ૌષે આ'ઝમ رحمة الله عليه હોય કે મુફતીએ આ'ઝમ رحمة الله عليه હોય, સૌની જિંદગી એના પર અમલ કરવામાં પસાર થઈ છે. આજે આપણી દા'વત તથા તબ્લીગમાં અસરકારક્તા એટલા માટે નથી કે આપણે કુર્આની આયતોને બદલે હિક઼ાયતો, કિસ્સાઓ તથા લતીફાઓથી શ્રોતાઓના દિલ આકર્ષી લેવાની કોશિશ કરીએ છીએ. એનાથી શ્રોતાઓ તો કામચલાઉ ખુશ થઈ જાય છે, પરંતુ પરિણામ કાંઈ નીકળતુ નથી. દા'વત તથા તબ્લીગમાં અસરકારક્તા લાવવી હોય તો ખૂદ પોતાને કુર્આનથી નજીક કરવો પડશે. અને એના થકી લોકોને ઈસ્લામની દા'વત આપવી પડશે.

મારી ગુઝારિશ એટલી છે કે આપણે કુર્આને મુક઼દ્દસ તથા સાહિબે કુર્આન ﷺ થી આપણો તઅલ્લુક઼ મજબૂત કરીએ અને એની રોશનીમાં લોકોની સુધારણા કરીએ અને પોતાની પણ સુધારણાની કોશિશ કરીએ. અલ્લાહ તઆલા ﷻ જરૂર કામ્યાબી આપશે અને મહેનતનો બદલો આપશે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, મુંબઈ, મે–૨૦૧૧)*

# તરંગી મૌલાના વહીદુદ્દીનખાંના સૂફીઓ પરના વાંધાનો જવાબ

આ બની બેઠેલ મુફક્કિરે સૂફીઓ ઉપર અને અમુક હદીષો માટે બિનજરૂરી વાંધા વચકા કાઢેલ છે જેથી મુહમ્મદ ઉમર તારિક્નો સ્પષ્ટીકરણ કરતો જવાબ વાંચકોના અભ્યાસ અને મનન માટે અત્રે રજૂ કરેલ છે. તેમણે આવા વિષય અને ઝઈફ હદીષોની બાબતોમાં મૌલાના વહીદુદ્દીનનો પીછો કરેલ છે. વહીદુદ્દીનખાંની આવી હરકત માટે તો ન માત્ર થોડો લેખ કે રિવાયતથી કામ ચાલે બલ્કે એક પ્રકાશનની જરૂરત રહે છે જે મુસ્લિમોની અને ખાસ કરીને સુન્નીઓની જાણકારી માટે જરૂરી પણ છે.

તરંગી તુક્કા કાઢનાર ગુમરાહ મોલ્વી વહીદુદ્દીનખાં કહી દીધા કરે છે કે, "આ હદીષ નથી !" અને "૧૫૦૦ કમજોર (ઝઈફ) હદીષોનું એટલું બધુ વિતરણ કરવામાં આવી રહ્યું છે કે હવે તો અર્ધ ભણેલા લોકો પણ આવા મોલ્વીઓની તક્રીરને પાગલોની પેદાશ સમજી રહ્યા છે."

મૌલાના વહીદુદ્દીનના આવા એક બીજા લખાણ તરફ પણ નજર ફેરવીએ. આ મૌલાનાએ ઈ.સ. ૨૦૧૦ સપ્ટેમ્બરના "અર્રિસાલા"માં મઅરેફતઃ મકસદે ઈન્સાનિયત (અલ્લાહની ઓળખ માણસાઈનો હેતુ) ઉપર હકીકતથી દૂર એવી વાત કરી છે.

હૃદય અંગે કહે છે કે, "સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે મઅરેફત હાંસલ કરવાનું કામ સૂફી લોકોએ પરિપૂર્ણ કર્યું છે. પરંતુ આ એક ખોટી માન્યતા છે. સૂફી લોકોએ જે કામ કર્યું છે તે એક તસવ્વુફનું કામ હતું. અને સૂફીઈઝમ તેમજ મઅરેફત (રબની ઓળખ–જાણકારી) બન્ને અલગ અલગ વસ્તુ છે. સૂફીઈઝમ એક દિલ આધારિત (HEART BASED) કાર્ય છે જ્યારે કે મઅરેફત (ઓળખ) જાણકારી એક મન આધારિત (MIND BASED) અમલ છે. **સૂફીઓની આ સંશોધનિક ભૂલ હતી કે તેમને દિલ (હૃદય)ને મઅરિફતનો ખજાનો સમજી લીધો અને તેઓ દિલ પર ખયાલી મહેનત કરતા રહ્યા. જ્યારે દિલ તો લોહીના ભ્રમણનું એક કેન્દ્ર છે."** *(વહીદુદ્દીનખાં)*

જે વાંધા મૌલાના વહીદુદ્દીનખાંએ સૂફીઓ ઉપર નાખેલ છે લગભગ તેવા જ વાંધા કાફિર લોકો અને અમુક હલકા વર્ગના લોકોએ કુર્આન ઉપર લગાડેલ છે. તેના માટે કુર્આને સાફ જણાવી દીધુ છે કે :–

"અને બેશક ! અમે જહન્નમ માટે જિન અને ઈન્સાનમાંથી ઘણા (લોકો)ને પેદા કર્યા છે, તેઓ દિલ રાખે છે પરંતુ તેનાથી તેઓ સમજી શકતા નથી." *(સૂરએ એઅરાફ–૧૭૯)*

વાંધા વચકાવાળાઓનું કહેવું છે કે સમજવાનું કામ મન ઉપર આધારિત છે. જ્યારે કુર્આન તેને આ આયતથી દિલ આધારિત બતાવે છે. આમ **મૌલાનાના વાંધા માત્ર સૂફીઓ ઉપર જ નહીં, પરંતુ કુર્આન ઉપર પણ લાગુ પડે છે.** કેમ કે મૌલાનાએ તેને ફક્ત લોહીના ભ્રમણનું કેન્દ્ર બતાવેલ છે, જ્યારે કે કુર્આન તેને સમજનું કેન્દ્ર કહે છે. આ રીતે કુર્આનને નજર સમક્ષ રાખતા સૂફીઓ અને જાણકારોએ તેને સમજનું કેન્દ્ર કહેલ છે, સમજને દિલ તરફ દર્શાવેલ છે. આ જોતાં જો સૂફીઓએ ભૂલ કરી હોય તો કુર્આનને શું કહેશો ? શું ભૂલ કહેશો ?!

કુર્આન અને સૂફીઓ પરના ઉપરછલ્લા વાંધાના બે જવાબ છે :–

૧. કુર્આનને અનુસરતા માનવંતા સૂફીઓએ (મઅરેફત) સમજ અને ઓળખના કાર્યને દિલ તરફ નિર્દેશ કરેલ છે. અર્થાત મનુષ્યના શરીરમાં તે ખૂણો જે લાગણી અને ઉત્તેજનાનું કેન્દ્ર છે. એવું દર્શાવવા કુર્આનમાં તે તરફ ઈશારો કરેલ છે જે આમ લોકોની ભાષામાં પ્રચલિત છે અને લોકોની સમજમાં આવે છે. જેમ કે અંગ્રેજીમાં **Learn By Heart; Break**

રજૂકર્તા : **શેખ મુહમ્મદસરદાર "શમ્સ" સાહેબ–સરખેજ (અમદાવાદ)**

**one's Heart, Change of Heart;** વગેરે. આ રીતની બાબત પ્રચલિત સાહિત્યના વિભાગમાં આવે છે. આવી સાહિત્યિક રીતને ધ્યાન બહાર કરીને માત્ર શાબ્દિક રીતને દેખાડીને દલીલ રૂપે રજૂ કરી દેવી તે અજ્ઞાનતા જેવું કામ છે. દિલ ઉપરના, સૂફીઓ ઉપરના વાંધા આવી જ અજ્ઞાનતાનો એક ભાગ છે.

૨. કુર્આનની એક અન્ય આયતે : "તો શું જમીનમાં ન ચાલ્યા, કે એમનાં દિલ હોય જેનાથી સમજે." *(સૂરએ હજ્જ, આ. : ૪૬)* પણ સૂફી ઉપરના વાંધાને ઉપર છલ્લે જોનારાઓનો મોટો અને ખોટો ઉહાપોહ ગણેલ છે. આ આયતમાં પણ કાફિરોના દિલોને "નાસમજ" કહેલ છે. આધુનિક વિજ્ઞાન પણ આના અર્થઘટનને ટેકો આપે છે. વિજ્ઞાનીઓના એક સમૂહનુ કહેવું છે, દિલ અને મગજની વચ્ચે આદાન પ્રદાન, લેવદ દેવડ (**Communication =** વાત) થાય છે તે એક **Dynamic** અને બંને તરફી (**Two way Dialogue**) છે. વાતચીતની લેવડદેવડ થાય છે.

આધુનિક શોધ પ્રમાણે મગજ સત્ત ચાર તરીકાથી દિલની સાથે **Communication** (વાત)નો સંર્પક કરે છે :–

1. **Neurological communication (Through Transmission of nerve Impulse).**
2. **Biological communication (Through Pressure Wave).**
3. **Biochemical communication (Via Harmouns and neurotransmitter).**
4. **Energetic communication (Through Electromagnetic field interaction).**

૧. જ્ઞાનતંતુને લગતો વૈદક વિદ્યાનો સંચાર વિભાગ (જ્ઞાનતંત્રના હડસેલા કે પ્રેરણા દ્વારા)

૨. જૈવિક જ્ઞાનને લગતો વૈદક વિદ્યાનો સંચાર વિભાગ (દણાબના તરંગ દ્વારા)

૩. શક્તિને લગતો વૈદક વિદ્યાનો સંચાર વિભાગે.

૪. વિદ્યુત પ્રવાહ વડે ઉત્પન્ન થતી વીજ ચુંબકીય પારસ્પરિક ક્ષેત્ર દ્વારા.

ઉપર દર્શાવેલ ચાર તરીકાથી દિલ મગજની કાર્યવાહીને અસર કરે છે.

ડૉ. જે એશાક્રેશ દિલ ઉપર સંશોધન કરનાર એક મશ્હૂર વિજ્ઞાની છે, તેમની સાથેની આ બાબત અંગેની વાતચીત ઘણી અગત્યતા ધરાવે છે.

**It turns out that heart has its own "brain" an intrinsic nervous system. It is not clear what it does, of if it is subservient to the higer Brain. But it is clear that it is there. And I believe it has a mission, Because evolution does not allow thing to remain without purpose. We think this internal nervous system help of fine tune and integrate the heart's diverse activity.**

અનુવાદ : એ ફલિત થાય છે કે દિલને તેનું પોતાનું મગજ છે. એક **Intrinsic nervous System** (પ્રાકૃતિક જ્ઞાનતંત્રની પદ્ધતિ આધિન) મહત્વની માનસિક પદ્ધતિ છે એ સ્પષ્ટ નથી કે તે શું કરે છે ? ક્યાં તો તે એક ઉચ્ચ કક્ષાના મગજને **Subservient** છે (સાધન સમુ ઉપયોગનું છે) પરંતુ એ તો સ્પષ્ટ છે કે તે ત્યાં છે. અને હું માનુ છું કે તેનુ એક મહત્વનું મિશન છે, તેનો એક ધ્યેય અને કામગીરી છે. કારણ કે **Evolutin** (ઉત્પન્ન થવાનો બનાવ) કોઈ હેતુ કે મતલબ વગર રચાયેલ નથી. આપણે વિચારીએ છીએ કે આ નર્વસ માનસિક તરીકો સારા **Tune** (તાલ) સંબંધને અને દિલના વિવિધ કાર્યોને એકહથ્થુ કરે છે.

દરરોજની વાતોમાં વપરાતા શબ્દો અને આધુનિક વિજ્ઞાનની ખરાઈ જોતાં **મૌલાના વહીદુદ્દીનના સૂફીઓ ઉપરના વાંધા** અને **કાફિરોના કુર્આન ઉપરના એવા વાંધા** કે તેમણે દિલને ઓળખ અને સમજનું કેન્દ્ર ગણીને ભૂલ કરી છે તે એક ઈલ્મી જાણકારી વગરનું, જ્ઞાન વગરનું અને પક્ષપાતી વલણ છે. *(હવાલો : માહે નૂર–દિલ્હી, ઉર્દૂ, ફેબ્રુઆરી ૨૦૧૧, પેજ : ૨૯–૩૦)*

## સંસ્કારિક અધોગતિના દૌરમાં..... મુસલમાન અખ્લાકે નબીને અપનાવે

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામને ત્રાસવાદ ફેલાવનાર કહીને ગલત આક્ષેપ કરનારા ઈસ્લામની અસલિયતને સમજે કે હુસ્ને અખ્લાક઼ અને સદ્‌વર્તનને ઈસ્લામમાં જે મહત્વ આપવામાં આવ્યું છે તે અન્ય કોઈ ધર્મમાં જોવા નથી મળતુ બલ્કે ઈસ્લામે જ જગતને હુસ્ને અખ્લાક઼ (સદ્‌ વર્તાવ)ની તા'લીમ આપી છે. ઈસ્લામમાં જે ઈબાદતો ફર્ઝ છે તેમાં પણ સદ્‌વર્તન જોવા મળે છે. નમાઝનો એક ફાયદો એ છે કે તે બેહયાઈ અને બુરી વાતોથી રોકે છે, રોઝાથી પરહેઝગારી પ્રાપ્ત થાય છે અને ભૂખ્યા તથા તરસ્યાના દુઃખ દર્દને સમજી શકાય છે, ઝકાત અદા કરવાથી ગરીબોની આર્થિક જરૂરતો પૂરી થાય છે અને હજજમાં પણ માનવ એકતા તથા સદ્‌વર્તનની તા'લીમ આપવામાં આવી છે. અર્થાત ઈસ્લામની અસ્લ રૂહ સદ્‌વર્તન છે.

### ★ નબી ﷺ અખ્લાક઼ના સર્વોચ્ચ સ્થાને છે ★

મોહસિને કાઈનાત علیہ الصلوٰۃ والسلامની હયાતે તૈયબા અને અખ્લાકે કરીમા આપણા માટે નમૂનારૂપ છે, આપના અખ્લાક઼ અને લોકો સાથે આપના સદ્‌વર્તનનું દૃષ્ટાંત ઈતિહાસમાં નથી મળતુ. આપના અખ્લાક઼ તથા સદ્‌વર્તનની તારીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ "હે મહબૂબ ! (ﷺ) બેશક ! આપ ખુલ્કે અઝીમ પર ફાઈઝ છો (ઉચ્ચ કોટીના અખ્લાક઼વાળા છો)." *(સૂ. ક઼લમ, ૪/૬૮)*

અરબ જેવી જાહિલ અને જિદ્દી ક઼ૌમને સીધા માર્ગે લાવવું ઘણુ જ મુશ્કેલ હતું, પરંતુ આપના સદ્‌વર્તનથી ઘણી ઓછી મુદ્દતમાં અરબના ખૂણેખૂણે ઈસ્લામની અઝમતનો ઝંડો લેહરાવા માંડયો. એલાને નબુવ્વત પહેલાં આપે અરબો સમક્ષ એવા અખ્લાક઼ પેશ ફર્માવ્યા કે આપના દુશ્મનો પણ આપને સાદિક઼ તથા અમીનના ઉપનામથી યાદ કરતા. આપ ﷺ કોઈની સાથે સખ્તી ન ફર્માવતા, નાના મોટા, મજબૂરો તથા યતીમો સાથે ઘણી જ શફક઼ત (પ્રેમભાવના) કરતા. ઈસ્લામમાં સૌથી પહેલી હિજરત હબ્શા તરફ થઈ જેમાં અગ્યાર પુરૂષો અને ચાર સ્ત્રીઓએ હિજરત કરી, ત્યાં મુસલમાનો અમ્નો સલામતીની સાથે રહેવા લાગ્યા, પરંતુ કુફ્ફારે કુરૈશે પોતાના માણસો મોકલી હબ્શાના બાદશાહ નજ્જાશીથી તેની શિકાયત કરી, બાદશાહે હક઼ીક઼ત જાણવા મુસલમાનોને બોલાવ્યા, નજ્જાશીના દરબારમાં હઝરત જાફર બિન અબી તાલિબ رضی اللہ عنہએ જે બયાન કર્યું તે આપ ﷺના અખ્લાક઼નું મોં બોલતુ સુબૂત છે. હઝરત જાફર બિન અબૂ તાલિબ رضی اللہ عنہએ કહ્યું :–

### ★ ઈસ્લામ પ્રતિ આકર્ષણમાં સારા અખ્લાક઼નો રોલ શો છે ? ★

"હે બાદશાહ ! અમે એક જાહિલ ક઼ૌમ હતા, બુતોની પૂજા કરતા હતા, મુરદાર ખાતા, બદ્‌કારીઓ કરતા, પડોશીને સતાવતા, ભાઈ ભાઈ પર જુલ્મ કરતો, તાક઼તવર લોકો કમજોરો પર જુલ્મ કરતા હતા કે એવામાં અમારામાંથી એક વ્યક્તિ પેદા થઈ જેની શરાફત અને સિદક઼ તથા અમાનતથી અમે પહેલાથી વાકેફ હતા. તેમણે અમને ઈસ્લામની દા'વત આપી અને અમને શીખવ્યું કે અમે પથ્થરોની પૂજા કરવાનું છોડી દઈએ, સાચુ બોલીએ, ખૂનરેઝી ન કરીએ,

યતીમોનો માલ ન ખાઈએ, પડોશીઓને ન સતાવીએ, પાકદામન ઔરત પર બદ્નામીનો ધબ્બો ન લગાડીએ, નમાઝ પઢીએ, રોઝા રાખીએ, ઝકાત દઈએ, તો અમે એમના પર ઈમાન લાવ્યા, શિર્ક અને બુતપરસ્તી છોડી સર્વ બુરા કાર્યોથી રોકાઈ ગયા તો આના પર અમારી કૌમ અમારી જાનની દુશ્મન બની ગઈ અને અમને મજબૂર કરે છે કે અમે ફરી એ ગુમરાહીમાં આવી જઈએ." *(સીરતે ઈબ્ને હિશામ, ૧/૩૬૩, દારુલ કિતાબિલ્ અરબી, બૈરૂત)*

હઝરત જાફર બિન અબૂ તાલિબ رضی اللہ عنہના આ બયાનથી સ્પષ્ટ રીતે પુરવાર થાય છે કે સાહિબે ખુલ્કે અઝીમ ﷺએ અરબવાસીઓને અખ્લાક્ સદ્વર્તનની તા'લીમ આપી અને આપના અખ્લાક્ તથા કિરદાર અને સદ્વર્તનથી પ્રભાવિત થઈ લોકો ઈસ્લામ સ્વીકારવા લાગ્યા.

### ★ રબની નજીક સૌથી બુરો કોણ ?! ★

બુખારી શરીફની એક હદીષમાં છે કે એકવાર એક વ્યક્તિએ આપની બારગાહમાં હાજરીની ઈજાઝત માંગી તો આપે ફર્માવ્યું, તેને આવવા દો, એ પોતાના કૂબીલાનો સારો માણસ નથી. પરંતુ જ્યારે એ હાજર થયો તો આપે અત્યંત નમ્રતાથી તેની સાથે વાત કરી. હઝરત આઈશા સિદ્દીક્ા رضی اللہ عنہاએ આશ્ચર્યથી પૂછયું કે, આપ તો એને સારો સમજતા ન હતા તો પણ તેની સાથે આટલી નમ્રતાથી વાત કરી ? આપે ફર્માવ્યું, "અલ્લાહ તઆલાના નજીક સૌથી બુરો એ છે કે જેની બદ્ઝબાનીના કારણે લોકો એની સાથે મળવાનુ બંધ કરી દે." *(બુખારી, ૨/૯૦૫, કિતાબુલ અદબ, બાબુલ મુદારાતે મઅન્નાસ)*

રસૂલે અકરમ ﷺને અલ્લાહ તઆલાએ સમસ્ત જગત માટે આઈડિયલ અને આદર્શ બનાવી મોકલ્યા. અલ્લાહ તઆલા ફર્માવે છે : لَقَدْ كَانَ لَكُمْ فِى رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ"રસૂલુલ્લાહ (ﷺ)નું જીવન તમારા માટે ઉત્તમ નમૂનો છે." *(સૂ. અહઝાબ, ૩૩/૨૧)*

અને કોઈપણ વ્યક્તિ ત્યારે જ આદર્શ બની શકે છે જ્યારે એમાં એ સર્વ સદ્ગુણો હોય જે તેને અન્ય સર્વ લોકોથી વિશિષ્ટ કરી દે અને એવી તમામ બાબતોથી એની જાત પાક હોય જેને બુરી સમજવામાં આવે છે.

### ★ મુસલમાન સાથે સદ્વર્તાવનો બદલો શું છે ?! ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "એકબીજા પ્રતિ ઈર્ષા તથા હસદ ન રાખો, એકબીજાથી મોઢું ન ફેરવો અને હે અલ્લાહના બંદાઓ ! પરસ્પર ભાઈ ભાઈ બની રહો. અને કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે પોતાના ભાઈ સાથે ત્રણ દિવસથી અધિક સંબંધ તોડી રાખે." *(બુખારી, ૨/૮૯૭, હદીષ : ૮૫૪ કિતાબુલ અદબ)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "મુસલમાન મુસલમાનનો ભાઈ છે, ન તેના પર જુલ્મ કરે, ન તેની મદદ કરવાનુ છોડે. જે માણસ પોતાના ભાઈની મદદમાં હોય અલ્લાહ તઆલા તેની મદદમાં હોય છે, અને જે મુસલમાનની તકલીફ દૂર કરે અલ્લાહ તઆલા ક્યામતની તકલીફોમાંથી એક તકલીફ તેનાથી દૂર કરી દેશે, અને જે મુસલમાનના ઐબ છુપાવે અલ્લાહ તઆલા ક્યામતમાં તેની પર્દાપોશી કરશે."

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "એ જાતની ક્સમ ! જેના ક્બ્ઝએ કુદરતમાં મારી જાન છે, બંદો ત્યાં સુધી મો'મિન નથી થતો જ્યાં સુધી પોતાના ભાઈ માટે એ પસંદ ન કરે જે પોતાના માટે પસંદ કરે છે." *(મિશ્કાત, ૪૨૨, બાબુશ્શફ્કત)*

ઉપરોક્ત હદીષોથી જાણવા મળ્યું કે બુગ્ઝ, હસદ, ઘમંડ, નફરત, દુશ્મનાવટ મુસલમાનોની ઐબજોઈ તથા બેઈજ્જતી, સહાય ન કરવી, જુલ્મ અને બીજા માટે નુકસાનની ઈચ્છા રાખવી વગેરે એવી બાબતો છે જે શરીઅતની રૂએ નાપસંદ અને ગુનાહિત છે

અને તેમને બદ્અખ્લાકી સમજવામાં આવે છે. વિશેષ રીતે છેલ્લી હદીષ ઘણી જ અર્થસભર તથા સમૃદ્ધ છે. આ હદીષમાં એ સર્વ બાબતો આવી ગઈ જેને ઈન્સાન પોતાના માટે પસંદ અથવા નાપસંદ કરે છે. અને સ્પષ્ટ છે કે ઈન્સાન પોતાના માટે એ જ પસંદ કરે છે જે એના માટે લાભદાયક હોય, અને દરેક એવી બાબતને નાપસંદ કરે છે જે તેના માટે હાનિકારક હોય. ઈન્સાનની ઈચ્છા હોય છે કે દુ:ખમાં કોઈ તેનો હમદર્દ હોય, એના પર જુલ્મ થતો હોય તો કોઈ તેને જાલિમથી બચાવે, દેવામાં હોય તો કોઈ તેની મદદ કરે, બીમાર હોય તો કોઈ તેનો હાલચાલ પૂછે, ભૂખ્યો હોય તો કોઈ તેને ખવડાવે, કોઈ તેનાથી હસદ ન કરે, તેની બુરાઈ ન કરે, તેનું બુરું ન ચાહે..... વગેરે. તો હવે ઉપરોક્ત હદીષ ફરી એકવાર વાંચી વિચારો કે જ્યારે આપણે આવી બાબતો પોતાના માટે પસંદ નથી કરતા તો કોઈ મુસલમાન માટે કઈ રીતે પસંદ કરી શકાય ?!

## ★ જેનાથી લોકો સુરક્ષિત તેનું નામ મુસલમાન ! ★

હુઝૂરે અકરમ عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું, "મુસલમાન તે છે જેના હાથ અને ઝબાનથી લોકો સુરક્ષિત રહે." *(મિશ્કાત, કિતાબુલ ઈમાન, હદીષ : ૨)*

નબીએ અકરમ ﷺએ પોતાની સીરતે તૈયબા દ્વારા સામાજિક સુવ્યવહારનો એવો નમૂનો અતા ફર્માવ્યો જેને અનુસરીને આપણે પોતાના દિલોનો મેલ દૂર કરી એક એવા ખાનદાન તથા સમાજ અને સોસાયટીના ઘડતરમાં સફળ થઈ શકીએ છીએ જેનો દરેક સભ્ય ઈસ્લામનો સાચો મુબલ્લિગ, શરીઅતનો પાબંદ તથા સર્વ સદ્ગુણોથી સુસજ્જ હોય અને દરેક જાહેરી તથા બાતિની બીમારીથી સુરક્ષિત હોય.

## ★ આપણો શો હાલ છે ?! ★

શરીઅતના હુકમો અને રસૂલુલ્લાહ ﷺની હદીષોની રોશનીમાં જ્યારે આપણે આપણા સમાજ પર નજર કરીએ છીએ તો સમાજમાં અસંખ્ય બુરાઈઓ જોવા મળે છે. ઘર, ખાનદાન, ગામ, શહેર, સંસ્થા સમિતી.... વગેરે જ્યાં પણ અમુક લોકો સાથે રહેતા હોય છે તેમનામાં બુગ્ઝ, હસદ, ચુગલખોરી, એકબીજા પ્રતિ નફરત....... વગેરે બુરાઈઓ સામાન્ય સમજવામાં આવે છે, આજે એક પરિવાર બીજી વ્યક્તિ સાથે બુગ્ઝો હસદ, કીના કપટ તથા મેલ રાખે છે. દરેક બીજાઓની છબી બગાડી પોતાની ઈમેઝ બનાવવા ઈચ્છે છે ! સામાન્ય લોકો તો સામાન્ય પરંતુ હદ તો એ છે કે કેટલીક જગાએ તો એક ખાનકાહના પીર અને સજ્જાદાનશીન કહેવાતા લોકો પણ બીજી ખાનકાહના પીર તથા સજ્જાદાનશીનો પર આક્ષેપ લગાડી, તેમની બુરાઈ કરી પોતાના મુરીદોની સંખ્યા બમણી કરવાના દુષ્પ્રયાસો કરતા જણાય છે ! જેના ઉદાહરણો અવારનવાર આપણે જોઈએ છીએ. (અલ્લાહની પનાહ !)

આ તો રહી સામૂહિક જીવનની સ્થિતિ, અંગત જીવનમાં પણ આજનો ઈન્સાન અત્યંત ખૂદગર્જ, લોભી અને અનાપરસ્ત થઈ ગયો છે. પોતાના સમક્ષ એ બીજાઓને કાંઈ સમજતો નથી. રસૂલે પાક ﷺ ફર્માવે છે, "સલામ (કરવાને) ફેલાવો." અર્થાત વધુથી વધુ સલામનો રિવાજ આપો. પરંતુ આજે દરેકની ઈચ્છા એ હોય છે કે સામેવાળો પહેલાં સલામ કરે ! આપણા દિલ એટલા કઠણ થઈ ચૂક્યાં છે કે કોઈની તકલીફ, દુ:ખ તથા પીડા જોઈ આપણા દિલમાં સહેજ હમદર્દી ઉત્પન્ન થતી નથી. સારાંશ કે આપણામાં ઘણી બધી બુરાઈઓ ઘર કરી ગઈ છે અને એનું કારણ એક માત્ર એ જ છે કે આપણે રસૂલુલ્લાહ ﷺના ઉસ્વએ હસના (અખ્લાકના સારા નમૂના) પર અમલ કરવાનું છોડી દીધું છે અને આપની અખ્લાકી (સુસંસ્કારની) તા'લીમાતથી વિમુખ થઈ ગયા છીએ.

રહમતે આલમ عليه الصلوٰة والسلام ઘણા જ રહમદિલ અને દયાળુ હતા. કોઈને દુ:ખ દર્દમાં જોઈ પોતે રંજીદા થઈ જતા, ભલે એ દોસ્ત હોય કે દુશ્મન, જાણે એ તકલીફ આપને જ પહોંચી હોય.

હઝરત મુસ્અબ બિન ઉમૈર رضى الله عنه ઈસ્લામ વધુ પેજ નં. ૩૮....પર

# નજાત કેવળ અહલે સુન્નત માટે જ છે !

અઝ : **મુફ્તી મુહમ્મદઅશરફ કાદરી (નેકાબાદ–પાક.)**

અનુવાદક : **મૌલાના મુહમ્મદ સઈદ નૂરી મિસ્બાહી** (દારુલ ઉલૂમ બુખારિયા ફૈઝુર્રસૂલ–ચાંચવેલ, તા. વાગરા)

**સુન્નીનો અર્થ** : "સુન્ની" સુન્નતના તરફ સંબંધિત છે. સુન્નતની પેરવી કરવાવાળો, અહલે સુન્નતનો પણ આ જ અર્થ છે. આ બંનેવ શબ્દ અસલમાં "અહલે સુન્નત વ જમાઅત"નો ટૂંકસાર છે. અને અહલે સુન્નત વ જમાઅત ત્રણ શબ્દો પર આધારિત છે. અહલ, સુન્નત અને જમાઅત, તેનો અર્થ નીચે આપેલ વિગતના અનુસાર છે.

**અહલ** : વાળો, દોસ્તી રાખવાવાળો, લાઝિમ પકડવાવાળો વગેરે, મુરાદ દોસ્તી રાખવાવાળો, અથવા લાઝિમ પકડવાવાળો અથવા અનુયાયી છે.

**સુન્નત** : એટલે રસ્તો, તરીકો, ભાવાર્થ : સુન્નતે નબવી અથવા તરીકએ નબવી.

**જમાઅત** : એટલે ગિરોહ, ભાવાર્થ : ગિરોહે સાલેહીન છે. જેની પ્રથમ હક્કદાર સહાબાની જમાઅત છે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) એટલા માટે અહલે સુન્નત વ જમાઅતનો અર્થ થયો, નબી તથા સહાબાના તરીકાવાળી જમાઅત, સાલિહીનના અનુયાયી.

જેમ કે હકીમુલ મિલ્લત વદીન હઝરત અલ્લામા મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એક હદીષે નબવી વર્ણન કરે છે.

કહેવામાં આવ્યું, હઝરત ! અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? આપે કહ્યું, તે તરીકો (માર્ગ) જેના પર હાલના સમયે હું છું અને મારા અનુયાયીઓની જમાઅત. અર્થાતઃ જે નબીએ કરીમ ﷺનો તરીકો અને સહાબાએ કિરામની જમાઅતની પેરવી કરવાવાળા છે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૨૫)*

યાદ રાખશો કે શરીઅતની ભાષામાં અને ઉર્ફે આમમાં "સુન્ની", "અહલે સુન્નત" "અહલે સુન્નત વ જમાઅત" આ ત્રણેવનો એક જ અર્થ લેવામાં આવે છે. એટલે નબવી તરીકો તથા સહાબાની જમાઅતની પેરવી કરવાવાળા.

### ★ આપણે સુન્નીયુલ અકીદા કેમ છીએ ? ★

આપણે સુન્નીયુલ અકીદા એટલા માટે છીએ કે :

**૧.** સુન્નત તથા સહાબાની પેરવી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَનું ફર્માન છે.

**૨.** અહલે સુન્નત વ જમાઅતમાં હક્ક સમાયેલું છે.

**૩.** અહલે સુન્નત વ જમાઅત જ સુન્નતે નબવી અને સહાબાના તરીકા પર ચાલનાર છે.

**૪.** અહલે સુન્નત વ જમાઅત જ શુદ્ધ ઈસ્લામ પર પાબંદ છે, જે દરેક પ્રકારની તબદીલી તથા મિલાવટથી પાક છે. દા.ત. એહલે સુન્નત જ સાચી કિતાબ તથા સુન્નતના સાચા પેરવી કરવાવાળા છે.

**૫.** અહલે સુન્નત વ જમાઅત જ તે પવિત્ર ગિરોહ છે જેના પર સર્વ ખુદાના મકબૂલ બંદાઓ, શોહદા, સાલેહીન, અવલિયા, અબ્દાલ, દીનના ઈમામો અને સર્વ પવિત્ર લોકો થયા અને થશે.

**૬.** અહલે સુન્નત જ "તાઈફાએ મન્સૂરા" એટલે મદદ તથા તાઈદે ઈલાહી (અલ્લાહના સમર્થન)થી

માલામાલ જમાઅત છે. જે કયામત સુધી હક્ક પર કાયમ રહેશે અને હમેશાં તેમની દલીલ સર્વોપરિ રહેશે.

૭. કયામતના દિવસે અહલે સુન્નત વ જમાઅતના ચહેરા સફેદ રોશન અને બદ્‌મઝહબોના ચહેરા કાળા હશે.

૮. અહલે સુન્નત વ જમાઅતથી અલગ થવાવાળા કયામતના દિવસે રસૂલે કરીમ ﷺની શફાઅતથી મેહરૂમ રહેશે.

૯. અહલે સુન્નત વ જમાઅત જ "ફિર્કએ નાજિયા" એટલે નજાત હાંસલ કરવાવાળો ગિરોહ છે, જ્યારે કે સર્વ બદ્‌મઝહબ ફિર્કાઓ જહન્નમમાં અઝાબે ઈલાહીમાં સપડાયેલા હશે.

**૧૦.** અહલે સુન્નત જ જન્નતી ગિરોહ છે. **تلك عشرة كاملة** અને આ સર્વ વાતો કુર્આન તથા હદીષ, દીનના ઈમામો, મુફસ્સિરો (તફસીરકર્તા) તથા મુહદ્દિષોનાં કથનો અને અહલે સુન્નતના વિરોધી લોકોના વડાઓથી પણ સાબિત છે. ટૂંકસાર જોતા ચાલો અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે, ફર્માવે છે : **وا تبع سبيل من اناب الىّ** "અને તેના તરીકાની પેરવી કર જે મારા તરફ પલટયો."

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ તે હસ્તીના તરીકાની પેરવી કરવાનો આદેશ આપ્યો છે જે અલ્લાહની તરફ પલ્ટી. હવે તે હસ્તી છે કોણ ?! તેની નિશાની બયાન કરતાં મુફસ્સિરો ફર્માવે છે, "અને તે હસ્તી નબીએ કરીમ ﷺ અને આપના સહાબા (رضوان الله تعالىٰ عليهم اجمعين) છે."

અને રસૂલે કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, "મારી સુન્નત અને મારા ખોલફાએ રાશિદીનના તરીકાને લાઝિમ પકડો. તેને પોતાની દાઢોના વડે મજબૂત પકડી રાખો." *(અસ્સહીહુલ મુસ્તદરક અલસ્સહીહૈન, અલહાકિમ, ૧/૯૬, બૈત)*

અને ફર્માવે છે : "હું તમને મારા સહાબાની પૈરવીની વસિયત કરું છું, તો જે શખ્સ જન્નતની વચ્ચે પહોંચવા ચાહતો હોય તો તે આ જમાઅત (સહાબાની)ને લાઝિમ પકડે."

પ્રથમ હદીષમાં કેટલીક તાકીદના સાથે હુઝૂર عليه الصلوٰة والسلام પોતાની સુન્નતની તથા ખોલફાએ રાશિદીનના તરીકાની અને બીજી હદીષમાં કેટલા જોરદાર અંદાજમાં આપ ﷺ સહાબાની જમાઅતની પૈરવી કરવાનો આદેશ ફર્માવી રહ્યા છે. અને આ જ સુન્નતે નબવી અને સહાબાની જમાઅતની પૈરવી કરવી સુન્ની હોવું છે. જેથી આપણે સુન્ની થઈને અલ્લાહ તબારક વ તઆલા અને તેના નબીએ અકરમ ﷺનુ ફર્માન પાળી રહ્યા છીએ.

અને ગૈર મુકલ્લિદો (કહેવાતા અહલે હદીષ)ના પેશ્વા અલ્લામા નવાબ હસનખાં ભોપાલીના પુત્ર અલ્લામા અબુલ ખૈર નૂરુલહસન કુન્નુજી લખે છે, "અને હક્ક અહલે સુન્નત વ જમાઅતમાં સમાયેલું છે." *(અલ્ મિન્હજુલ મકબૂલ મિન શરાઈઉર્રસૂલ, પેજ–૧૩)*

આ જ કુન્નુજી સાહબ અધિક લખે છે : "અને ફિર્કએ નાઝિયા એટલે નજાત હાંસલ કરવાવાળો ગિરોહ "અહલે સુન્નત" છે, જે સુન્નતે નબવી અને સહાબાના તરીકા પર ચાલનાર છે. તેના પર રોશન દલીલ આ જ હદીષ છે કે નજાત હાંસલ કરવાવાળો ગિરોહ તે જ છે જે આ તરીકાની પૈરવી કરવાવાળો છે જેના પર હું અને મારા સહાબા છે."

તેમના જ મહાન મુહક્કિક અને તેમના પ્યારા પેશ્વા, તેમના શૈખુલ ઈસ્લામ અલ્લામા ઈબ્ને તયમિયા ફર્માવે છે : "અહલે સુન્નત પોતાની વાણી તથા વર્તનમાં કુર્આન તથા સુન્નતની જ પૈરવી કરે છે. અને તેમનો તરીકો તે જ દીને ઈસ્લામ છે જેના સાથે અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને મોકલ્યા હતા."

નબીએ કરીમ ﷺએ પણ ખબર આપી હતી કે, "હુઝૂર عليه الصلوٰة والسلامની ઉમ્મત તોતેર (૭૩) ફિર્કાઓમાં વહેંચાય જશે, સર્વ ફિર્કાઓ દોઝખમાં જશે એક ફિર્કા સિવાય. અને તે (દોઝખથી નજાત હાંસલ કરવાવાળો ગિરોહ) જમાઅત (અહલે સુન્નત) છે." અને આપની બીજી હદીષમાં છે કે આપે ફર્માવ્યું, "તે ગિરોહ તે જ છે જે મારી સુન્નત અને મારા

સહાબાના તરીકા પર છે.'' જેથી ભેળસેળથી પાક અને શુદ્ધ ઈસ્લામ પર ચાલનાર ફક્ત અહલે સુન્નત વ જમાઅત જ છે. અને અહલે સુન્નતમાં જ સિદીકો તથા સાલિહીન થયા. અને તેમનામાં જ ખુદાના તે મહબૂબ તથા મક્બૂલ બંદાઓ થયા જે રસ્તાથી ભટકેલા લોકો માટે હિદાયતના નિશાન અને ગુમરાહીના અંધકારમાં રોશન ચિરાગ છે જેમની ખૂબીઓ તથા ફઝાઈલનો ચર્ચો છે. અને તેમાં જ અબ્દાલ છે, અને તેમાં જ દીનના ઈમામ છે જેમની રહનુમાઈ અને પેશ્વાઈ પર સર્વ મુસલમાન એકમત થઈ ગયા છે. અને અહલે સુન્નત જ ''તાઈફાએ મનસૂરા'' એટલે અલ્લાહની મદદ પામેલ ગિરોહ છે જેના વિશે નબીએ કરીમ ﷺનો ઈર્શાદ છે કે, ''મારી ઉમ્મતનો એક ગિરોહ ક્યામત સુધી હક્ક પર કાયમ રહેશે. તેમના વિરોધીઓ અથવા તેમની મદદથી હાથ ઉઠાવવાળા તેમનું કાંઈ પણ બગાડી નહીં શકે.'' આપણે અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ કરીએ છીએ, આપણને (અહલે સુન્નત)માં રાખે અને આપણને અહલે સુન્નતના રસ્તાની હિદાયત આપ્યા પછી દિલોને તેના તરફથી ટેઢાં ન કરી દે. *(અલ અકીદતુલ વાસિતિયહ મઅ શરહુહશ્શયખ મુહમ્મદ ખલીલ હરાસ, પેજ : ૧૬૭)*

અને અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : ''જે દિવસે (ક્યામતમાં) અમુક ચહેરા સફેદ અને અમુક ચહેરા કાળા હશે, તો જે લોકોના ચહેરા કાળા હશે (તેમને કહેવામાં આવશે) શું ઈમાન લાવ્યા પછી કુફ્ર કર્યું ?! તો હવે અઝાબ ચાખો, બદલો પોતાના કુફ્રનો ! પણ જેમના ચહેરા સફેદ ચમકતા હશે તેઓ અલ્લાહની રહમતમાં હશે, તે હમેશાં તેમાં રહેશે.'' *(સૂરએ આલે ઈમ્રાન, ૩/૧૦૬, ૧૦૭)*

આ આયતની સ્પષ્ટતામાં સૈયદના અબૂ સઈદ ખુદરી અને અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી નીચે દર્શાવેલ હદીષો બયાન કરીએ છીએ :–

રસૂલે કરીમ ﷺએ ઉપરોક્ત આયતે કરીમા પઢીને કહ્યું, ''(ક્યામતના દિવસે) અહલે સુન્નત વ જમાઅતના ચહેરા સફેદ ચમકતા હશે, અને બદ્‌મઝહબોના ચહેરા કાળા હશે.'' *(દુર્રે મન્થૂર, ૨/૬૩, મિસ્ર)*

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે આપે તે આયતે કરીમાની સ્પષ્ટતામાં ફર્માવ્યું કે, ''અહલે સુન્નત વ જમાઅતના ચહેરા સફેદ ચમકતા અને બદ્‌મઝહબોના ચહેરા કાળા હશે.''

અને ઈમામ મુહદ્દિષ વ ફકીહ અબુલ લૈષ શૈખ નસરબિન મુહમ્મદ સમરકંદી એક હદીષ વર્ણન કરી લખે છે : હઝરત મોઅકિલ બિન યસાર رضی اللہ عنہ રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام થી રિવાયત કરી, લખે છે કે આપે ફર્માવ્યું, ''બે આદમીને મારી શફાઅત નહીં પહોંચશે.'' અને બીજી રિવાયતમાં છે, ''મારી ઉમ્મતમાંથી બે પ્રકારના લોકોને મારી શફાઅત ન પહોંચશે, એક : જાલિમ હાકિમ, બીજો તે માણસ જે દીનમાં અતિશયોક્તિ કરવાવળો (હદથી વધવાવાળો), ગુમરાહી ઈખ્તેયાર કરીને દીનથી નીકળી જવાવાળો એટલે કે પોતાના દીનમાં અતિશયોક્તિ કરીને મઝહબે સુન્નત વ જમાઅતથી નીકળી જાય.'' *(તંબીહુલ ગાફિલીન, પેજ : ૨૦૧)*

રસૂલે કરીમ ﷺ ઈશાદ ફર્માવે છે : મારી ઉમ્મત તોતેર (૭૩) ફિર્કાઓમાં વહેંચાય જશે. તે સર્વ દોઝખમાં જશે, સિવાય એક ગિરોહના. સહાબાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તે કયો ગિરોહ હશે ? કહ્યું, જે મારી સુન્નત અને મારા સહાબાની પેરવી કરવાવાળો હશે. *(અલ્ જામિઉસ્સુનન લિત્તિર્મિઝી મઅ શરહ તોહફતુલ ખવઝી, ૩/૩૬૭)*

બીજી રિવાયતમાં છે, ''તે અહલે સુન્નત વ જમાઅત હશે.'' *(અસ્સહીહુલ મુસ્તદરક અલસ્સહીહૈન, પેજ : ૧૨૮)*

જુઓ ! આ હદીષમાં રસૂલે કરીમ ﷺની ઉમ્મતમાં ૭૩ ફિર્કામાંથી એકને નાજી એટલે નજાત હાંસલ કરવાવાળો ઠરાવી આપ્યો, અને બાકી સર્વ ફિર્કાઓને જહન્નમની ઠરાવ્યા. અને એ પણ બતાવ્યું કે નજાત હાંસલ કરવાવાળો ગિરોહ તે જ હશે જે નબીએ કરીમ ﷺના તરીકા અને સહાબાની જમાઅતની પેરવી કરવાવાળો હશે. અને જાહેર છે

કે નબીએ કરીમ عليه الصلوٰة والسلام અને સહાબાની જમાઅતની પેરવી કરવાવાળો અહલે સુન્નત વ જમાઅત જ છે. એટલા માટે હદીષે પાકની દષ્ટિમાં દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ થઈ ગયું કે અહલે સુન્નત વ જમાઅત જ ''નાજી'' છે, અને બાકી જહન્નમી. અને એટલા માટે આપણે સુન્નીયુલ અક઼ીદા છીએ.

આ હદીષ ઉપરાંત અન્ય કેટલીક બીજી રિવાયતોમાં આ મસ્અલો એટલો સ્પષ્ટ અને રોશન કરીને બતાવ્યો છે કે કોઈ વ્યક્તિ માટે કોઈ પ્રકારનો શક અથવા શંકાની બિલ્કુલ ગુંજાઈશ નથી રહેતી, જેમ કે જોતા ચાલો.

નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું કે, ''મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાય જશે, જેમાંથી એક જ ગિરોહ નજાત હાંસલ કરવાવાળો હશે, અને બાકી (જહન્નમમાં) હલાક થઈ જશે. અર્ઝ કરવામાં આવી, નજાત હાંસલ કરવાવાળો ગિરોહ કયો હશે ? ફર્માવ્યું, અહલે સુન્નત વ જમાઅત. અર્ઝ કર્યું, અહલે સુન્નત વ જમાઅતનો શું અર્થ ? ફર્માવ્યું, જેના પર અત્યારે હું છું અને મારા સહાબા છીએ. *(કિતાબુલ મલલ વલ નહલ, ૧/૨૧ કાહિરા)*

બીજી રિવાયતમાં છે :–

સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એ એક જન્નતી ગિરોહ કોણ હશે ? આપે ફર્માવ્યું, ''અહલે સુન્નત વ જમાઅત હશે.'' *(તંબીહુલ ગાફિલીન, સમરકંદી, પેજ : ૩૧, મિસ્ર)*

અને બીજી એક રિવાયતમાં છે :–

નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ત્યારે આ ફર્માવ્યું કે, ''તે ૭૩ ફિર્કામાં ફક્ત એક નજાત હાંસલ કરવાવાળો હશે. તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે એક નજાત હાંસલ કરવાવાળો ગિરોહ કોણ હશે ? કહ્યું, અહલે સુન્નત વ જમાઅત. તો અર્ઝ કરી, અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? ફર્માવ્યું, જે નબીએ કરીમ عليه الصلوٰة والسلام અને સહાબાનો અનુયાયી હશે.'' *(અહયાઉલ ઉલૂમ, ૩/૨૨૫)*

આ હદીષની રિવાયત પર ચર્ચા કરતાં અલ્લામા મુહદ્દિષ ઝૈનુદ્દીન ઈરાક઼ીએ ફર્માવ્યું, તેની સનદો ખૂબ સારી અને શ્રેષ્ઠ છે. *(તખરીજુલ ઈરાક઼ી)*

હવે હદીષે ઈફતેરાકે ઉમ્મતના હેઠળ ''ફિર્ક઼એ નાજિયા'' એટલે નજાત હાંસલ કરવાવાળા ગિરોહના બારામાં દીનના ઈમામોના અમુક કથનો જોતા ચાલો :

મુહદ્દિષે કબીર અલ્લામા ઈમામ અલી બિન સુલ્તાન અલ મઅરૂફ ''મુલ્લા અલી ક઼ારી'' رحمۃ اللہ علیہ ફર્માવે છે : એ વાતમાં કોઈ શંકા નથી કે 'ફિર્ક઼એ નાજિયા' અહલે સુન્નત વ જમાઅત જ છે.

૭૨ ફિર્ક઼ા સર્વ જહન્નમમાં જશે અને 'ફિર્ક઼એ નાજિયા' અહલે સુન્નત વ જમાઅત જ છે.'' *(મિર્ક઼ાત શરહે મિશ્કાત, ૧/૨૪૭)*

સાહિબે ગુન્યતુત્તાલિબીન લખે છે : ''પણ 'ફિર્ક઼એ નાજિયા' તો અહલે સુન્નત વ જમાઅત છે.'' *(ગુન્યતુત્તાલિબ તરીક઼િલ હક્ક઼, ૧/૮૫)*

મુહદ્દિષુલ હિંદ શૈખ મુહક્કિ઼ક઼ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ફિર્ક઼એ નાજિયા અહલે સુન્નત વ જમાઅત જ છે.'' *(અશિઅતુલ લમ્આત શરહે મિશ્કાત, ૧/૭૬)*

ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂક઼ી સરહિંદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''કથનો તથા વર્તનો અને નિયમોમાં અહલે સુન્નત વ જમાઅતની પૈરવી કરવી નજાતનો રસ્તો છે. કેમ કે અહલે સુન્નત વ જમાઅત 'ફિર્ક઼એ નાજિયા' છે, અને તેના સિવાય બીજા ફિર્ક઼ાઓ સર્વ પડતી અને હલાક઼તના કિનારા પર છે. આજે કોઈ આ હક઼ીક઼તને જાણે કે ન જાણે પણ કાલે ક઼યામતમાં હર એક જાણે લેશે, પણ તે વખતનું જાણવું ફાયદાકારક ન હશે.''

મુહદ્દિષે જલીલ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ઈબ્ને અસાકિરના હવાલાથી અલ્લામા શૈખ ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ અલ્ફક઼ીહથી રિવાયત કરે છે. શૈખ ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ અલ્ફક઼ીહ ફર્માવે

છે કે હાફેઝ અબૂ અહમદ અલ્‌હાકિમને તેમના મૃત્યુ પછી સ્વપ્નમાં જોયા. મેં કહ્યું, આપના પાસે (કબ્ર તથા બરઝખમાં) કયો ફિર્કો નજાતથી વધારે નિકટ છે? તેમણે ફર્માવ્યું, "અહલે સુન્નત!" *(શરહુસ્સુદૂર, પેજ : ૧૧૯)*

અધિક સંતોષ માટે આ જ બાબતમાં અમે ગૈર સુન્નીના માન્યવર મોટેરાઓનાં કેટલાંક કથનો નમૂના રૂપે લખીએ છીએ :–

**૧.** ગૈર મુકલ્લિદ (કહેવાતા અહદે હદીષ)ના મહાન પેશ્વા અને તેમની અગ્રગણ્ય હસ્તી શૈખ ઈબ્ને તૈયમિયા ફર્માવે છે : "હમ્દો સલાત બાદ, આ 'ફિર્કએ નાજિયા' અહલે સુન્નત વ જમાઅતનો અકીદો છે જે કયામત કાયમ થતા સુધી અલ્લાહની નુસ્રત તથા મદદથી હમકિનાર થશે." *(અલ્‌ અકીદતુલ વાસતિય્યહ લિશ્શયખ ઈબ્ને તયમિયહ)*

"ફિર્કએ નાજિયા અહલે સુન્નત વ જમાઅત આ વસ્તુઓ (સિફાતે ઈલાહીયા) પર ઈમાન રાખે છે." *(હવાલો : ઉપર મુજબ)*

**૨.** તે જ લોકોના ઈમામે કબીર અલ્લામા નવાબ સિદીક હસનખાં કુન્નુજી ભોપાલીના પુત્ર અલ્લામા નૂરુલ હસન કુન્નુજી ફર્માવે છે, "અને 'ફિર્કએ નાજિયા' અહલે સુન્નત વ જમાઅતનો ગિરોહ છે." *(હવાલો : ઉપર મુજબ)*

**૩.** એ જ ગૈર મુકલ્લિદના સર્વથી મોટા મુહદ્દિષ અલ્લામા શૈખ અબ્દુર્રહમાન મુબારકપુરી લખે છે : "ગુમરાહ ફિર્કાઓ પૂરા ૭૨ છે અને ૭૩મો ગિરોહ અહલે સુન્નત વ જમાઅત છે, અને આ જ ગિરોહ 'ફિર્કએ નાજિયા' છે. *(તોહફતુલ અહવઝી શરહુલ જામિઉસ્સુનનિત્તિર્મિઝી, ૩/૩૬૮)*

"તો આ ૭૨ ફિર્કાઓ છે જે સર્વ દોઝખી છે, અને નજાત હાંસલ કરવાવાળો ગિરોહ ફક્ત અહલે સુન્નત છે." *(ઉપર મુજબ)*

**૪.** દેવબંદી મક્તબએ ફિક્રના ઈમામ અલ્લામા રશીદ અહમદ ગંગોહીના શિષ્ય અલ્લામા ખલીલ અહમદ અંબેઠવી 'હદીષે ઈફતેરાકે ઉમ્મત'ની સ્પષ્ટતા કરતાં લખે છે : "૭૨ ફિર્કા જહન્નમની આગમાં દાખલ થશે અને એક ગિરોહ જન્નતમાં જશે. અને તે ગિરોહ અહલે સુન્નત વ જમાઅત છે. એટલે તે ગિરોહ અહલે સુન્નત વ જમાઅત છે. *(બઝલુલ મજહૂદ ફી હલ્લિ સુનનિ અબૂ દાઊદ, ૬/૧૮૯)*

**૫.** શીઆ મઝહબની અંતિમ ભરોસાપાત્ર કિતાબ "જામીયુલ્‌ અખ્બાર"માં એક હદીષે કુદ્સી લખેલી છે જેમાં અલ્લાહ તબારક વ તઆલાએ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامને સંબોધિત કરતાં અહલે સુન્નત વ જમાઅત માટે આ મહાન ખુશખબરી સંભળાવી : "જે વ્યક્તિ અહલે સુન્નત વ જમાઅત પર મૃત્યુ પામશે તેને કબ્રમાં ન અઝાબ થશે, અને ન તેના પર કયામતના દિવસે સખ્તી થશે. હે મુહમ્મદ! صلی اللہ علیہ وسلم જે આ જમાઅતથી મહોબ્બત કરશે તેનાથી અલ્લાહ તઆલા અને સર્વ ફરિશ્તાઓ મહોબ્બત કરશે." *(જામિઉલ અખ્બાર શીઈ, પેજ : ૯૦)*

અને અંતમાં મહાન ખુશખબરી પર સામેલ એક હદીષે પાક લખીને આ મસ્અલાને ખત્મ કરીએ છીએ. જેમ કે ઈમામ મુહદ્દિષ વ ફકીહ શૈખ નસર બિન ઈબ્રાહીમ સમરકંદી પોતાની સતત (મુત્તસિલ) સનદની સાથે સૈયદના અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત કરે છે. એક લાંબી હદીષ વર્ણન કરે છે જેમાં સરકાર અબદ કરાર હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم આ ખુશખબરી સંભળાવે છે :

"જો તમને બેહતરીન જન્નત અને તેની નેઅમતોમાં રહેવાનું પસંદ હોય તો મઝહબે અહલે સુન્નત વ જમાઅતને લાઝિમ પકડી લો." *(તંબીહુલ ગાફિલીન, પેજ : ૨૦૨, મિસર)*

### ★ આ નામ કેમ રાખવામાં આવ્યું ? ★

"અહલે સુન્નત, "અહલે હક્ક" સાચા મુસલમાનોનું વિશેષ નામ, ઓળખપત્ર અને તેમની સાચી ઓળખ છે. અને તેમનું આ નામ એટલા માટે થયું કે તેમણે દિલો જાનથી સુન્નતે નબવી તથા સહાબા

તથા સાલેહીનનો તરીક઼ો★ અપનાવ્યો. જ્યારે તેમના સિવાયના ઈસ્લામનો દાવો કરવાવાળા બીજા ફિર્ક઼ાના લીડરોએ અધિક્તા તથા બેપરવાહી અને હદથી વધીને અથવા ઉણપના શિકાર થઈને સુન્નત વ જમાઅતના રસ્તાથી ફરીને ગુમરાહીનો રસ્તો પસંદ કર્યો. *(પયામે હરમ, સપ્ટે.થી ઓકટો. ૨૦૦૬, જમદાશાહી)*

★ ***ચેતવણી*** *: કેટલાક બાતિલ જહન્નમી ફિર્ક઼ાવાળા વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ કહેવાતા અહલે હદીષ, મૌદૂદી કહેવાતા જમાઅતે ઈસ્લામીવાળા વગેરે એવું કહીને ભોળી પબ્લિકને બહેકાવે છે કે, "જુઓ ! અમે દાઢી રાખીએ છીએ તથા ઈસ્લામી લિબાસ ઊંચા પાયચા નીચા જબ્બાવાળો પહેરીએ છીએ, ફલાણી સુન્નત અપનાવીએ છીએ જેથી 'અહલે સુન્નત' સાચા અમે જ છીએ !" તો ભાઈઓ ! એનાથી ધોકો ન ખાશો ! એ જાહેરી દેખાવ છે અસલ તરીક઼ો તો એ અક઼ીદા છે, જેના પર હુઝૂર તથા સહાબા ચાલ્યા.* ***કોઈ સહાબીનો તરીક઼ો એવો ન હતો કે*** *"રસૂલે પાક ﷺને નાચીઝ રજકણથી નીચ બતાવે, કોઈ સહાબીએ નથી કહ્યું કે અલ્લાહે તેમને કાંઈ જ ઈખ્તિયાર નથી આપ્યો, તે તો આપણી જેવા લાચાર, મજબૂર છે! કોઈ સહાબીએ આવું નથી કહ્યું કે, "અને આ વાતમાં (એટલે ગયબનો ઈલ્મ જાણતા હોવામાં) અવલિયા, અંબિયા અને જિન્નાત અને શૈતાન તથા ભૂત અને પરીમાં કાંઈ ફરક નથી." (તક઼વિયતુલ ઈમાન) તેમનો તરીક઼ો એ ન હતો કે શૈતાનના ઈલ્મને હુઝૂર કરતાં વધુ બતાવે. (બરાહીને ક઼ાતિઆ) કોઈ સહાબીનો તરીક઼ો એ ન હતો કે હુઝૂરના ઈલ્મને બાળકો, પાગલો તથા જાનવરો જેવો બતાવે.... (હિફ઼્ઝુલ ઈમાન) વગેરે. બલ્કે સહાબા તો હુઝૂર ﷺને અલ્લાહની અતાથી ગયબ જાણનાર, બાઈખ્તિયાર, હાઝિર નાઝિર, માબાપથી બલ્કે પોતાની જાનથી વધુ પ્રિય જાણતા હતા. અને એ જ આપણો અહલે સુન્નતનો તરીક઼ો તથા અક઼ીદો છે. અલ્હમ્દુલિલ્લાહ !*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પેજ નં. ૩૨ નું ચાલુ...

સ્વીકાર પહેલાં ઘણા ઠાઠમાં રહેતા. એમના વાલિદૈન એમને કિંમતી વસ્ત્રો પહેરાવતા, પરંતુ અલ્લાહ તઆલાએ આપને ઈસ્લામની દૌલતથી નવાજ્યા તો માબાપની એ જ મહોબ્બત અદાવતમાં બદલાઈ ગઈ. એક દિવસ હઝરત મુસ્અબ બિન ઉમર رضی اللہ عنہ એ હાલતમાં બારગાહે રસૂલ ﷺમાં આવ્યા કે જે શરીર પર કિંમતી વસ્ત્રો રહેતાં હતાં હાલ તેના પર એક પણ વસ્ત્ર થીંગડાં વિનાનુ ન હતું. આ જોઈ આપ ﷺની આંખો ભરાઈ આવી. *(તરગીબ વ તરહીબ, ૨/૨૪૭)*

## ★ ઈસ્લામનું ઔરતો પર મહાન એહસાન ! ★

એક સહાબી એકવાર પોતાની ઘટના બયાન કરી રહ્યા હતા કે જાહિલિયતના (ઈસ્લામ લાવ્યા પહેલાંના) જમાનામાં અરબમાં બાળકીઓને જીવંત દફન કરી દેવાનો રિવાજ હતો ત્યારે મેં પણ મારી એક બાળકીને દફન કરી દીધી હતી. તે અબ્બા ! અબ્બા ! પોકારતી અને હું તેના પર માટી નાખતો જતો. આ દર્દભરી દાસ્તાન સાંભળી રસૂલલ્લાહ ﷺની આંખોથી અશ્રુ વહેવા લાગ્યાં. *(સુનને દારમી, બાબે મા કાન અલયહિન્નિસા ક઼બ્લ મબ્અષિન્નબી, ૧૩)*

રસૂલે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના અખ્લાક઼ અને સદ્વર્તનના પ્રભાવથી દુશ્મનો પણ પ્રભાવિત થયા વિના નથી રહી શક્યા અને દુનિયાએ જોયું કે ૨૩ વરસના ટૂંકા ગાળામાં ઈસ્લામના અનુયાયીઓની એક પુષ્કળ સંખ્યા થઈ ગઈ અને લોકોના ટોળાં ને ટોળાં ઈસ્લામમાં પ્રવેશવા લાગ્યાં.

આજે જયારે કે ગુમરાહી, અખ્લાક઼ી નીચતા, કુસંસ્કારિક્તા, અને સ્વાર્થવૃત્તિ તથા ઘમંડમાં રાચવાનો દૌર છે, આવા માહોલમાં મુસલમાનોની મહત્વની જિમ્મેદારી બને છે કે કુર્આન તથા સુન્નતની રસ્સીને મજબૂતીથી પકડી ઉત્તમ અખ્લાક઼ અને કિરદારનું પ્રદર્શન કરે જેથી બીજી ક઼ૌમો એ કહેવા પર મજબૂર થઈ જાય કે સાચે જ ઈસ્લામ અમ્નો સલામતી, મહોબ્બત અને દયાભાવ તથા ખૈરખ્વાહી અને ભાઈચારગીનો મઝહબ છે.

**હર લહ્ઝા હૈ મો'મિન કી નઈ શાન નઈ આન**
**કિરદારમેં, ગુફ્તાર મેં અલ્લાહ કી પહેચાન**

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૧)*

# વેપાર (બિઝનેસ)માં બરકત છે

–:: રજૂકર્તા ::–
મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી

ઈસ્લામે આખેરતની કામયાબી જેવી રીતે પોતાના ખાલિક઼ અને મઅબૂદની ઈબાદત અને પૂજાની સમજ આપી છે તેવી રીતે દુનિયાની પ્રગતિ અને ખુશહાલી પ્રાપ્ત કરવા માટે રોજી હાંસલ કરવાનો પણ એહસાસ અતા ફર્માવ્યો છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે : "અને જ્યારે નમાઝ પઢી ચૂકો તો જમીન ઉપર ફેલાઈ જાવ અને અલ્લાહનો ફઝલ (રોજી) તલાશ કરો." *(સૂ. જુમ્આ, આયત : ૧૦, પારા : ૨૮)*

## ★ તિજારત (વેપાર, બિઝનેસ)માં પુષ્કળ ભલાઈ છે ★

ઉપરોક્ત આયતે કરીમામાં બંદગી પછી રોજી પ્રાપ્ત કરવા તરફ આકર્ષિત કરવામાં આવ્યા છે અને આ આયતે કરીમામાં કારીગરી, કામધંધો, ખેતીવાડી, વેપાર..... વગેરે રોજી પ્રાપ્ત કરવાના સર્વ માધ્યમો અને ઝરીયા સામેલ છે. પરંતુ હલાલ રોજીમાં સંપૂર્ણ ભલાઈના એતેબારથી સૌથી વધુ મહત્વતા અને ફઝીલત વેપાર અને બિઝનેસને પ્રાપ્ત છે. જેમ કે સરકારે કાએનાત علیہ الصلوٰۃ والسلام નો ઈર્શાદે પાક છે : "બરકતના ભાગોમાંથી નવ ભાગો વ્યાપાર છે." *(કીમીયાએ સઆદત)*

વધુમાં આપ ﷺ એ ફર્માવ્યું :–

"અમાનતદાર અને સત્ય બોલનાર વેપારી નબીઓ, સિદ્દીક઼ો, શહીદો અને નેક લોકોની સફમાં હશે." *(બુખારી, મુસ્લિમ)*

ઉપર વર્ણન થયેલ બંનેવ હદીષોથી એ જાણવા મળ્યું કે વેપાર દૌલતમાં વધારાનો અને રહમતો તથા બરકતો પ્રાપ્ત કરવાનો અને અલ્લાહના મક઼બૂલ અને મહબૂબ બંદાઓની નઝદીકી અને કુર્બમાં રહેવાનો સબબ છે જે અલ્લાહ તઆલાની રઝાની માટે દલીલ અને નજાત અને મગફેરતની સંપૂર્ણ જમાનત છે.

## ★ અંબિયાએ કિરામની સુન્નત ★

જો આપણે ઈસ્લામના ઈતિહાસ ઉપર એક ઉપરછલ્લી નજર કરીએ તો એ હક઼ીક઼ત એકદમ સ્પષ્ટ થઈ જશે કે **હઝરત આદમ علیہ السلام થી લઈને જાને કાઈનાત ﷺ સુધી તમામ રસૂલો અને અંબિયાએ કિરામ علیہم السلام પોતાની મહેનત તથા તકલીફ ઉઠાવીને જ રોજી હાંસલ કરતા હતા.** દા.ત. હઝરત આદમ علیہ السلام ખેતીવાડી કરતા હતા, હઝરત ઈદ્રીસ علیہ السلام કપડાં સિવાયતા હતા, હઝરત મૂસા علیہ السلام બકરીઓ ચરાવતા હતા, હઝરત દાઊદ علیہ السلام બખ્તર બનાવી વેચતા હતા, હઝરત સુલૈમાન علیہ السلام કોથળાઓ અને છાબડીઓ વેચતા હતા અને તાજદારે અરબો અજમ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ એ પહેલાં બકરીઓ ચરાવી અને પછી વેપારના હેતુથી યમન અને શામનો સફર કર્યો.

## ★ સહાબાએ કિરામની સુન્નત ★

એ જ પ્રમાણે જો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પાકીઝા જિંદગીની તપાસ કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જશે કે ઉચ્ચકક્ષાના મોટા મોટા સહાબાએ કિરામ બિઝનેસ, વેપાર કરતા હતા. દા.ત. હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ફારૂકે આ'ઝમ, હઝરત ઉષ્માન ગની. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) પોતાના દૌરના વિખ્યાત અને મોટા પાયાના વેપારી તથા બિઝનેસમેન હતા.

હઝરત તલ્હા رضی اللہ عنہ કપડાં અને દૂધનો કારોબાર કરતા હતા. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ પણ કાપડના ઘણા મોટા વેપારી હતા.

ઈસ્લામનો પૂરો ઈતિહાસ આવી સન્માનિત વ્યક્તિઓની મુક઼દસ સીરતથી ભરેલો અને તેમના વ્યાપારિક કારનામાઓથી ઝગમગી રહ્યો છે. પરંતુ સદ્ અફસોસ કે આજે મુસ્લિમ તબક઼ો ન કેવળ

વેપારને તુચ્છ નજર વડે જુએ છે, બલ્કે તેનાથી કેટલો દૂર થઈ ચૂક્યો છે. વળી વેપારની જ શું વાત ! દરેક તે કામથી દૂર ભાગે છે જેમાં મહેનત તકલીફ અને કોશિશની જરૂરત પડે છે. કેવળ આરામ અને ઐશ અને હરવા ફરવામાં જ તેમની નજર રહે છે અને આ વસ્તુઓ તેમની ઓળખ બની ગઈ છે. એ જ કારણે આપણી પ્રગતિ અને બુલંદીઓ પડતી અને અધોગતિ તરફ જઈ રહી છે. આપણો ખુશહાલ અને પ્રગતિ પામેલ મુસ્લિમ સમાજ સામાજિક બદ્હાલી અને આર્થિક સમસ્યાઓની ભેટ ચઢી રહ્યો છે. અને મુસલમાનોને મહેનતની તકલીફ મંજૂર ન હોવાનુ જ પરિણામ છે કે તેઓ પોતાની મુફલિસી અને ગરીબીની શિકાયતોમાં ફસાઈને રહી જાય છે. એવા ઈસ્લામી ભાઈઓથી નમ્રતાપૂર્વક ગુઝારિશ છે :–

*હાથ પે હાથ ધરે શિકવએ કિસ્મત કૈસા ?*
*ઝર્બે મર્દાં સે ઉગલ દેતા હૈ પથ્થર પાની*

અને મહેનતથી નફરત અને દુશ્મની રાખનારા અને સુસ્તી તથા સુસ્તપણાથી મહોબ્બત રાખનારા અમુક મુસ્લિમો ગૈરમુસ્લિમોની પ્રગતિઓ અને કામયાબીઓને જોઈ નિરાશા અને નાઉમ્મીદીના શિકાર થઈ જાય છે. કાશ ! કે તેઓને આ સબક્ યાદ હોતો કે, "જેણે મહેનત કરી તેણે મેળવ્યું" અને આ પયગામ તેઓ ન ભૂલ્યા હોત કે :–

*અપને હાથોંસે બના તૂ ભી કોઈ કસ્રે અઝીમ*
*ચશ્મે હસરત સે કિસી મહલ કી તામીર ન દેખ*

## ★ બેબરકતીનો સબબ ★

આજે જરૂરત એ વાતની છે કે આપણે પોતાને અમલના અને વેપારના મેદાનમાં ઉતારી દઈએ અને મહેનત અને કષ્ટને પોતાની ટેવ તથા આદત બનાવી લઈએ અને જે મુસલમાન માલી એતેબારથી કમજોર અને મજબૂર હોય તેમની મદદ અને હેલ્પ કરીએ અને તેમની સાથે હમદર્દી અને ભલાઈની સાથે પેશ આવીએ અને આર્થિક રીતે મજબૂત બનાવવાની કોશિશ કરતા રહીએ જેથી અલ્લાહ તઆલાની રહમત અને મદદના હક્કદાર બનીએ. એટલા માટે કે પયગંબરે આ'ઝમ ﷺનો ઈર્શાદે પાક છે : "અલ્લાહ તઆલા બંદાની મદદમાં રહે છે જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદમાં હોય છે." જો આવું થઈ ગયું તો આપણી ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી આવી શકે છે અને આપણો રોકાયેલો સફર એક વેળા ફરી પોતાની મંઝિલ તરફ આવી શકે છે. પરંતુ યાદ રાખશો, રોજી પ્રાપ્ત કરવાના અને માલ દૌલત મેળવવાના એવા માર્ગો ન અપનાવવામાં આવે જે લા'નત અને મલામત (ફિટકાર)ના કારણો હોય, જેમ કે જૂઠુ બોલવું. આજે સામાન્યતઃ વેપારી પોતાના વેપારને વેગવંત બનાવવા માટે જૂઠનો સહારો લે છે અને વસ્તુની જૂઠી જૂઠી પ્રશંસા કરી એ વસ્તુની ખોટી મહત્વતા અને ફાયદાઓ બયાન કરી વધુ કિંમત પડાવવા માટે કોશિશમાં રહે છે, જે શરીઅતની દષ્ટિએ હરામ અને ગુનોહ અને બેબરકતીનો સબબ છે.

**ધોકો આપવો** : આ બુરુ કાર્ય પણ તેમના વેપારનો એક હિસ્સો બની ગયો છે કે ખરીદનારાઓથી મીઠી મીઠી વાતો કરી અને જૂઠી કસમો ખાઈ પોતાની જાળમાં ફાંસી લે છે. માપ તોલમાં ઓછુ કરી કેટલાં લોકોને ધોકો આપે છે અને અંદરો અંદર પોતાના આ બુરા કાર્ય ઉપર ખુશ પણ થાય છે અને તેમને એ વાતની બિલ્કુલ ફિકર નથી રહેતી. આવો વેપાર શરીઅતની દષ્ટિએ જાઈઝ પણ છે કે નથી ? નફા સિવાય બીજી કોઈ વસ્તુ તરફ બિલ્કુલ ધ્યાન જ નથી રહેતું ન નમાઝોનો કોઈ ખ્યાલ રહે છે અને ન ગુનાહનો કોઈ રંજ. તેઓની આ હાલત અને બુરી આદતોને જોઈને આજે કહેવું પડે છે કે :–

*શર્મે નબી ખૌફે ખુદા યે ભી નહીં વો ભી નહીં*

નીચે અમુક એવી હદીષો રજૂ કરવામાં આવે છે જેમાં ઉપરોક્ત બુરાઈઓના કરનારાઓ માટે નસીહત જ નસીહત છે.

રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું, "વેપારીઓ કયામતના દિવસે બદ્કાર ઉઠાવવામાં આવશે, પણ જે વેપારી પરહેઝગાર હશે અને લોકો સાથે એહસાન કરે અને સત્ય બોલે." *(તિર્મિઝી)*

રહમતે આલમ عليه الصلوٰة والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "વેપારીઓ બદ્કાર છે ! લોકોએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ શું અલ્લાહ તઆલાએ ખરીદ અને

વેચાણ હલાલ નથી કર્યું ?! ફર્માવ્યું, હા ! ધંધો હલાલ છે, પરંતુ આ લોકો વાત કરવામાં જૂઠુ બોલે છે અને કસમો ખાય છે જેમાં તેઓ જૂઠા હોય છે." *(સૈયદના ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ)*

### ★ વેપારમાં કસમ ખાવી ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, ધંધામાં વધુ કસમ ખાવાથી બચો ભલે તેનાથી વસ્તુઓ વેચાય જશે પરંતુ બરકતને ખત્મ કરી દે છે. *(મુસ્લિમ શરીફ)*

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ત્રણ વ્યક્તિઓ સાથે કયામતના દિવસે અલ્લાહ તઆલા વાત નહીં કરે અને ન તેઓ તરફ નજર ફર્માવશે અને ન તેઓને પાક કરશે, અને તેઓને તકલીફ તથા અઝાબ થશે. હઝરત અબૂઝર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ઝિલ્લત (બેઈજ્જતી) ઉઠાવનારા અને નુકસાન પામનારા કોણ છે ? ફર્માવ્યું, (૧) કપડાં લટકાવનારા (તકબ્બુરથી પોતાનાં કપડાંઓ નીચે સુધી લટકાવનારા), આપીને એહસાન જતાવનારા (૨) આપીને એહસાન જતાવનારા (૩) જૂઠી કસમો વડે પોતાનો ધંધો ચલાવનારા. *(મુસ્લિમ શરીફ)*

ઉપરોક્ત રિવાયતોને નજર સમક્ષ રાખી એવો ધંધો અપનાવવો જોઈએ જે ઈસ્લામી કાનૂનના એકદમ મુતાબિક હોય જેનાથી દુનિયાની કામયાબી સાથે આખેરતની ખુશી પણ હાંસલ થાય. ક્યાંક એવું ન થાય કે આપણે પ્રગતિના જઝબામાં ડૂબી જઈ હલાલ અને હરામ અને જાઈઝ નાજાઈઝના ફરકને ભૂલી જઈએ અને એના બધા તકાદાઓને પીઠ પાછળ કરી અલ્લાહ તઆલાના અઝાબના મુસ્તહિક (લાયક) ઠરીએ. **العیاذ باللہ تعالیٰ**
*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ મંથલી, મે–૨૦૧૧, મુંબઈ)*

## મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમીને

# મુફતીએ આ'ઝમ ગોલ્ડમેડલ એવોર્ડ

આલમી દાઈ તથા ખતીબ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમી સાહબ કિબ્લા مدظلہ العالی ની પચાસ વર્ષની દીની, દઅવતી તથા મઝહબી ખિદમતોના સ્વીકારમાં રઝા એકેડમી મુંબઈ એ તા. ૩–૪–૨૦૧૧ રવિવારે અંજુમને ઈસ્લામ વી.ટી. મુંબઈમાં એક અઝીમુશ્શાન "જશ્ને ખિદમાતે કમર" આયોજિત કર્યો જેમાં ખાસ કરીને હઝરત સૈયદ તાહિરમિયાં સાહબ કિબ્લા સજ્જાદાનશીન બેલગ્રામ શરીફ, મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી, સીરાજુલ ફુકહા મુફતી નિઝામુદ્દીન રઝવી વગેરેએ શિર્કત કરી. એ તેહનિયતી જલ્સામાં ઉલમાએ કિરામે હઝરત મુફક્કિરે ઈસ્લામના હવાલાથી પોતપોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ જશ્નમાં "તજલ્લિયાતે કમર" નામી કિતાબનો ઈજરા પણ થયો. આ કિતાબમાં હઝરત અલ્લામાના હવાલાથી દેશ–વિદેશના ઉલમા તથા દાનિશ્વરોના લખાણો તથા પ્રતિભાવો સામેલ છે.

પૂરો મજમો એ વખતે નારએ તકબીર વ રિસાલતથી ગુંજી ઉઠયો જ્યારે હઝરત સૈયદ તાહિરમિયાં કિબ્લાના મુકદ્દસ હાથો વડે હઝરત મુફક્કિરે ઈસ્લામને "મુફતીએ આ'ઝમ ગોલ્ડ મેડલ એવોર્ડ"થી નવાઝવામાં આવ્યા. પાવર પોઈંટના થકી તે મસ્જિદો, મદ્રસાઓ તથા ઈસ્લામી સેન્ટરોની તસ્વીરો પણ દેખાડવામાં આવી જે હઝરત મુફક્કિરે ઈસ્લામ તથા અન્ય ઉલમાની કોશિશોથી દુનિયાભરમાં ખિદમત આપી રહેલ છે. **www.allamaazmi.com** વેબસાઈટનો પણ ઈજરા થયો. એ વેબ સાઈટમાં હઝરત મુફક્કિરે ઈસ્લામની ઓળખ તથા ખિદમતોની તફસીલ છે.

### ★ અલ્લામા આ'ઝમીને ખાસ સન્માન અપાયું ★

દાવતો તબ્લીગની આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીએ મુફક્કિરે ઈસ્લામ, ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમ, મુબલ્લિગે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી મિસ્બાહી مدظلہ العالی ની ખિદમતમાં તેમની પુષ્કળ પ્રમાણમાં દા'વતી ખિદમતોના લીધે ચાંદીથી સજ્જ નાલૈન શરીફ પેશ કર્યું તે ઉપરાંત નઝમમાં તૌસીફનામા પણ પેશ કર્યુ. આ સન્માન તેહરીકે સુન્ની દા'વતે ઈસ્લામીના વાદીએ ગૌષિયા, સરકસ ગ્રાઉન્ડ ખાતે થયેલ ઈજતેમામાં તા. ૧૦–૪–૨૦૧૧ના રોજ મુઈનુલ મશાઈખ હઝરત સૈયદ મુઈનુદ્દીન અશરફ અશરફી જીલાની مدظلہ العالی ના હાથે આપવામાં આવ્યું. મુફક્કિરે ઈસ્લામ સુન્ની દા'વતે ઈસ્લામીના સરપરસ્ત પણ છે એ લેહાઝથી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ પોતાના મોહસિનની ખિદમતોને ખિરાજે તેહસીન પેશ કરવા આ સન્માન કર્યું.

# સદકા ખયરાતની ફઝીલત અને આપણે...

સદકાની ફઝીલત જાણતા પહેલાં સદકાના પ્રકાર વિશે સામાન્ય સમજ મેળવી લઈએ. સામાન્યતઃ જે સદકો, રકમ કે જાનવર કે ગોશ્ત કે સદકાની અન્ય ચીજ એ નિય્યતે સદકા ખૈરાત રૂપે કોઈ વ્યક્તિને કે દારુલ ઉલૂમમાં મોકલવામાં આવે છે કે આવનારી બલા ટળી જાય તથા જાન માલના સદકા રૂપે આપવામાં આવે છે, તો એ સદકો ''નફલી સદકો'' છે એનો ઉપયોગ માલદાર, ગરીબ તથા સૈયદ, ગૈર સૈયદ દરેક કટી શકે છે. (દુર્રે મુખ્તાર) હા ! જે સદકો કસમના કફ્ફારા પેટે તથા ''નઝરે શરઈ'' એટલે એવી મન્નત માની હોય કે આ કામ થઈ જશે તો આટલી રકમ ગરીબોને આપી દઈશ તો આ ''સદકો વાજિબ'' ગણાશે જેને માલદાર તથા સૈયદને આપી શકાશે નહીં.

આજે આપણી હાલત એવી છે કે કોઈને ડોકટર કહી આપે કે તમારી શરીરની આ તકલીફ માટે આવો ઈલાજ, આવો ટેસ્ટ કઢાવવો પડશે અને આવુ ઓપરેશન કરાવવું પડશે અને તેનો આટલા હજાર કે આટલા લાખ ખર્ચ થશે, તો આપણા લોકો પોતાની હૈસિયત પ્રમાણે સત્વરે તેના પર અમલ કરે છે, અને લાખો લાખ ખર્ચી કાઢે છે, પછી ફાયદો થાય ન થાય અલગ વાત છે. **જેમની વાતમાં કોઈ ગેરંટી નથી તેના પર યકીન કરીને તાત્કાલિક અમલ આપણા લોકો કરે છે, પણ આપણો સર્જનહાર, પરવરદિગાર અલ્લાહ ﷻ તથા તેના ચહીતા રસૂલેપાક ﷺ જે વાતો દુનિયા તથા આખેરતના લાભની ફર્માવે છે તેના તરફ ધ્યાન કરવામાં પણ આપણે સુસ્ત છીએ અને અમલમાં એથી વધુ સુસ્ત છીએ !** (ઈલ્લા માશાઅલ્લાહ !) આવો ! ઈમાનની એ કમજોરી તથા સુસ્તીને દૂર કરી ઈસ્લામ તથા ઈમાનની બરકતોથી માલામાલ થઈએ અને દુનિયા તથા આખેરતની મુસીબતોનો ઈલાજ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના ફર્માનોમાંથી પામીએ.

### ★ રબનું ફર્માન : ઘણો જ અધિક બદલો મળશે ! ★

અલ્લાહ جَلَّ جَلَالُہٗ એ ફર્માવ્યું :–

**اِنَّ الْمُتَصَدِّقِیْنَ وَالْمُتَصَدِّقَاتِ وَاَقْرِضُوا اللّٰہَ قَرْضاً حَسَناً یُضَاعِفُ لَھُمْ وَلَھُمْ اَجْرٌ کَرِیْمٌ**

''બેશક ! સદકો આપનાર પુરૂષો તથા સ્ત્રીઓ અને કર્ઝે હસ્ના આપનારાઓ માટે 'ઘણો જ વધારે બદલો' છે, બલ્કે એમના માટે અજરે કરીમ છે.'' *(સૂ. હદીદ, આયત : ૧૮, પારા : ૨૭)*

હે મુસલમાનો ! વિચારો ! આપણે જે દુનિયામાં રહીએ છીએ તે આપણને કેટલી મોટી જણાય છે તથા એમાં રહેલ માલ, દૌલત, સંપત્તિ, જમીનો, ખનીજો, ખાણો, તેલના ભંડારો તથા અન્ય ચીજોની મિલ્કતો જોઈને આપણે અંજાયને અધધ કરીએ છીએ ! એટલી માલ મત્તા દુનિયામાં છે. કોઈ માણસ પાસે થોડોક જમીનનો ટુકડો આવી જાય તો કહે છે, અહીંથી તમારી નજર જાય છે ત્યાં સુધી બધું જ આપણુ છે ! આ ચોતરફ ફેલાયલી પ્રોપર્ટીનો હું માલિક છું ! વગેરે વગેરે. સારાંશ કે માણસને દુનિયાની અમુક જમીન, સંપત્તિ કે માલ સહેજ વધારે પ્રમાણમાં મળી જાય તો છાતી ફુલાઈ જાય છે કે આપણી રોજની આવક આટલા લાખ કે આટલા કરોડ છે !!.... પણ આટલી મોટી દુનિયા અને તેની પ્રોપર્ટી માટે રબ ફર્માવે છે, **قل متاع الدنیا قلیل ''દુનિયાની માલમત્તા ખૂબ થોડી છે !''** (સૂ. *નિસાઅ, આયત : ૭૭, પારા : ૫)* (સુબ્હાનલ્લાહ !) તે જ રબ જે ચીજના માટે કહી આપે કે ''ઘણો જ વધારે !'' વધારે નહીં ''ઘણો જ વધારે !'' તો **વિચારો**

**એ બદલો કેટલો વધારે અને કેટલો મહાન હશે તેની કોઈ ઈન્સાની દિમાગ કલ્પના કરી શકે છે ?! નહીં ! હરગિઝ નહીં !** તો સદક઼ો આપનારાઓ માટે અલ્લાહ તઆલાના ફ઼ર્માન પ્રમાણે ''ઘણો જ વધારે'' બદલો છે, જેથી સદક઼ા ખયરાતની આદત રાખવી એ નસીબદાર તથા સમજદાર મુસલમાનનું જ કામ છે.

**★ ક઼બ્ર તથા ક઼યામતની ગરમીથી બચવુ છે ! ★**

રહમતે આલમ ગયબદાં રસૂલ ﷺ ક઼બ્ર તથા ક઼યામતમાં થનાર ગયબની વાતો બતાવતાં ફ઼ર્માવે છે : **''દરેક શખ્સ પોતાના સદક઼ાના છાંયડામાં હશે જ્યાં સુધી લોકોના અમલોનો ફૈંસલો નહીં કરી લેવામાં આવે.''** તેમજ ફ઼ર્માવ્યું, **બેશક ! સદક઼ો આપનારાઓને ક઼બ્રમાં ગરમી મેહસૂસ પણ નહીં થાય તેમજ ક઼યામતના દિવસે ઈમાનદાર પોતાના સદક઼ાઓના છાંયડામાં હશે.** *(બયહક઼ી)*

હે મુસલમાનો ! હે નબી કરીમ ﷺના ચાહકો ! આપણા પ્યારા આક઼ા ﷺએ આપણી લાગણીમાં તથા ભલાઈમાં એડવાન્સમાં ખબર કરી આપી કે ક઼બ્રમાં ક઼યામતમાં ગરમીથી બચવા ચાહો છો અને છાંયડાની ઠંડક ચાહો છો તો સદક઼ો કર્યા કરો. હજી આપણે જીવીએ છીએ તો **જીવતા જીવત તમારી દૌલતને તમારા હાથે જ સદક઼ા ખૈરાતમાં ખર્ચ કરતા રહો !** પાછલાઓના ભરોસે ન રહેશો ! કે તે તમારા બાદ ઈસાલે સવાબ કરશે ! **વર્તમાન દૌર દુન્યાપરસ્તીનો દૌર છે, તીજીયાના ફાતિહાની રસમ કરીને સૌ પોત પોતાના ધંધે લાગી જશે અને તમે છોડેલી દૌલતનો ક઼બજો જમાવી પોતાની સમજીને મન ફાવે ત્યાં ખર્ચશે.** જેથી જાતે જ પોતાના હાથે સદક઼ા ખૈરાત કર્યા કરો.

**★ સદક઼ાથી માલ ઘટશે નહીં વધશે ! ★**

વર્તમાનકાળમાં લગભગ લોકો જાણે છે અને ઘણાએ લાલચમાં અનુભવ્યું પણ છે કે **એકના ડબલ કરવા માટે છેતરપિંડીનો ધંધો કરનારા ઠગ જેવા લોકોને રકમો આપી અને છેવટમાં અમીરમાંથી ફ઼ક઼ીર બની ગયા !** ફાસિક઼ ફાજિર જૂઠા દુનિયાદારોની મીઠી વાતોમાં એકના ડબલ કરવા તો આપણા ભાઈ બહેનો લલચાઈ જાય છે પણ આ તરફ એમનું ધ્યાન નથી જતું ! નફો પામવાનો આપણે ટ્રેક જ ખોટો પકડયો છે ! ખરો ટ્રેક આ છે ! આવો ! ક઼યામતમાં સૌથી સાચા એવા અલ્લાહના મહબૂબ અને આપ્યા પ્યારા નબી علیہ الصلوٰۃ والسلام શું લાભની વાત દર્શાવે છે તે જોઈએ :–

તિબ્રાનીમાં નબી કરીમ ﷺએ ફ઼ર્માવ્યું, ''પોતાની જાત માટે સદક઼ો તથા ખયરાત આપવાનું લાઝિમ (અનિવાર્ય) કરી લો, કેમ કે એના સબબે છ **નેઅમતો વધે છે, ત્રણ દુનિયામાં અને ત્રણ આખેરતની.** દુનિયામાં રોજીમાં અધિકતા, માલ તથા દૌલતમાં વધારો થાય છે અને શહેરોની આબાદીનો સબબ છે. આખેરતમાં પર્દાપોશી થશે (ગુનાહો જાહેર નહીં થાય, માફ઼ થઈ જશે),માથા પર સાયો રહેશે અને જહન્નમથી મેહફ઼ૂઝ઼ કરી દેવામાં આવશે.'' *(તિબ્રાની)*

દુનિયાનું જીવન શું છે ? કદી વિચાર્યું ? દુનિયા આખેરતમાં છૂટકારો પામવા માટેનો પરીક્ષાખંડ છે ! સમજો ! મુસલમાનની જિંદગીનો મુખ્ય હેતુ આખેરતમાં નજાત મેળવવી છે, તો નજાત પામવાનાં કામો કરશો તો જ પરીક્ષામાં પાસ થશો, નહીં તો લાંબા કે હમેશાંના અઝાબમાં સપડાઈ જશો ! માટે હજી ફરીવાર ઉપરોક્ત **ફ઼ર્માને નબી** علیہ الصلوٰۃ والسلام**નો ઠંડા દિલે અભ્યાસ કરો અને શાનમાં સમજી જાવ ! અને સીધી લાઈનમાં ગુનાહો છોડીને જીવવા માંડો !** દુનિયાની ધમાલથી અંજાઈ ન જાવ ! અને સદક઼ા ખૈરાતથી આ પરીક્ષાના પાસિંગ માર્ક વધારતા ચાલો !

**★ સદક઼ો આવનારી મુસીબતો દૂર કરે છે ★**

આપણે મુસીબતમાં ફસાઈએ છીએ તો ''ડૂબતો તરણુ પકડે'' તેમ જૂઠા બનાવટી બાપુઓની પાસે દોડીએ છીએ અને તેમની ચુંગાલમાં ફસાઈને ક્યારેક અધિક મુસીબતોમાં અટવાઈ પડીએ છીએ. હા ! દુનિયામાં સાચી તથા દીનદાર, લાલચુ નહીં એવી

હસ્તીઓ છે તેમનાથી મુસીબતોના હલનો માર્ગ મળી શકે છે, પણ મોટાભાગે ઝબાનના ચબરાક ચાલાક ધંધાદારી બાપુઓના ઘણા લોકો શિકાર બનીને બર્બાદ થઈ જતા હોય છે. તો આવો ! આપણી દયા ખાનાર આપણા પ્યારા નબી ﷺ મુસીબત દૂર કરવા શું ફર્માવે છે તે જુઓ :–

હઝરત ઈબ્ને અબી હમ્ઝા رحمۃ اللہ علیہ શરહે બુખારીમાં ફર્માવે છે, નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, **"સદક઼ા વડે પોતાની મુશ્કિલકુશાઈ (મુશ્કેલી હલ) કરો અને પોતાની હાજતની પૂર્ણતા માટે એને અમલમાં લાવો."**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એક શખ્સે અરજ કરી કે મારો પુત્ર દરિયાઈ સફરમાં છે, દુઆ કરો કે સહી સલામત પાછો ઘરે આવી જાય. આપે ફર્માવ્યું, તેના તરફથી સદક઼ા તથા ખયરાત કરો. પેલી બાજુ સમુદ્રમાં એ વખતે તોફાન ખડુ થયુ હતું અને તેની નાવ ડૂબવાના આરે હતી. જ્યારે તે શખ્સે પોતાના પુત્રની તરફથી સદક઼ો અદા કર્યો તો અવાજ સંભળાયો, તમારા માટે સલામતી છે, અલ્લાહ તઆલાએ તમારો સદક઼ો ક઼બૂલ ફર્માવ્યો. જ્યારે છોકરો સહી સલામત ઘરે પરત આવ્યો તો પૂરો બનાવ કહી સંભળાવ્યો કે અમારો બેડો તમારા સદક઼ાની બરકતથી પાર ઉતર્યો. *(નુઝહતુલ મજાલિસ, ભાગ : ૧)*

### ★ સદક઼ાથી મુસીબત ટળવાનો એક અજબનો બનાવ ! ★

એક શખ્સ પોતાનો કોથો ભૂસા વડે ભારી રહ્યો હતો. ત્યાં છોકરા રમી રહ્યા હતા એમાંથી એક છોકરો કોથાના કાણામાંથી પડયો અને ભૂસામાં દબાઈ ગયો, કોઈને ખબર સુદ્ધાં ન પડી, અને પછી કોથાના કાણાને બંધ કરીને તેને લીપી દેવામાં આવ્યો. (જેમ કે ખેડૂતો કરે છે) પુષ્કળ તલાશ કરવા છતાં છોકરો ન મળ્યો તો તેની માએ નિરાશ થઈને વિચાર્યું કે તે ક્યાંક મૃત્યુ પામી ચૂક્યો છે. જેથી દરરોજ તેના ઈસાલે સવાબ માટે એક રોટલી ખયરાત કરવા લાગી, ત્યાં સુધી કે કોથાના મુખમાંથી ક્રમે ક્રમે ભૂસુ કાઢતાં કાઢતાં છેવટે ભૂસુ ખત્મ થવા આવ્યું અને તે જ છોકરો રોટી હાથમાં રાખીને બહાર નીકળી આવ્યો. જ્યારે તેને તેની માં પાસે પહોંચાડવામાં આવ્યો તો તેની હાલત વિશે પૂછતાં તેણે જણાવ્યું કે, અમ્મી જાન ! જ્યારે રાત થતી તો એક શખ્સ મારી પાસે એક રોટી લાવ્યા કરતો તેને હું ખાઈ લેતો અને જ્યાં સુધી હું સૂઈ ન જતો ત્યાં સુધી મારું દિલ બહેલાવવા તે વાતો કર્યા કરતો. સારાંશ કે આ સર્વ સદક઼ા તથા ખયરાતની બરકત છે કે અલ્લાહ તઆલાએ તારાથી તારા ફરઝંદને ફરી મિલાવી આપ્યો. *(હવાલો : ઉપર મુજબ)*

### ★ તદ્દન ગરીબ પણ સદક઼ો કરી શકે છે ! ★

હઝરત મકહૂલ તાબઈ رضی اللہ عنہ ફર્માવે છે, **જ્યારે ઈમાનદાર સદક઼ો આપે છે તો દોઝખ શુક્રનો સજદો કરે છે કે ઉમ્મતે મુસ્તફ઼ાનો એક શખ્સ મારાથી બચી તો ગયો !** નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, દોઝખથી પોતે પોતાને બચાવો, ભલે એક ખજૂરનો જ સદક઼ો કરવો પડે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જેની પાસે સદક઼ો કરવા માટે કોઈ ચીજ મૌજૂદ ન હોય તે "તસ્બીહ કરે" અને "હમ્દો ષના" કરે, તે જ એના માટે સદક઼ો ગણાશે. જેની પાસે સદક઼ો કરવા કાંઈ ન હોય તો આ પ્રમાણે પઢયા કરે :–

**اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ عَبْدِکَ وَرَسُوْلِکَ وَصَلِّ عَلَی الْمُؤْمِنِیْنَ وَالْمُؤْمِنَاتِ اَلْاَحْیَاءِ مِنْھُمْ وَالْاَمْوَاتِ**

હદીષ શરીફમાં છે કે, મુસલમાનનું મુસલમાન સાથે ખુશ થઈને મુલાકાત કરવું પણ સદક઼ો છે. *(નુઝહતુલ મજાલિસ, ભાગ : ૧)*

### ★ એક ગુલામના સદક઼ાની બરકતોનો હાલ ★

કહેવાય છે કે હઝરત મન્સૂર બિન અમ્માર رحمۃ اللہ علیہ વઅઝ ફર્માવી રહ્યા હતા. સાંભળનારાઓમાંથી એક જણે ચાર દિરહમ માંગ્યા. આપે ફર્માવ્યું, જે કોઈ એને ચાર દિરહમ આપશે તેના માટે હું ચાર દુઆઓ કરીશ. એક યહૂદીનો ગુલામ ઊભો થયો અને તેણે

ચાર દિરહમ આપતાં કહ્યું કે મારા માટે આ ચાર દુઆઓ ફર્માવો, "હું ગુલામ છું આઝાદી મળે, ગરીબ છું માલદારી મળે, ગુનેહગાર છું મગફેરત થઈ જાય અને મારો ગૈર મુસ્લિમ માલિક ઈસ્લામ સ્વીકારી લે!"

હઝરત મન્સૂરે દુઆ ફર્માવી આપી. જ્યારે તે ઘરે પહોંચ્યો તો માલિકે પૂછયું, તેં મોડું શા માટે કર્યુ ? તે કહેવા લાગ્યો કે હું મન્સૂર બિન અમ્મારનો વઅઝ સાંભળવા લાગ્યો અને મેં ચાર દિરહમના સદક઼ામાં આ ચાર દુઆઓ હાંસલ કરી છે : એક મારી આઝાદીના માટે હતી. તે માલિકે કહ્યું, સારું જા ! મેં તને આઝાદ કર્યો. તેણે કહ્યું, બીજી દુઆ એ હતી કે મારી મોહતાજી દૂર થાય. માલિકે તેને ચાર હજાર દિરહમ આપી દીધા. તેણે કહ્યું, એક દુઆ એ હતી કે તમને ઈસ્લામની દૌલત મળે. માલિકે તુરત જ કલ્મો પઢયો અને મુસલમાન થઈ ગયો. ચોથી દુઆ મારા માટે અને તમારા માટે મગફેરત તથા બખ્શિશની હતી. તે કહેવા લાગ્યો આ મારી શક્તિ બહારની વાત છે. રાતે તેણે ખ્વાબ જોયો કે કોઈ કહેનાર કહી રહ્યો છે, જે કાંઈ તારી કુદરતમાં હતું તે તેં કર્યું અને જે અમારી કુદરતમાં છે તેને અમે કરીએ છીએ. સાંભળ ! મેં તને, તારા ગુલામને, વાઈઝને તથા સર્વ હાજરજનોને મારી મગફેરતથી નવાજી આપ્યા. (સુબ્હાનલ્લાહ !) *(નુઝહતુલ મજાલિસ, ભાગ : ૧)*

## ★ નમક, પાણી તથા આગના સદક઼ાનો ફાયદો ★

હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ નબી કરીમ صلی اللہ علیہ وسلم ને અર્ઝ કરી કે એ કઈ ચીજો છે જેને આપવામાં કોઈ પ્રકારની શરઈ મનાઈ નથી ? ફર્માવ્યું, નમક (મીઠુ), પાણી તથા આગ. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم પાણીના બારામાં તો સમજમાં આવે છે કે એ ઘણુ જ ફાયદાકારક છે પણ આગ તથા નમક (મીઠુ) બાબતે ખુલાસો કરશો. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જે સદક઼ામાં મીઠુ આપ્યું અને તે **મીઠા (નમક) વડે જેટલી ચીજો સ્વાદિષ્ટ બની તે સર્વ તેણે ખુદાની રાહમાં સદક઼ો કર્યા બરાબર સવાબ તેને મળશે.** એ જ પ્રમાણે આગથી કોઈકે ફાયદો ઉઠાવ્યો અને એ **આગથી જેટલી ચીજો તૈયાર થઈ તો જાણે તે શખ્સે તે સૌનો સદક઼ો આપ્યો.** અને જે શખ્સે **તરસ્યાને એક ઘૂંટડો પાણી પીવડાવ્યું તો જાણે કે તેણે મુડદાને જીવતુ કરી આપ્યું.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે **જેણે માર્ગમાં પાણીની પરબ લગાડી તેના પર અલ્લાહ તઆલા દરરોજ બે વાર રહમતની નજર ફર્માવે છે.** *(હવાલો : ઉપર મુજબ)*


**ઈશ્ક઼ે નબીમાં ચૂર તથા મસ્લકે આ'લા હઝરતમાં પુખ્તા કરનારાં ઈમાનની મજબૂતી તથા અમલની સુધારણા માટે બયાનાત તથા નઅતની સી.ડી. મંગાવો**

★ મુફક્કિરે ઈસ્લામ **હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી** (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)નાં વલવલાઅંગેઝ દિલ હચમચાવનારાં બયાનો

★ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**નાં દિલોમાં ઈન્કિલાબ પેદા કરનારાં બયાનો

★ ઔલાદે ગૌષે આ'ઝમ એટલે આલે રસૂલ **હઝરત મૌલાના અમીન અલી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ના માલૂમાતી, ફિક્રી દિલમાં ઈમાની નૂર ભરી દેતાં બયાનો તેમજ બુલબુલે બાગે મદીના, **અલ્હાજ ક઼ારી રિઝવાનખાન સાહબ** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)ના મધૂર અવાજમાં નઅતોના ગુલદસ્તાઓ મેળવવા સંપર્ક કરો :–

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

## બરકાતે ખ્વાજાની ટપાલ.......... કાર્યાલય

### ★ "બરકાતે ખ્વાજા" મંથલી હક્કો બાતિલમેં ફર્ક કે લિયે બહોત અચ્છા હૈ ! ★

મોહતરમ આલી જનાબ અલ્હાજ શબ્બીર સાહબ, તંત્રી : માહનામા "બરકાતે ખ્વાજા", ખૈરિયત તરફૈન નેક મતલૂબ, બાદ સલામ લિખને કા યે હૈ કિ માહનામા "બરકાતે ખ્વાજા" કા કઈ મુદ્દત સે મુતાલિઆ કરતા હૂં. ઔર કઈ મઝમૂનોં કા મુતાલિઆ કિયા. આપને જો કલમ ઉઠાઈ હક્ક વ બાતિલમેં ફર્ક કે લિયે બહોત અચ્છી બાત હૈ કિ આજ કે પુરફિતન દૌરમેં જો બુખારી કી ઈબારત નહીં પઢ પાતા વો ઈન્સાન કે ભી દિલો દિમાગમેં બાત આ સકતી હૈ કિ હક્ક વ બાતિલ ક્યા હૈ ? આપ કે રસાઈલમેં આજ કે "અઈમ્માએ કિરામ કા રોલ ક્યા હોના ચાહિએ ?" વો મઝમૂન શાએ હુઆ થા પઢકર બહુત ખુશી હુઈ. દુઆગો હું મૌલા તમામ અઈમ્માએ કિરામ કો ઈસ મઝમૂન પર અમલ કરને કિ તૌફીક અતા ફર્માએ, ઔર આપકો ઉમ્ર દરાઝી અતા ફર્માએ, ઔર ઈસી તરીકે સે દીનો સુન્નિયત કી ખિદમત કરતે રહેં. દર અસ્લ બાત યે હૈ કિ આજ કે અઈમ્મા પૈસોં કે ખાતિર સુન્ની કા લડકા હો વહાબી કી લડકી હો, યા લડકી સુન્ની હો લળકા વહાબી યા દોનોં વહાબી હો ફિર ભી નિકાહ પઢા દેતે હૈં ઉસ્કે મુતઅલ્લિક મઝમૂન ખાસ તૌર પર લિખને કી ઝરૂરત હૈ. તા કિ અગર સુન્ની ઈમામ ઐસા નિકાહ નહીં પઢાએગા તો લોગ સોચેંગે, રૂકેંગે ઔર વહાબી કી બીમારી ઉસ્કે ઘરમેં દાખિલ હો હી નહીં સકતી. દુઆઓં મેં યાદ રખ્ખે.

*–ગુલામ મહબૂબ સુબ્હાની (પંચમહાલ)*

### ★ બરકાતે ખ્વાજા (માસિક) લાજવાબ ! ★

મુબલ્લિગે એહલે સુન્નત જનાબ શબ્બીર અલી રઝવી સાહબ, અસ્સલામુ અલૈકુમ, "બરકાતે ખ્વાજા" મંથલી એપ્રિલ : ૨૦૧૧નો અંક મારી સમક્ષ છે. જેમાં તંત્રી લેખ "દેવબંદી ઉલમા આઝાદીના લડવૈયા કે અંગ્રેજોના વફાદાર ?" વાંચન કરી ઘણી દિલી ખુશી થઈ. આ લેખમાં તમે દેવબંદી ઉલમાની અંગ્રેઝનવાઝી અને તેમની વફાદારી ઘણી સરસ પદ્ધતિથી વર્ણન કરી પબ્લિક સામે આજથી ૧૫૦ વરસ જૂનો સાચો ઈતિહાસ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો અને હિંદુ લેખક "કાંતિલાલ"ની ખોટી સમજનો પણ જડબાતોડ જવાબ આપ્યો. મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી સાહબે પણ મુજદ્દિદે આ'ઝમ "ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાને બેનિયાઝી" વિશે ઘણો સરસ લેખ લખ્યો અને ઢોંગી, લાલચી બાપુઓ, આલિમો અને પેશાવર મુકર્રિરો માટે બોધ અને નસીહતનો તોહફો પેશ કર્યો. (મુબારકબાદ !)

અલ્લાહ તઆલા તમારા ઈલ્મ, અમલ અને ઉંમરમાં બરકત અતા ફર્માવે, અને હસદ કરવાવાળાઓના હસદથી અને દુશ્મનોની દુશ્મનીથી તમારી હિફાઝત કરે અને તમારી જેમ ખિદમત કરવાવાળા હમદર્દ, મુખ્લિસ ઈસ્લામના મુબલ્લિગો અને આલિમો પેદા ફર્માવે. (આમીન) *–અલ્તાફ હુસૈન (કુરચણ) તાલિબે ઈલ્મ : જામિઆ અશ્રફિયા, મુબારકપુર*

**મુંબઈ** : થી સુબા ઈબ્રાહીમ પટેલ (ગ્રાહક નં. : ૧૧૫૯૪) જણાવે છે કે તા. ૨૯/૪/૨૦૧૧ના રોજ સાદિક સુબા ઈબ્રાહીમ કુરચણવાલાના નિકાહ પરીએજ નિવાસી શેરબાનુ યાકૂબ પટેલની સાથે થયેલ છે. મસ્જિદે ફુર્કાનિયાના ઈમામ મુફતી સલીમ અખ્તર થકી જુમ્આની નમાઝ બાદ નિકાહ થયેલ છે. તેની ખુશીમાં રૂા. ૨૦૧/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ આપેલ છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી*

### ★ શાદી મુબારક હો ! ★

**લુવારા** : હાજી ભીખા (યૂસુફ) અહમદ પટેલના નેક ફરઝંદ ઈમરાનની નિકાહખ્વાની તા. ૧૧–૫–૨૦૧૧, ૭ જમાદિઉલ આખર હિ.સ.

૧૪૩૨ જુમેરાતે સાંસરોદ હસન લાખાની નેક દુખ્તર મેહફૂઝાબાનુ સાથે રાખવામાં આવી. (મુબારકબાદ!) *–તંત્રી*

**ભાલેજ** : (તા. જિ. આણંદ) મુકામે મલેક યાસીનમિયાં હબીબમિયાંના નેક ફરઝંદ શકીલ મુહમ્મદના નિકાહ શબાનાબાનુ સાથે તથા અમારા મિત્ર જનાબ હાફેઝ સઈદ મુહમ્મદના નિકાહ આલિમા મેહઝબીન સાથે ૨૭ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ તા. ૨–૫–૧૧ બરોઝ પીર રાખવામાં આવ્યા. (ખૂબ ખબ મુબારકબાદ !) *–તંત્રી*

**પચેગામ** : (તા. તારાપુર, જિ. આણંદ) બલોચ અલ્લારખા હુસૈનખાંના નેક ફરઝંદો ઈદરીસખાં, ફરઝાના તથા આઈશાના નિકાહ તા. ૧૧–૫–૨૦૧૧ના રોજ અનુક્રમે ફરઝાના, ઈદરીસખાં તથા ફારૂક સાથે અને બલોચ જુમ્આખાં હુસૈનખાંની નેક દુખ્તર શેહનાઝના નિકાહ રફીક સાથે રાખવામાં આવ્યા. (મુબારકબાદ !) *–તંત્રી*

**દયાદરા** : અમારા કોલજના સાથી મિત્ર જનાબ ઉસ્માનગની ઈબ્રાહીમ ખાન (હેપ્પી ગારમેન્ટસ)ની નેક દુખ્તર નસરીનના નિકાહ હાજી મુહમ્મદહનીફ મૂસા પટેલ અરગામાવાળાના નેક ફરઝંદ મોહસિન સાથે તા. ૧૨–૫–૨૦૧૧ના રોજ રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગે આગલી રાત્રે પટેલ સ્ટ્રીટમાં "મેહફિલે નઅત" સજાવવામાં આવી જેમાં જનાબ કારી ઈરફાન નમાઝી તથા અન્ય નઅતખ્વાં હઝરાતે હમ્દ, નઅત તથા મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. શાદીની ખુશીમાં ઉષ્માનભાઈ તરફથી "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૨૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી*

**બીરપુર શરીફ** : થી પીરે તરીકત હઝરત સૈયદ સફીયુલ્લાબાવા તેમજ અન્ય બિરાદર હઝરાત મદનીબાવા, યૂસુફબાવાની યાદી જણાવે છે કે હઝરત પીરાની અમ્મા સૈયદા ઉમ્મુલ ખૈર આમેના બીબી ફતેહ મુહમ્મદ પીરઝાદા દરિયાઈ કાદરી رضی اللہ عنہاની વરસીના મૌકા પર કુર્આનખ્વાની તથા ફાતેહાખ્વાનીનો પ્રોગ્રામ તા. ૧૫–૫–૨૦૧૧ ઈતવાર, મુા. ચાંદ : ૧૧, જમાદીઉલ આખર હિ.સ. ૧૪૩૨, સુબ્હ ૮.૦૦ થી ૧૨.૦૦ સુધી બીરપુર શરીફ રાખવામાં આવ્યો. જેમાં પુષ્કળ અકીદતમંદો મુરીદોએ હાજરી આપી. મૌલા તઆલા મર્હૂમાની મગફેરત ફર્માવે, દરજાઓ બુલંદ ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**રાજકોટ** : અહલે સુન્નતની હસ્તી ખતીબુલ હિંદ હઝરતુલ અલ્લામા મૌલાના વ મુર્શિદના સૈયદ શાહ ઈશ્ત્યાક આલમ સાહબ સજ્જાદાનશીન ખાનકાહે અહલે શાહબામિયાં ભાગલપુર (બિહાર) તા. ૫–૫–૨૦૧૧ના રોજ રાતના ત્રણ વાગે આ દારેફાનીથી રહેલત ફર્માવી ગયા. રાજકોટમાં તેમની ઝિયારત રાખવામાં આવેલ. તા. ૯–૬–૨૦૧૧ના રોજ ભાગલપુર મુકામે મર્હૂમનો ચેહલૂમ રાખવામાં આવેલ છે. *–રજૂકર્તા : હાજી અલ્લારખા ઉમરભાઈ ચાવડા (C/o. અનીસબાપુ કાદરી, રાજકોટ)*

**સૂરત** : તા. ૯–૫–૨૦૧૧ સોમવારે ઈશા બાદ મીઠીખાડી ખાતે ઔલાદે ગૌષે આ'ઝમ આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) સાહબે સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં નમાઝના વિષયે અતિ અસરકારક બયાન કર્યું હતું અને તા. ૧૦–૫–૨૦૧૧ મંગળવારે ઈશા બાદ હઝરત અકબર શહીદ મસ્જિદ પાસે મહબ્બતે રસૂલ ﷺના

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મોરિશિયસ તથા મલાવીના દૌરા પર

આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીના અમીર અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી તા. ૬–૫–૨૦૧૧ના મોરિશિયસ રવાના થયા. કામયાબ તબ્લીગી દૌરો રહ્યો જ્યાં આપનાં અનોખાં અકીદાની મજબૂતી તથા અમલની ઈસ્લાહનાં બયાનોથી અવામ ખૂબ ફયઝયાબ થઈ ત્યારબાદ મલાવી તબ્લીગી દૌરો કરી હઝરત ૧૪–૫–૨૦૧૧ના ઈન્ડિયા પરત તશરીફ લાવ્યા.

વિષય સાથે વહાબી દેવબંદીઓના પેશ્વાની કિતાબોનાં કુફ્રી લખાણો પેશ કરી કુર્આન હદીષથી તેની ભરપુર દલીલબદ્ધ રદ કરી સુલેહકુલ્લિયતથી દૂર રહેવા તથા ગુસ્તાખોથી સંબંધ કટ કરવા જોરદાર રજૂઆતો કરીને ''મસ્લકે આ'લા હઝરત''નો નારો બુલંદ કર્યો હતો. બંને ઈજતેમાઓમાં ભરપુર સુન્ની યુવાનો વડીલોએ હાજરી આપી હતી.

*–રજૂકર્તા : હાફેઝ અમીનુદ્દીન (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત બ્રાન્ચ)*

**જુનાગઢ** : ૧૦–૪–૨૦૧૧, રવિવારે સવારે ૯.૦૦ કલાકે જમાલવાડી મસ્જિદે કરીમા કંપાઉન્ડમાં સંજરી સોશ્યલ ટ્રસ્ટ તરફથી છટ્ઠી (૧૧) સમૂહ શાદી (ઈજતેમાઈ નિકાહ)નું શાનદાર આયોજન શરીઅત મુજબ ખાનકાહે રઝવિય્યહના ગાદીનશીન શેહઝાદાએ હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત હઝરત મૌલાના ગુલબઝારબાપુ નૂરી રઝવીના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવેલ જેમાં ઉલમાએ કિરામ, સાદાતે એઝામ તેમજ સમાજના આગેવાનો, ડોકટરો, વકીલો વરિષ્ઠ પત્રકારો તેમજ જૂનાગઢ મહા નગરપાલિકાના મહાનુભાવો ઉપસ્થિત રહેલ તેમ સંજરી સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ અબ્દુલ વહાબભાઈ અબ્દુલ રઝાઝકભાઈ કુરૈશીની યાદી જણાવે છે.

**કામસોલી** : થી જનાબ હાફેઝ સાજિદ ટંકારીબંદરવાળા સાહબે ''મદ્રસા ફયઝાને રઝા–કામસોલી''માં તલબાના ઈમ્તેહાનનો રિપોર્ટ મોકલ્યો છે. મુમ્તહિન જનાબ મૌલાના અ. કાદર રાજપારડીવાળા સાહબે બાળકોની કુર્આન, કિતાબ તથા દીનીયાતની ઈમ્તેહાન લીધી જેમાં જનાબ હાફેઝ સાજિદ સાહબની મહેનત રંગ લાવી છે અને તલબા ખૂબ જ સારી તર્બિયત પામેલ છે એવું જણાવ્યું છે. ૧ થી ૩ નંબર લાવનાર બાળકોને ઈનામો પણ આપવામાં આવ્યા હતાં. હાફેઝ સાહબને મુબારકબાદ ! *–તંત્રી*

**પાલેજ** : (તા. જિ. ભરૂચ) ખાતે દર શનિવારે ધનજીશા જીનમાં હપ્તાવારી ઈજતેમા શરૂ કરેલ છે ''સુન્ની ઈસ્લામિક તર્બિયતી સેન્ટર''માં દર શનિવારે ઈશા બાદ ૪૦ મિનિટનો દર્સ અપાય છે જેમાં વિવિધ મુકર્રિરો લાભદાયી તથા ઈસ્લામી જીવન પદ્ધતિ પ્રતિ આકર્ષનાર છે. જેથી ઉમ્મીદ છે કે પાલેજ તથા આસપાસના ભાઈઓ ત્યાં હાજરી આપશે. બહેનો માટે અલગ બાપર્દા બેઠક વ્યવસ્થા છે. સુન્ની ઈસ્લામિક તર્બિયતી સેન્ટર, વાદીએ રઝા, ધનજીશા જીન, બ્રાઈટ ટયૂશન ક્લાસિસ (પાલેજ)

*–રજૂકર્તા : યાકૂબ વાય. પટેલ (પાલેજ)*

**મોતીપુરા** : (તા. ડભોઈ, જિ. વડોદરા) ખાતે ''મદ્રસા ગુલશને બગદાદ''ની સંગે બુન્યાદ તા. ૧–૫–૨૦૧૧ રવિવારે સવારે ૧૦ વાગ્યે હઝરત પીરઝાદા સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી દરિયાઈ સાહબ તથા હઝરત આરિફબાવા કઠોરવાલા તથા અન્ય સાદાતે કિરામના મુબારક હાથો વડે રાખવામાં આવી. હઝરત સૈયદ ઝાકિરઅલી બાવા ટુંડાવવાળાની તકરીર થઈ હતી. સલાતો સલામ દુઆ બાદ ન્યાઝ ખવડાવી.

*–રજૂકર્તા : સહારા સુન્ની કમિટી (મોતીપુરા)*

## ★ ઈન્તેકાલે પુરમલાલ ★

**ટંકારીઆ** : મુકામે ઐયૂબ સુલેમાન દેગ માસ્તરનો તા. ૨૩–૪–૨૦૧૧ શનિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે.

**દયાદરા** : મુકામે તા. ૪–૫–૨૦૧૧ બુધવારના રોજ એમણાબેન આદમભાઈ તયરા વોરાસમનીવાલાનો ઈન્તેકાલ થઈ ગયો છે તેમજ તા. ૪–૫–૨૦૧૧ બુધવારના રોજ માસ્તર અબ્દુલ માસ્તર સાંખીના બહેન હુરીબેનનો ઈન્તેકાલ થઈ ગયો છે. તથા તા. ૧૨–૫–૨૦૧૧ જુમેરાતે જમીલ માસ્તરનો ઈન્તેકાલ થઈ ગયો છે. સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવી મગફેરતની દુઆ કરવામાં આવી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ આપે. (આમીન) *–તંત્રી*

**★ નસવાડીમાં દીની દુનિયવી શિક્ષણના ઈદારામાં પ્રવેશ મેળવો ★**

નસવાડી મુક઼ામે ચાલતા મદ્રસા "ફયઝાને આ'લા હઝરત" (સુન્ની બરેલ્વી બચ્ચોં કા ઘર)માં ધોરણ : ૫ થી ૧૨ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દાખલ થવા ઈચ્છતા હોય તેઓએ પહેલી જૂન–૨૦૧૧ સુધીમાં નીચેના સરનામે સંપર્ક કરવો. દુનિયવી શિક્ષણ સાથે દીની શિક્ષણ તેમજ રહેવા જમવાની સંપૂર્ણ વ્યવસ્થા છે.સંપર્ક કરો :– **મદ્રસા ફયઝાને આ'લા હઝરત** ઠે. મેમણ કોલોની, મુ.પો.તા. નસવાડી, જિ.વડોદરા, ફોન : ૦૨૬૬૧–૨૭૨૪૮૮, મો. ૯૪૨૭૯ ૩૯૧૫૦ (મેમણ હનીફભાઈ)

## પોસ્ટકાર્ડ લખીને અણમોલ કિતાબો મફત મંગાવો !

**૧. વાલિદૈને મુસ્તફા** صلی اللہ علیہ وسلم લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ
અનુવાદક : હાફેઝ મુહમ્મદનાશિર અશરફી રેડીયોવાલા

**૨. ફાતેહા તથા ઈસાલે સવાબ હદીષોની રોશનીમાં**

લેખક : મૌલાના મુહમ્મદ શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ
અનુવાદક : મૌલાના મુહમ્મદ સઈદ મિસ્બાહી (પીપળીયા, તા. વાગરા)

**૩. ૭૩માં એક કોણ ?!** *(બાતિલ ફિર્ક઼ાઓને પોતાનું હક્ક઼ હોવું સાબિત કરવા ચેલેંજ કરતી કિતાબ !)*
રજૂકર્તા : મોહક્કિક઼ે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી *(સદર મુફતી : જામિઆ અશરફિયા, મુબારકપુર)*
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી *(ખલીફા તાજુશ્શરીઅહ્, નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, ગુજરાત ઝોન, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**૪. ઈલ્મે ગયબે મુસ્તફા** صلی اللہ علیہ وسلم **કુર્આનની રોશનીમાં**

અઝ : પ્રોફેસર ડૉકટર મુહમ્મદ મસઊદ અહમદ મુજદ્દિદી رحمۃ اللہ علیہ (M.A.Ph.D.)
અનુવાદક : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી *(સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

પ્રકાશક : (૧) **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** (૨) **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**મદ્રસો બાંધવા સહાય કરો !**

**માળીયા હાટિના** : (જિ. જુનાગઢ) "મદ્રસાએ ક઼ાદરિયા ફૈઝે નૂરી" મુસ્લિમ બાળકોની તા'લીમ માટે ચાલે છે જેનું બાંધકામનું બજેટ પાંચથી સાત લાખ સુધીનું છે. તો મહમાનાને રસૂલ, દીનના તાલિબો માટે આ મદ્રસાના બાંધકામમાં પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે ભરપુર સહાયની અપીલ છે. સળી સિમેન્ટ, ઈંટો વગેરે પણ મોકલી શકો છો. ડાયરેક્ટ અથવા ખિઝરભાઈ નવીવાળા ધોરાજી થકી કામમાં સાથ આપો શકો છો. સંપર્ક કરો : કરીમભાઈ ઓસ્માણ ભટ્ટી, મછીયારા પરા, માળીયા હાટિના, જિ. જુનાગઢ–૩૬૨ ૨૪૫, મો. ૯૪૨૭૫ ૭૧૩૩૦ (બેંક **A/c No : 30523820710 SBI** નામ : કરીમ ઓસ્માણ તથા અમીન કાસમ મેમણ

# દીનો સુન્નિયતની મજબૂત ખિદમત માટે........

## ''બરકાતે ખ્વાજા''ના ગ્રાહક બનો તથા બનાવો !

***લાખોં બલાએં કરોડોં દુશ્મન-કૌન બચાએ ?! બચાતે યહ ﷺ હંય !***

★ *અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતનો પરચમ અલલ એલાન બુલંદ કરનારા........*

★ *''મસ્લકે આ'લા હઝરત''નો ડંકો દુનિયાભરના ગુજરાતી જગતમાં બજાવનારા......*

★ *સુન્નિયતના મોહરા પાછળ સુલેહકુલ્લિયતના પ્રખર પ્રણેતાઓને કશાય ડર વિના અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ની મહોબ્બતને ખાતર તેમના જ ભરોસે લોકો સમક્ષ ઉઘાડા કરનારા......*

★ *બાતિલ ફિર્કાઓની મુનાફિકાના ચાલોનો પર્દો ફાશ કરનારા.......*

★ *બેહયાઈની ગરમ બાઝારીમાં ઈસ્લામી હયાની અનેરી ઠંડક લહેરાવનારા.....*

★ *ઈસ્લામ બેઝારી તથા આઝાદ ખયાલીના ભામટાઓની ખબર લેનાર અને સહીહ શરીઅતે ઈસ્લામીનો પ્રચાર કરનારા.....*

★ *બનાવટી પીરો તથા ઢોંગી મુલ્લાઓના ધોકા ફરેબથી બચવા સાચા મહાન બુઝુર્ગોનાં કથનો તથા અમલો રજૂ કરીને પબ્લિકની આંખોથી પાટા હટાવનારા.....*

★ *ઈસ્લામ તથા બાનીએ ઈસ્લામ તેમજ કાનૂને ઈસ્લામ સામે ઉઠતાં ગુમરાહીના વાદળોના ફેલાતા અંધકારને ચીરવા ઈસ્લામી અસલ રૂહ તથા અમ્નો શાંતિના ઈસ્લામના પયગામોની રોશની ફેલાવનારા.....*

★ *કરન્ટ ઈસ્યુઝ પર બેબાક વિવેચન કરનારા...*

આ એક અને અનોખા અજોડ માસિક **''બરકાતે ખ્વાજા''**ના મેમ્બર બનો તથા બનાવો. મર્હૂમોના સવાબ અર્થે વિવિધ મસ્જિદોનાં સરનામાં સાથે લવાજમો મોકલો જેથી ઘણા લોકો વાંચશે અને સવાબ મર્હૂમને થશે. અફસોસ કે ઘણા ભાઈઓ એક વરસ પછી લવાજમ મોકલવામાં સુસ્તી કરે છે, તો આ માસિકના પયગામને સમજે અને **દીનો સુન્નિયતના પ્રચારનું મહત્વ** સમજીને **મસ્લકે આ'લા હઝરત**ના પયગામના ફેલાવા માટે લવાજમ દયાદરાના સરનામે એમ.ઓ. થકી કે આંગડીયા થકી મોકલી આપે. (આંગડીયા માટે ભરૂચનું સરનામુ છે : ''બરકાતે ખ્વાજા'' માસિક, C/o. ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ)

લિ. આપનો અદના ખાદિમ, ગુલામે ગૌષો ખ્વાજાઓ અશ્રફો રઝા

**પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## શાદી મુબારક

**દયાદરા** : જનાબ વલી માસ્તર માનાના નેક ફરઝંદ ઈમરાનના નિકાહ મછાસરાના નિવાસી સુલેમાન મુહમ્મદ ઉમરજી ગોંડાની નેક દુખ્તર સમીરાબાનુ સાથે તા. ૬–૩–૨૦૧૧ ના રવિવારના રોજ મછાસરા મુકામે થયેલ છે તો અલ્લાહ તઆલા દુલ્હા દુલ્હનના જીવનને ખુશીઓથી ભરી દે એવી દુઆ. –*તંત્રી*

**સાધલી** : જિ. વડોદરા, તા. ૧–૫–૨૦૧૧ના રોજ તરસાલી (વડોદરા) મુકામે અબ્દુલ અઝીઝભાઈ મેમણ સાધલીવાળાના નેક ફરઝંદ મુહમ્મદઅનીસની શાદી શબનમબાનુ (D/o. અબ્દુલ શકુરભાઈ મેમણ શીનોરવાલા) સાથે રાખવામાં આવી, જેની ખુશીમાં રૂા. ૧૦૦/– **''બરકાતે ખ્વાજા''** (માસિક)ને ઈમદાદ પેટે મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! –*તંત્રી*